




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


૧. પરમાર્થમાં જ સ્વાર્થ સમાયેલો ૧
૨. પાંડવોનો રાજસૂય યજ્ઞ અને વનવાસ ૨
૩. અનેક રોગોની એક દવા-પાણી ૫
૪. દરેક તોફાન પછી એક ઉત્સવ મનાવીએ ૬
૫. નૈતિકતાના યક્ષ પ્રશ્નો અને તેમનું વૈજ્ઞાનિક સમાધાન ૭
૬. ઋષિ આદર્શો નિભાવનાર કુલપતિ ૯
૭. પરાણે કથા સાંભળવાનું પણ ઉપયોગી થયું ૧૦
૮. વિષય-વિકારોમાંથી નિવૃત્તિનું સાધન-ઉપવાસ ૧૨
૯. અહંકારની ગાંઠ ખૂલે તો આત્મબોધ થાય ૧૬
૧૦. સમય સંપદાનો સદુપયોગ ૧૮
૧૧. ગુણ, સ્વભાવ અને આદતો ૨૨
૧૨. ભગવાન પાસેથી કઈ વાતની સ્પષ્ટતા માગીએ ૨૪
૧૩. ઊઠો ભારત ! સ્વયંને યોગમાં પ્રતિષ્ઠિત કરો ૨૬
૧૪. ચેતનાની શિખરયાત્રા ૩૧
૧૫. પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી- ભગવાનના અનુદાન કઈ શરતે મળે છે ૩૭
૧૬. આત્મીય અનુરોધ ૪૪
૧૭. અપનો સે અપની બાત ૪૭


# શ્રાવણી પર્વ

*મેઘ ગર્જનાની વાદ્યધૂન સાથે રિમ-ઝિમના ગીતો ગાતી લીલીછમ આકર્ષક ચાદર ઓઢેલ સંપૂર્ણ પ્રકૃતિ ઉત્સવ મનાવી રહી છે. આ હર્ષોત્સવ શ્રાવણી પર્વનું છે. શ્રાવણી સૃષ્ટિનું જન્મોત્સવ પર્વ છે. આ દિવસે પરમેશ્વરનો 'એકોઽહં બહુસ્યામ્' સંકલ્પ પ્રચલિત થયો. બહુ આયામી સૃષ્ટિ જન્મી. પ્રકૃતિની સૃજનાત્મક શક્તિમાં જીવનના અનેક રૂપરંગ અંકુરિત થયા. સર્વ સમર્થ પિતા પરમેશ્વરની કૃપાથી આદિમાતા પ્રકૃતિની ગોદ અગણિત સંતાનોથી ભરાઈ ગઈ. જગતને જન્મ દેનારી જગત્ માતાના ઉલ્લાસનું રહસ્ય આ છે. એમાં અનેક સંકેત છે, સંદેશ છે અને ભાગીદાર બનવા માટે આહ્વાન છે. માતા પ્રકૃતિના જ્યેષ્ઠ પુત્ર મનુષ્યની જવાબદારી કંઈક વધુ છે. શ્રાવણી પર્વ આ જવાબદારી રૂપી બોધનો અનુભવ કરવા તેને સાચા ઢંગથી નિભાવવા માટે સંકલ્પિત થવા માટેનો પર્વ છે.*

*શ્રાવણી પર્વ કરવામાં આવેલ હેમાદ્રિ સંકલ્પ બ્રાહ્મણત્વ તથા ઋષિત્વના સંવર્ધન માટે છે. એમાં આંતરિક તેમજ બાહ્ય સંપૂર્ણ પ્રકૃતિને પ્રદૂષણ મુક્ત કરવાનો હેતુ છે. પોતાનું અંતઃકરણ જો પ્રદૂષણથી મુક્ત હોય તો જ વ્યક્તિ પર્યાવરણને પ્રદૂષણથી બચાવવામાં સહાયક બની શકે છે. અંતઃકરણ તથા પર્યાવરણ બંને ગૂઢ રીતે એક બીજાથી જોડાયેલા છે. વધતા પર્યાવરણ પ્રદૂષણનું કારણ એ જ છે કે હાલના દિવસોમાં વ્યક્તિઓનું અંતઃકરણ બૂરી રીતે પ્રદૂષિત થયેલું છે. તેથી પ્રકૃતિના આંગણામાં ઓછામાં ઓછું એક વૃક્ષ-છોડ રોપવા જોઈએ. સાથે તેને આખું વર્ષ જરૂરી રક્ષણ-પોષણ આપવાનો સંકલ્પ લેવો. આ સંકલ્પને પૂર્ણ કરવા માટે થતા સતત પ્રયાસથી અંતઃકરણ અને પર્યાવરણ બંનેય પ્રદૂષણ મુક્ત થવા લાગશે. જીવન અને પ્રકૃતિમાં સુગંધ ફેલાવા લાગશે. શ્રાવણી પર કરેલ આ હેમાદ્રિ સંકલ્પનો મહિમા સ્વયં જ પ્રકાશિત થઈ ઉઠશે. બ્રહ્મ સંકલ્પના સહયોગી બનવાના ફળ સ્વરૂપે જીવનમાં આપોઆપ જ બ્રાહ્મણત્વ તેમજ ઋષિત્વના વરદાનોની છટા નિખરશે. સૃષ્ટિના જન્મોત્સવની ખુશીઓ પોતાના ઘર-આંગણામાં પણ આવશે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
ડૉ. પ્રણવ પંડ્યા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫) ૫૩૦૩૯૯, ૫૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂા. ૬૦૦=૦૦
આજીવન : ૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૩ અંક - ૮
પ્રકાશન તિથિ ૨૫-૭-૨૦૦૨
ઓગષ્ટ - ૨૦૦૨
એક અંક : રૂા. ૫-૦૦

## પરમાર્થમાં જ સ્વાર્થ સમાયેલો

આજે સર્વત્ર સ્વાર્થપરાયણતાની બોલબાલા છે. દરેક માણસ પોતાના તાત્કાલિક સ્વાર્થ અને લાભની વાત વિચારે છે. આથી જો ભવિષ્ય અંધકારમય બનતું હોય, બીજાઓને માટે દુઃખ ભરેલી પરિસ્થિતિ પેદા થતી હોય તો પણ તેને ચિંતા નથી. વિચાર કરવાની આ શૈલી ઘણી જ ક્ષુદ્ર અને દૃષ્ટિના અભાવવાળી છે. આથી બીજાઓને તો હાનિ છે જ, પરંતુ પોતાનો સ્વાર્થ પણ સુરક્ષિત રહેતો નથી. તત્કાળ ભલે કાંઈક લાભ ઉઠાવવામાં આવે, પણ તે થોડાક જ સમયમાં નાશ પામે છે. આથી આપણે વિચારવું જોઈએ કે બધાના હિતમાં જ પોતાનું હિત છે. માનવ સમાજની કડીમાં આપણે અભિન્ન રૂપે જોડાયેલા છીએ. જો સામાજિક સ્થિતિ બગડે તો તે હાનિથી બધાંને કષ્ટ સહન કરવું પડશે. આ રીતે આજે આપણને ભલે કોઈ પ્રત્યક્ષ હાનિ ન થાય, તો પણ એ વિચારવું જોઈએ કે જે વિભીષિકાઓ આપણી ચારે તરફ ઘૂમી રહી છે તેમના કુચક્રમાં આપણે કોઈપણ ક્ષણે પિસાવા માટે લાચાર બનવું પડશે. આથી આપણે આપણા વ્યક્તિગત સ્વાર્થને જ નહીં, પરંતુ સામૂહિક સ્વાર્થને પણ પોતાનો સ્વાર્થ સમજીએ અને આજની જ નહીં, કાલની સંભાવનાઓની બાબતમાં પણ વિચારીએ અને જાગૃત રહીએ.

જે લોકો પોતાના મતલબથી મતલબ રાખવાની તથા સીમિત સ્વાર્થની વાત વિચારે છે અને એ જ અંદાજ મૂકતા રહે છે કે જ્યારે પોતાના પર આવશે ત્યારે જોયું જશે તેઓ ભૂલ કરે છે. સમયને જોઈને સજાગ બનવું અને પોતાની સુરક્ષાનો પ્રયત્ન કરવો તે જાગરૂકતા તથા બુદ્ધિમત્તાનું ચિહ્ન છે.

-ઋષિચિંતનના સાન્નિધ્યમાં ગ્રંથમાંથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રીમદ્ ભાગવત કથા

# પાંડવોનો રાજસૂય યજ્ઞ અને વનવાસ

આ કારણરૂપ જગત જેમાંથી ઉત્પન્ન થયું છે, જેનામાં સ્થિત રહે છે અને જેનામાં લોપ થઈ જાય છે તથા જે માટીની વસ્તુઓમાં વ્યાપ્ત માટીની જેમ બધામાં ઓતપ્રોત છે તે પરબ્રહ્મ સ્વરૂપ આપને હું નમસ્કાર કરું છું.

ભગવાન શ્રીકૃષ્ણ ઈન્દ્રપ્રસ્થ પહોંચ્યા. યુધિષ્ઠિર તથા અન્ય પાંડવોએ તેમનું સ્વાગત કર્યું. એક દિવસ શ્રીકૃષ્ણને આદરપૂર્વક પ્રણામ કરીને રાજસૂય યજ્ઞ કરવાની ઈચ્છા વ્યકત કરી અને કહ્યું પ્રભુ, આપ સૌના આત્મા, સમદર્શી અને સ્વયં આત્માનંદના સાક્ષાત્કાર છો, સ્વયં બ્રહ્મ છો, આપમાં, 'આ હું છું અને આ બીજો છે, આ આપણો છે અને તે પારકો છે' આ પ્રકારનો ભેદભાવ નથી, પછી જેઓ આપની સેવા કરે છે, તેઓને તેમની ભાવના અનુસાર કલ્પવૃક્ષની સેવા કરનારાઓની જેમ ફળ મળે જ છે. આ ફળમાં જે વધતાઓછાપણાં દર્શન દેખાય છે તે તો વધતીઓછી સેવા રૂપે જ હોય છે. એનાથી આપમાં વિષમતા અથવા નિર્દયતા વગેરે દોષ આવતા નથી.

ભગવાન શ્રીકૃષ્ણએ યુધિષ્ઠિરની પ્રશંસા કરતાં તેમની રાજસૂય યજ્ઞ કરવાની વાતનું સમર્થન કર્યું અને કહ્યું, મહારાજ ! પૃથ્વીના સમસ્ત રાજાઓને જીતીને, સમગ્ર પૃથ્વીને પોતાના આધિપત્યમાં કરીને અને યજ્ઞને ઉચિત સંપૂર્ણ સામગ્રી એકત્રિત કરીને પછી મહાયજ્ઞનું અનુષ્ઠાન કરો. જો કે આપ બધી રીતે ચક્રવર્તીપદ માટે યોગ્ય છો, પરંતુ જ્યાં સુધી બધા રાજાઓને આપના સમર્થનમાં લેવામાં ન આવે, ત્યાં સુધી યજ્ઞની પ્રક્રિયા સંપન્ન થઈ શકતી નથી. આ કાર્યમાં આપને કોઈ મુશ્કેલી પણ નથી, પરંતુ જરાસંધ આમાં મુખ્ય અવરોધ છે, તેને માર્યા વિના આ કાર્ય થઈ શકે તેમ નથી. તેણે ઘણા બધા રાજાઓને કેદ કર્યા છે; તેથી જરાસંધને મારીને રાજાઓને મુક્ત કરાવો ત્યારે જ આપનું યજ્ઞનું આયોજન સફળ થશે.

યુધિષ્ઠિરે કહ્યું, જ્યારે આપ પોતે જ તેનાથી આતંકિત છો તો અમે તેને કેવી રીતે જીતી શકીશું ? શ્રીકૃષ્ણએ યુધિષ્ઠિરને પ્રોત્સાહિત કર્યાં. તેમને નીતિનું મહત્ત્વ સમજાવતાં કહ્યું, વીર પુરુષોનું એટલું જ કર્તવ્ય છે કે તેઓ પોતાના હૃદયના સંતોષ માટે નીતિશાસ્ત્રમાં દર્શાવાયેલી નીતિ અનુસાર શત્રુઓ પર આક્રમણ કરે. સારી નીતિ અને સલાહ પ્રાપ્ત થતાં શરૂ કરવામાં આવેલું કાર્ય સંપૂર્ણપણે સફળ થાય છે. જ્યારે આપણે લોકો નીતિનો આશ્રય લઈને શત્રુના શરીરની નજીક પહોંચી જઈશું, ત્યારે નદીનો વેગ કિનારા પરના વૃક્ષને નષ્ટ કરી દે છે, તેવી રીતે આપણે શત્રુનો અંત કેમ નહીં લાવી શકીએ ? આપણે આપણાં છિદ્રોને છુપાયેલાં રાખીને શત્રુના છિદ્રને જોઈશું અને લાગ મળતાં જ તેના પર બળપૂર્વક આક્રમણ કરી દઈશું અથવા જો જરાસંધને મારીને તેના પક્ષમાં રહેલા-બચેલા સૈનિકો દ્વારા આપણે પણ માર્યા જઈએ, તો પણ કોઈ વાંધો નથી. આપણા જાતિ ભાઈઓના રક્ષણમાં સંલગ્ન હોવાના કારણે આપણને સ્વર્ગની પ્રાપ્તિ થશે. યુધિષ્ઠિરને આમ સમજાવીને શ્રીકૃષ્ણએ કહ્યું કે સેનાસહિત આક્રમણ કરીને જરાસંધને પરાજિત કરવો મુશ્કેલ છે. તેથી આપ, ભીમ અને અર્જુનને અમને સોંપી દો. અમે ત્રણે, યુક્તિપૂર્વક જરાસંધનો વધ કરવામાં સમર્થ નીવડીશું.

યુદ્ધમાં તો સમસ્ત દેવતા અને અસુર પણ તેને જીતી શકશે નહિ. મને એમ સમજાય છે કે તેને બાહુયુદ્ધ દ્વારા જ જીતવો જોઈએ. મારામાં નીતિ છે, ભીમમાં બળ છે અને અર્જુન અમારા બન્નેની રક્ષા કરનાર છે. તેથી જેવી રીતે ત્રણ પ્રકારના અગ્નિ યજ્ઞની સિદ્ધિ કર્યા કરે છે, તે જ રીતે અમે ત્રણે મળીને જરાસંધનું કામ પૂરું કરી દઈશું. હે રાજન, જો આપ મારા હૃદયને જાણતા હો અને જો આપને મારામાં વિશ્વાસ હોય, તો ભીમસેન અને અર્જુન તુરંત જ થાપણ રૂપે મને સોંપી દો.

યુધિષ્ઠિરે કહ્યું, પ્રભુ, મને પૂર્ણ વિશ્વાસ છે કે આપ જરાસંધને મારવામાં અવશ્ય સફળ થશો. મને આપની કાર્યકુશળતામાં પૂરો વિશ્વાસ છે. આપ ત્રણે સુખપૂર્વક

ઉદ્યમ, સાહસ, ધીરજ, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ-જેમનામાં આ છ ગુણો છે તેમને પરમાત્મા સહાય કરે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યાત્રા કરો. યુધિષ્ઠિરની રજા મેળવીને ત્રણે વીરો, બ્રાહ્મણોનો વેશ લઈને મગધ તરફ ચાલી નીકળ્યા. તેઓ મગધની રાજધાનીમાં જઈ પહોંચ્યા. રાજધાની કોટ-કિલ્લાથી ઘેરાયેલી હતી. તેઓ કોટના દરવાજામાંથી ન જતાં ચૈત્યક પર્વત ઉપરથી રાજધાનીમાં પ્રવેશી ગયા તથા જરાસંધના મહેલમાં જઈ પહોંચ્યા. જરાસંધે તેમનું સ્વાગત કર્યું. ભીમ અને અર્જુન મૌન રહ્યા. શ્રીકૃષ્ણએ કહ્યું, આ બન્નેએ મૌન ધારણ કર્યું છે. અડધી રાત પછી જ આપની સાથે વાત થઈ શકશે. જરાસંધ આ ત્રણે બ્રાહ્મણોને યજ્ઞશાળામાં ઉતારો આપીને પોતે રાજભવનમાં ગયો.

અડધી રાત થતાં જરાસંધ બ્રાહ્મણોની પાસે પહોંચ્યો અને કહ્યું, આપે વેશ તો બ્રાહ્મણોનો સજ્યો છે, પરંતુ આપનાં કાર્યો બ્રાહ્મણો જેવાં નથી. આપે ચૈત્યક પર્વતનું શિખર ઓળંગીને રાજધાનીમાં પ્રવેશ કર્યો છે, તેમ છતાં આપ નિર્ભય દેખાવ છો. આ અપરાધ આપે શા માટે કર્યો ? મને આપ લોકો વિશે સંદેહ છે, તેથી આપ લોકો આપનું સાચું સ્વરૂપ જણાવો.

શ્રીકૃષ્ણએ કહ્યું, 'રાજન, શત્રુના ઘરમાં આ જ રીતે પ્રવેશ કરવામાં આવે છે. જરાસંધે કહ્યું, મારે તો આપની સાથે કોઈ દુશ્મનાવટ નથી. ત્યારે શ્રીકૃષ્ણએ કહ્યું, આપે સમગ્ર ક્ષત્રિય જાતિ સાથે દુશ્મનાવટ વહોરી છે તથા અમે ક્ષત્રિય જાતિના અગ્રણી મહાપુરુષની આજ્ઞાથી જ તમને દંડ કરવા આવ્યા છીએ. તમે અનેક રાજાઓને કેદી બનાવી રાખ્યા છે તથા તેમનું બલિદાન આપવા ઈચ્છો છો.'

બૃહદ્રથકુમાર, તમારા દ્વારા થતું પાપ અમને બધાને સ્પર્શશે, કેમ કે અમે ધર્મની રક્ષા કરવામાં સમર્થ અને ધર્મની રક્ષા કરનારા છીએ. કોઈ પણ દેવતાની પૂજા માટે મનુષ્યોનો વધ કદી જોવા મળ્યો નથી, પછી તમે કલ્યાણકારી શિવની પૂજા મનુષ્યોની હિંસા દ્વારા કેવી રીતે કરવા ઈચ્છો છો? તમે હકીકતમાં સાચું જ કહ્યું છે, અમે લોકો બ્રાહ્મણ નથી પણ ક્ષત્રિય છીએ. આ બન્ને ભાઈઓ ભીમ અને અર્જુન છે તથા હું તમારો વેરી શ્રીકૃષ્ણ. અમે મહારાજ યુધિષ્ઠિરની આજ્ઞાથી તમને તમારાં પાપોનો દંડ આપવા માટે અહીં આવ્યા છીએ. જો તમે દંડથી બચવા ઈચ્છતા હો, તો તમે બંદી બનાવેલા બધા રાજાઓને છોડી મૂકો. મગધ નરેશ, અમે આપને યુદ્ધ માટે લલકારીએ છીએ, તમે યુદ્ધ કરવા માટે કટિબદ્ધ બનો. તમે કાં તો બધા જ રાજાઓને મુક્ત કરો અથવા યમલોકના માર્ગે સિધાવો.

શ્રીકૃષ્ણ દ્વારા આ રીતે લલકારવામાં આવતાં જરાસંધ પોતાના પુત્ર સહદેવને રાજગાદી સોંપીને યુદ્ધ કરવા તૈયાર થઈ ગયો. શ્રીકૃષ્ણે પૂછ્યું, તમે અમારા ત્રણમાંથી કોની સાથે યુદ્ધ કરવા ઈચ્છો છો ? તેણે ભીમની સાથે યુદ્ધ કરવાનું સ્વીકાર્યું. યુદ્ધ શરૂ થઈ ગયું તથા વણથંભ્યું સતત ચાલતું રહ્યું. જરાસંધ થોડો થાકવા લાગ્યો, ત્યારે ભીમે તેને જમીન પર પટક્યો અને ઘૂંટણોમાંથી તેની પાંસળી તોડી નાખી અને શ્રીકૃષ્ણના સંકેત અનુસાર તેનું કામ પતાવી ખતમ કર્યો. પછી તેના એક પગને પોતાના એક પગની નીચે દબાવ્યો અને બીજા પગને પોતાના બન્ને હાથથી પકડી લીધો. તે પછી ભીમસેને હાથી વૃક્ષની ડાળીઓને ચીરી નાખે તેમ તેને બે પગ વચ્ચેથી ચીરી નાખ્યો.

જરાસંધ મૃત્યુ પામતાં લોકો જય-જયકાર કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ અને અર્જુન, ભીમને પ્રેમપૂર્વક મળ્યા, તે પછી જરાસંધે કેદ કરેલા બધા રાજાઓને મુક્ત કર્યાં.

કારાવાસમાંથી મુક્ત થઈને બધા રાજાઓએ શ્રીકૃષ્ણની સ્તુતિ કરી. શ્રીકૃષ્ણએ તેમને ઉપદેશ આપ્યો કે તમે લોકો ક્યારેય પોતાની સંપત્તિ-વૈભવ માટે અભિમાન ન કરશો, કેમ કે અભિમાન જ પતનનું કારણ છે. હૈહય, નહુષ, વેન, રાવણ, નરકાસુર વગેરે અનેક દેવતા-દૈત્ય અને રાજાઓ વૈભવ અને સત્તાના મદને કારણે પોતાના સ્થાનથી, પદથી ચ્યુત થઈ ગયા. દેહ અને દેહના સંબંધીઓ સાથે કોઈપણ પ્રકારની આસક્તિ ન રાખતાં ઉદાસીન રહો, પોતાનામાં આત્મામાં જ રમણ કરો અને ભજન તથા આશ્રમને યોગ્ય વ્રતોનું પાલન કરતા રહો. આપનું મન સારી રીતે મારામાં લગાડીને અંતે તો તમે લોકો મારા સ્વરૂપને જ પ્રાપ્ત કરશો. આ રીતે બધા રાજાઓને સમજાવીને શ્રીકૃષ્ણએ તેમને વિદાય આપી. ભગવાનના ગુણગાન ગાતા બધા રાજાઓ પોત-પોતાની રાજધાનીમાં પાછા ફર્યાં. આ બધા સમાચાર સાંભળીને યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની ખૂબ પ્રશંસા કરી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાજસૂય યજ્ઞની તૈયારીઓ આરંભાઈ. બધા જ રાજાઓને આમંત્રિત કરવામાં આવ્યા અને તે બધા સમયસર પધાર્યાં.

શુકદેવજીએ કહ્યું, 'હે રાજન, રાજસૂય યજ્ઞનાં દર્શન કરવા માટે દેશના બધા રાજાઓ, તેમના મંત્રીઓ તથા કર્મચારી, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર બધા ત્યાં પધાર્યા. પરીક્ષિત ! રાજસૂય યજ્ઞમાં જેટલા લોકો પધાર્યા હતા તે પરમ શીલવાન, ઋત્વિજ, બ્રહ્મવાદી, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, રાજાઓ, દેવતાઓ, ઋષિઓ, મુનિઓ, પિતૃઓ તથા અન્ય પ્રાણી અને પોતાના અનુયાયીઓ સાથે લોકપાલ આદિ સૌની પૂજા યુધિષ્ઠિરે કરી. ત્યાર પછી તે લોકો ધર્મરાજની પરવાનગી લઈને પોતપોતાના નિવાસસ્થાને પાછા ફર્યાં.'

બધાનો આદર-સત્કાર થઈ ગયા પછી યજ્ઞમાં પધારેલા રાજાઓની પૂજાનો વિચાર કરવામાં આવ્યો. પ્રથમ પૂજા માટે ક્યા રાજાને પસંદ કરવા? તે માટે સૌની સમ્મતિ માગવામાં આવી. મોટાભાગના રાજાઓએ શ્રીકૃષ્ણની અગ્રપૂજા કરવાનો અભિપ્રાય આપ્યો, તે મુજબ શ્રીકૃષ્ણની પૂજા અને સ્તુતિ કરવામાં આવી. આ જોઈને શિશુપાલ ઉશ્કેરાઈ ગયો તથા તે શ્રીકૃષ્ણને ગાળો દેવા માંડ્યો. પાંડવો ઉત્તેજિત થવા લાગ્યા, તો શ્રીકૃષ્ણે તેમને રોક્યા. લોકોએ તેમને પૂછ્યું કે, અનીતિનો વિરોધ કરતા તેમને આપ શા માટે રોકો છો ?

શ્રીકૃષ્ણએ કહ્યું, અહીં ઉપસ્થિત તમામ રાજાઓ એ સાંભળી લે કે મેં શા માટે તેના અપરાધો ક્ષમા કર્યાં છે. તેની માતાએ યાચના કરતાં મેં તેને તેણે પ્રાર્થેલું વરદાન આપ્યું હતું કે હું શિશુપાલના સો અપરાધ ક્ષમા કરી દઈશ. રાજાઓ, એ બધા ક્ષમ્ય અપરાધો હવે પૂરા થઈ ગયા છે, તેથી હવે આપ સૌ રાજાઓના દેખતાં, હું હવે તેનો વધ કરું છું. આમ કહેતાં બધાના દેખતાં શ્રીકૃષ્ણએ સુદર્શન ચક્રથી શિશુપાલનું મસ્તક કાપી નાખ્યું. યુધિષ્ઠિરનો યજ્ઞ પૂરો થયો. થોડાક દિવસો ત્યાં રોકાઈને શ્રીકૃષ્ણ દ્વારિકા પાછા ફર્યા. ત્યાં શાલ્વે દ્વારિકા પર ચડાઈ કરી હતી. પાછા આવતાં જ શ્રીકૃષ્ણનો તેની સાથે મુકાબલો થયો. તુમુલ યુદ્ધ પછી શ્રીકૃષ્ણએ શાલ્વનો વધ કર્યો. ભગવાન શ્રીકૃષ્ણએ જેમ ઈન્દ્રએ વજ્રથી વૃત્રાસુરનું મસ્તક ઉડાવી દીધું હતું તેમ સુદર્શન ચક્રથી પરમ માયાવી શાલ્વના કુંડળ-કિરીટ (મુગટ) સહિત તેનું માથું ધડથી અલગ કરી દીધું. તે સમયે શાલ્વના સૈનિકો અત્યંત દુઃખપૂર્વક 'હાય હાય' પોકારી ઊઠ્યા.

રાજસૂય યજ્ઞથી પાંડવોની પ્રશંસા થઈ. દુર્યોધને તેની ઉપેક્ષા કરી અને તેને અપમાન ગણ્યું. તેણે છળપૂર્વક પાંડવોને જુગારમાં જીતી લીધા, તથા દ્રૌપદીને પણ અપમાનિત કરી. ભગવાન શ્રીકૃષ્ણે તેની લાજ બચાવી. પાંડવો ૧૨ વર્ષ વનવાસ ચાલ્યા ગયા. શ્રીકૃષ્ણ તેમને મળવા વનમાં ગયા, પાંડવોને મળીને તેમને સાંત્વના આપી. પોતાના અને પોતાના પતિઓના અપમાનને કારણે દ્રૌપદી દુઃખી હતી. શ્રીકૃષ્ણએ તેને પણ સાંત્વન આપ્યું અને કહ્યું, 'હે ભામિની ! તું જેના પર ક્રોધિત બની છો, તેમની સ્ત્રીઓ પણ પોતાના પ્રાણ પ્યારા પતિઓને અર્જુનના બાણોથી છિન્ન-ભિન્ન થઈ અને લોહીથી લથબથ બની ધરતી પર પડેલા જોઈને આ રીતે જ વિલાપ કરશે.'

તે પછી શ્રીકૃષ્ણએ યુધિષ્ઠિરને કહ્યું, 'હે રાજન ! આપના ઉપર જે સંકટો આવ્યાં છે, તે આપના આચરણને કારણે આવ્યાં છે. આપે દ્યૂત રમીને બહુ મોટી ભૂલ કરી છે. જો હું તે સમયે ત્યાં હોત તો મારી શક્તિ અનુસાર જૂગટું રમવાનું અટકાવવાનો પ્રયાસ જરૂર કરત, કેમ કે સ્ત્રીઓ પ્રત્યે આસક્તિ, જુગાર રમવો, શિકાર કરવાનો શોખ અને મદ્યપાન - આ ચાર પ્રકારના ભોગને કામજન્ય દુઃખો તરીકે દર્શાવ્યા છે - જેના લીધે મનુષ્ય પોતાના ધન - ઐશ્વર્યથી ભ્રષ્ટ બની જાય છે.

હે રાજેન્દ્ર, ભારત શ્રેષ્ઠ, જો તે કૌરવો મારાં મધુર અને હિતકારી વચનો ન માનત, તો હું તેમને બળપૂર્વક અટકાવત. બધા પાંડવોને અને દ્રૌપદીને સમજાવીને શ્રીકૃષ્ણ દ્વારિકા પાછા ફર્યાં. વનવાસી પાંડવો એકવાર તીર્થયાત્રા કરતાં પ્રભાસ ક્ષેત્રમાં પહોંચ્યા. તેમને દુર્બળ જોઈને બલરામજીએ દુઃખપૂર્ણ વચનો ઉચ્ચાર્યાં. સાત્યકિએ કહ્યું, આપણે લોકો કૌરવો પર વિજય મેળવીને પાંડવોનું રાજ્ય તેમને પાછું અપાવીએ. શ્રીકૃષ્ણએ કહ્યું, પાંડવો ખુદ પોતાના પરાક્રમથી પોતાનું રાજ્ય પાછું મેળવશે, આપણે તેમને સહાય કરીશું.'



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

स्वदेशी चिकित्सा स्तंभ

# ❖ अनेक रोगोनी एक दवा - पाणी ❖

જાપાનના 'સિકનેસ એસોસિયેશન' દ્વારા એ બાબતને સમર્થન મળ્યું છે કે જો યોગ્ય રીતે પાણીનો પ્રયોગ કરવામાં આવે તો કેટલીય નવી-જૂની બીમારીઓ દૂર થઈ શકે છે. જો તંદુરસ્ત વ્યક્તિ આ પ્રયોગ કરતી રહે તો પોતાનું સ્વાસ્થ્ય કાયમ જાળવી રાખી શકે છે. આને માટે તાંબાના એક પહોળા મોંવાળા વાસણની જરૂર પડે છે. જેને દરરોજ માટીથી સારી રીતે ઘસી-માંજીને અંદરથી બરાબર સાફ કરવું જોઈએ. સાંજે તાંબાના આ વાસણમાં ચોખ્ખું પાણી ભરી તેને ઢાંકી રાખવું. આ પાણીમાં ચાર-પાંચ તુલસીપત્રો નાખવાથી આ પાણી વધુ ઉપયોગી બની રહે છે. વહેલી સવારે સૂર્યોદય પહેલાં આ વાસી પાણીને ઉષઃપાનરૂપે દરરોજ કોગળા કર્યા વિના, વાસી મુખે ધીરેધીરે પીવું. એકસાથે વધુ પાણી ન પી શકાતું હોય તો શરૂઆતમાં બે પ્યાલા પાણી પીવાથી શરૂઆત કરવી. ધીમે ધીમે વધારીને ચાર પ્યાલા સુધી પહોંચવું. જળપાન કર્યા પછી આશરે ૧૦૦ ડગલાં જેટલું ચાલીને અથવા નૌલિ ક્રિયા કરીને અથવા લઘુશંખ પ્રક્ષાલન-આસન કર્યા બાદ શૌચક્રિયા માટે જવું. આનાથી કબજિયાત દૂર થશે અને દસ્ત સાફ આવશે. આ રીતે રોજ ઉષઃપાન કરનાર વ્યક્તિ મળશુદ્ધિની સાથોસાથ હરસ-મસા, પેટના રોગ, યકૃતના રોગ, મૂત્ર અને વીર્ય સંબંધી રોગ, રક્તપિત્ત, માથાનો દુઃખાવો, નેત્રવિકાર, વાતપિત્ત અને કફથી થનારા અનેકવિધ રોગોથી મુક્ત રહે છે. વૃદ્ધત્વ તેની નજીક ફરકતું નથી અને તે શતાયુ બને છે. જો મોંને બદલે નાકથી પાણી પીવામાં આવે તો માથાનો દુઃખાવો, શરદી, સળેખમ, નસકોરી ફૂટવી વગેરે રોગ જડમૂળથી દૂર થાય છે. આંખોનું તેજ વધે છે. વાળ અકાળે સફેદ થતા નથી અને વ્યક્તિ સંપૂર્ણ રોગોથી મુક્ત રહે છે. શિયાળામાં પાણી ખૂબ ઠંડું હોય તો તેને થોડું ગરમ કરીને પી શકાય છે. સૂર્યોદય પહેલાં પીવામાં આવતું પાણી માતાના દૂધ જેવું ગુણકારી માનવામાં આવે છે. શરૂઆતમાં ત્રણચાર દિવસ સુધી પાણી પીધા પછી એક કલાકમાં ત્રણ-ચાર વાર મૂત્રનિકાલ કરવો પડે છે અને કોઈક વ્યક્તિઓને પાતળા ઝાડા પણ થઈ શકે છે. ત્રણ-ચાર દિવસ પછી મૂત્ર પ્રક્રિયા નિયમિત થઈને બધું રાબેતા મુજબ બની રહે છે. સાંધાનો દુખાવો અને વાયુના રોગથી પીડાતી વ્યક્તિ આ પ્રયોગ પહેલા અઠવાડિયામાં દિવસમાં ત્રણ વાર કરે અને પછીથી દિવસમાં એકવારનો પ્રયોગ પૂરતો છે. જમ્યા પછી બે કલાક બાદ આ જલચિકિત્સા (પાણીનો પ્રયોગ) કરી શકાય છે.

'ઈન્ડિયન હેલ્થ એસોસિયેશન' અનુસાર આ વિજ્ઞાન પર આધારિત પદ્ધતિ છે. આટલું પાણી એક સાથે પીવાથી આંતરડાં સ્વચ્છ અને ક્રિયાશીલ બને છે અને તાજું નવું લોહી બનાવવામાં મદદરૂપ બને છે. ખાલી પેટે પીવામાં આવતું આ પાણી સમગ્ર શરીરના લોહીમાં મળી આવતાં વિજાતીય તત્ત્વોને મૂત્રપિંડમાં છૂટાં પાડીને મૂત્રના રૂપમાં શરીરની બહાર કાઢી નાખે છે. ચોવીસ કલાકમાં એકવાર આ પ્રકારની સફાઈ સ્વાસ્થ્ય માટે બહુ લાભદાયક બને છે. આનાથી પેટ સાફ રહે છે, કબજિયાતથી મુક્તિ મળે છે અને કેટલીય બીમારી આવતી જ નથી.

જાપાની સિકનેસ એસોસિયેશને પાણીના આ પ્રયોગને વૈજ્ઞાનિક રૂપ આપીને ભારતીય ઋષિઓની અનુપમ શોધ રૂપે મહિમાવંતો બનાવ્યો છે. અનુભવો અને પરીક્ષણો દ્વારા એ તારણ નીકળે છે કે આ પ્રયોગથી વિવિધ બીમારીઓ માત્ર ગણતરીના દિવસોમાં જ દૂર થઈ શકે છે. જેમ કે લોહીનું ઊંચું દબાણ અને મધુપ્રમેહ એક માસમાં. પાચનક્રિયા અને પેટના રોગો જેવા કે ગેસ, કબજિયાત વગેરે દસ દિવસોમાં. કેન્સરનો રોગી છ માસમાં અને ફેફસાંના-ટી.બી.નો રોગી ત્રણ માસમાં લાભ મેળવી શકે છે. રોગમાંથી મુક્ત થયા પછી પણ તેનો પ્રયોગ ચાલુ રાખી શકાય છે.

ઉપર્યુક્ત, પાણીનો પ્રયોગ રોગી અને સ્વસ્થ બન્નેને લાભ આપી શકે છે, પરંતુ આ પ્રયોગ કરનારાએ થોડીક જરૂરી બાબતો પર ધ્યાન આપવું જરૂરી છે.

(૧) જલપાન કર્યા પછી એક કલાક સુધી કશું ખાવું-પીવું ન જોઈએ. પાણી પીધા પછી મોં ધોઈ શકાય, કોગળા કરી શકાય અને દંતમંજન કરી શકાય.

(૨) ઠંડાં પીણાં, મેંદો અને ચણાના લોટમાંથી બનાવેલી વાનગી, તળેલા ખાદ્ય પદાર્થો, તીખા મરચાં-મસાલા અને મીઠાઈ ખાવા અંગે સંયમ રાખવો. શક્ય હોય તો ફળો અને લીલાં શાકભાજી અવશ્ય ખાવાં. ચા, કોફી, આઈસ્ક્રીમ, ચોકલેટ, સિગરેટ, બીડી, તમાકુ, દારૂ અને અન્ય નશીલી ચીજોથી દૂર જ રહેવું. રાત્રે સૂતા પહેલાં કંઈ જ ખાવું ન જોઈએ. ખાસ કરીને સફરજન તો બિલ્કુલ નહીં.

(૩) પાણી જો અશુદ્ધ હોય તો તેને રાત્રે ઉકાળીને ગાળીને મૂકવું જોઈએ અને પ્રાતઃકાળે નીતર્યું પાણી ઉપયોગમાં લેવું જોઈએ.

★ ★ ★



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દરેક તોફાન પછી એક ઉત્સવ મનાવીએ

જીવનમાં જ્યારે સંવેદના ઝરવા માંડે છે, ત્યારે તે સંદેશ બની જાય છે. જો તેનું ઉદ્‌ગમ સ્થાન અસ્તિત્વના ઊંડાણમાં છુપાયેલી સઘન અનુભૂતિ હોય, તો તેનાથી હૃદયસ્પર્શી કાવ્યના સ્વર ફૂટે છે. તે સ્વર અસંખ્ય લોકોને પ્રેરિત-પરિવર્તિત કરે છે. અગિયાર વર્ષનો મૈટી સ્ટેપનેક આજકાલ આ પ્રકારની જ કાવ્યસૃષ્ટિ બનાવી રહ્યો છે. માંસપેશીઓના અસાધ્ય રોગને કારણે તેનો જીવનરસ લગભગ સુકાઈ ગયો છે, પરંતુ જે કાંઈ થોડાં બિંદુઓ બચ્યાં છે, તેને તે ઉદારતાપૂર્વક પોતાના કાવ્ય સ્વરોમાં વહેંચી રહ્યો છે. તેની કવિતાઓ અનહદ મર્મસ્પર્શી છે. વાંચનારના નિરાશાભર્યા જીવનમાં જોશપૂર્વક આશાનાં કિરણોનું અજવાળું પાથરી દે છે.

મરણોન્મુખ આ બાળકની અદમ્ય જિજીવિષા જોઈને ચિકિત્સા વિશેષજ્ઞો આશ્ચર્યચકિત થઈ ગયા છે. તેઓ પોતે પણ તેની પાસેથી પ્રેરણા મેળવે છે. ગયા વર્ષે ૧૧ સપ્ટેમ્બરે અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલા હુમલા પછી અમેરિકનો આઘાતમાંથી બહાર નીકળવા માટે મૈટીની કવિતાઓ દ્વારા પોતાના જીવન માટે પ્રેરણા તથા દિશા મેળવી રહ્યા છે. મૈટી સ્ટેપનેકની કવિતાઓનું જીવનદર્શન છે. જિંદગીમાં આવતા દરેક તોફાન પછી ઉત્સવ મનાવવામાં આવે. આજકાલ અમેરિકામાં સૌથી વધુ વેચાતા પુસ્તકોના લેખકોની યાદીમાં તે મોખરે છે.

ન્યૂયોર્ક ટાઇમ્સે આ વર્ષે ત્રીજી ફેબ્રુઆરીના પખવાડિયામાં સૌથી વધુ વેચાતા પુસ્તકોની સૂચિમાં મૈટીના પુસ્તક ''જર્ની થ્રુ હાર્ટ સોંગ્સ''ને પહેલા સ્થાન પર મૂક્યું છે. આ પુસ્તકમાં મૈટીની એવી કવિતાઓ છે, જે તેણે ખૂબ જ નાની ઉંમરમાં લખી હતી. વિખ્યાત પ્રકાશકોના સુપ્રસિદ્ધ ન્યૂઝ લેટર ''પબ્લિશર વિકલી''ના ચાર્લ્સ એબટનું કહેવું છે કે પોતાના જીવનને અસાધ્ય બીમારી કારણે, લગભગ ગુમાવી ચૂકેલો મૈટી બધાને પુષ્કળ પ્રમાણમાં જીવન વહેંચી રહ્યો છે. તેનો સંદેશ છે કે ભગવદ્‌કૃપાની ભરપૂર વૃષ્ટિ બધા ઉપર સતત થતી રહે છે, વાત ફક્ત તેનો અનુભવ કરવાની છે. જીવનના પ્રત્યેક દુઃખ તથા દુર્ઘટનામાં ભગવદ્‌કૃપા છે. જ્યારે તમને ખબર પડે કે, તમારું સર્વસ્વ છિનવાઈ ગયું છે, હવે તમારી પાસે નથી ધન બચ્યું કે નથી જીવન બચ્યું, ત્યારે પ્રભુ પર વિશ્વાસ રાખીને પોતાના અસ્તિત્વને ફરી એક વાર વિશ્વાસપૂર્વક નિહાળો. તમે જોશો કે હજુ તમારી પાસે ઘણું બધું છે, જે ગુમાવ્યું છે તે તો થોડુંક જ છે, જે મળ્યું છે તે ઘણું વધારે છે. ભગવદ્‌કૃપાથી મળેલા આ અનોખા અનુદાનમાં જીવનની મૌલિકતા છે, નવસર્જનની સુગંધ છે.

ગયા વર્ષે જુલાઈમાં મૈટી વોશિંગ્ટનની એક હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે સંઘર્ષ કરી રહ્યો હતો. ત્યારે તેણે પોતાની માતા પાસે પોતાની કવિતાઓ છપાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તે સમયે એક સ્થાનિક પ્રકાશકે ''હાર્ટ સોંગ્સ''ની ૨૦૦ નકલ છાપી હતી, પરંતુ ત્યાર પછી તો આ પુસ્તકને એકાએક ભારે પ્રસિદ્ધિ મળી ગઈ.

મૈટીના બે ભાઈ અને એક બહેન માંસપેશીઓની આ જ અસાધ્ય બીમારીથી મૃત્યુ પામ્યા છે. તેની માતા જેનીને લગભગ ૩૦ વર્ષની ઉંમરથી આ બીમારી છે. તે વ્હીલચેરના આધારે જ ફરી શકે છે, પરંતુ મા-દીકરો બંનેય પોતાના જીવનનાં દુઃખોને ભગવાનનું વરદાન માને છે. મૈટીનું કહેવું છે કે જ્યારે તે પોતાની માતાને કોમ્પ્યુટર પર કામ કરતી જોતો ત્યારે તેને કહેતો કે, હું બોલતો જાઉં છું, આપ તેને લખતાં જાઓ. માતાએ પાછળથી કહ્યું કે, આ તો કવિતા છે, ત્યારે તેના મનમાં લાગ્યું કે જો આ કવિતાઓ બીજાઓને વહેંચવામાં આવે તો ઘણું સારું, અને બસ ભગવાને તેવી વ્યવસ્થા કરી દીધી.

તેની કવિતા ''ફ્યૂચર ઈકો''માં તેની જીવન સંવેદના ખૂબ જ માર્મિક રીતે ઉપસી આવી છે. તેમાં તેણે કહ્યું છે કે એક દિવસ એવો આવશે જ્યારે તે બિલકુલ ચાલી નહીં શકે, પરંતુ તે પણ તેની પ્રભુ પ્રેમની ક્ષણ હશે. આજકાલ આ જ સ્થિતિ છે. તે હવે ફક્ત વ્હીલચેર સાથે જોડેલા વેન્ટીલેટરના આધારે જ શ્વાસ લઈ શકે છે. તેના વગર તે એક ક્ષણ પણ જીવી શકે એમ નથી. આ પંક્તિઓ પ્રકાશિત થતાં સુધી બની શકે કે તે હયાત ન પણ હોય, પરંતુ તેનો જીવન સંદેશ સદા-સદા માનવજીવનને સુરભિત-સુગંધિત કરતો રહેશે. દરેક પરિસ્થિતિમાં ભગવદ્‌કૃપાની અનુભૂતિ કરવા માટે પ્રેરિત કરતો રહેશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નૈતિકતાના યક્ષ પ્રશ્નો અને તેમનું વૈજ્ઞાનિક સમાધાન

નૈતિકતાના યક્ષ પ્રશ્નો જીવનમાં દરેક જગ્યાએ છે. જીવનનું કેન્દ્ર મનુષ્યનું વ્યક્તિત્વ હોય કે પછી તેના વિસ્તાર રૂપે સમાજ, પરંતુ આ ડંખીલા કાંટાના જખ્મો દરેક જગ્યાએ છે. આ પ્રશ્નોનો સાચો અને યોગ્ય ઉકેલ ન મળવાને કારણે જ પરિવાર, સમૂહ અને સમુદાય વગેરે સમાજનાં બધાં જ ક્ષેત્રોમાં વિઘટન અને જુદાપણું પેદા થયું છે. ભારત સહિત દુનિયાના લગભગ બધા જ દેશોમાં એક સરખી જ સ્થિતિ છે. માનવતાભર્યા જીવનની લગભગ દરેક સંસ્થા તૂટી ગઈ છે. દરેક દેશનું સામાજિક માળખું છિન્ન-ભિન્ન થઈ ગયું છે. પુરાણી નૈતિક સ્થાપનાઓને નવી પેઢી કોઈ પણ પ્રકારે સ્વીકારવા તૈયાર નથી. જૂની પેઢી, પોતાના સમયની નૈતિક મર્યાદાઓની સ્થાપના કરવા માંગે છે, પરંતુ નવી પેઢી તેને મૂળમાંથી જ બિનઉપયોગી જણાવે છે.

નવી પેઢીએ નૈતિકતાની ઉચિતતા માટે નવા પ્રશ્નો ઊભા કર્યાં છે. તેને જૂની પેઢીના રૂઢ થઈ ગયેલા જવાબોથી સંતોષ-સંમતિ નથી. તેઓને વડીલોની એ વાત પસંદ નથી કે અમારા વડીલોએ કહ્યું અને અમે સ્વીકારી લીધું. હવે અમે તમને સમજાવીએ છીએ અને તમે માની લો. શ્રદ્ધા અને આસ્થાની આ નૈતિક પરંપરા યુવાન પેઢીને અર્થવગરની લાગે છે. તેઓને તર્ક અને પ્રયોગોનું અર્થસભર વિજ્ઞાન જોઈએ છે, જેમાં તેમના દ્વારા ઉઠાવવામાં આવેલ યક્ષપ્રશ્નોનો વૈજ્ઞાનિક ઉકેલ હોય. આ બાબતમાં સૌથી પહેલો અને કેન્દ્રસમો પ્રશ્ન એ છે કે ભોગનું ઉપાર્જન કરવામાં અને તેના ઉપભોગની ક્ષમતા હોવા છતાં સ્વચ્છંદ ભોગ શા માટે નહીં ? સ્વચ્છંદ ભોગથી જ્યારે ઈન્દ્રિય સુખ સર્વવિદિત છે, ત્યારે તેનો ત્યાગ ક્યા મહત્ત્વપૂર્ણ સુખ માટે કરવામાં આવે ?

નૈતિકતાના આ વ્યક્તિગત પ્રશ્નો ઉપરાંત કેટલાંય સામાજિક પ્રશ્નો પણ છે. જો કે આ સવાલ પણ એક અથવા બીજા પ્રકારે વ્યક્તિગત જીવન સાથે જોડાયેલ છે. આવા પ્રશ્નોમાં સર્વમાન્ય પ્રશ્ન એ છે કે, જ્યારે સંયુક્ત પરિવાર ખૂબ જ સ્પષ્ટ રીતે વ્યક્તિગત સુખમાં બાધક છે, ત્યારે તેનો ભાર શા માટે ઊઠાવવામાં આવે ? વડીલોની સેવા કરવાની શું જરૂર છે ? આ અને આવા અનેક યક્ષ પ્રશ્નોનું સારરૂપ તત્ત્વ એટલું જ છે કે નૈતિક મર્યાદાઓ, નૈતિક અયોગ્યતાઓ, નૈતિક મૂલ્યો મોટેભાગે સુખ ભોગવવામાં નડે જ છે, તો આવી સ્થિતિમાં તેમનો ભાર શા માટે ઉપાડવામાં આવે ? આ બધા પ્રશ્નો આજના ભારતના છે, જ્યાં યુવાનો આજે ધન કમાવા માટે કોઈપણ નૈતિક આચરણની પરવા ન કરવા માટે તૈયાર છે.

નૈતિકતાના આવા યક્ષ પ્રશ્નો એવા રૂપમાં છે કે જ્યાંની બાળાઓ ભોગવાદના પૂરમાં સડસડાટ તણાઈ રહી છે. આ સવાલ છે જાપાનનો, જ્યાં સ્કૂલ તથા કોલેજ જતી વિદ્યાર્થીનીઓનો પ્રિય શોખ ''ઈજોકોસાઈ'' (એક પ્રકારનો દેહનો વેપાર) છે. આને તેઓ પોતાની હોબી માને છે. નૈતિકતાના આ પ્રશ્નોના ડંખીલા કાંટાઓની ભરમાર અમેરિકામાં પણ ખૂબ જોર-શોરથી ફૂલીફાલી છે. લોસ એન્જિલીસ શહેરમાં થોડા સમય પહેલાં એક કિશોરે પોતાના પિતરાઈ ભાઈની હત્યા કરી નાંખી. બાળકો યૌવનનું સુખ ભોગવવા માંગે છે, ત્યાં નિરંકુશ વધતા જતા ગાંડપણભર્યા ભોગવાદે બાળકોનું બાળપણ અને યુવકોની યુવાની છીનવી લીધાં છે. આ પ્રવૃત્તિમાં સપડાઈ ગયેલું બાળપણ જ્યારે કિશોરાવસ્થામાં પગ મૂકે છે ત્યાં સુધીમાં તેમની જીવનશક્તિ તેમનામાંથી વિદાય લઈ ચૂકી હોય છે. આમાંના કોઈને વેદવચન કે સંતવાણી વાંચીને સમજાવી શકાતા નથી કારણ કે તેઓ તે સાંભળવા તૈયાર નથી હોતા. સુકરાત, કાંટ જેવા વિદ્વાનોનું તત્ત્વદર્શન તેમના માટે અર્થહીન છે, કારણ કે તેમાં તેઓ પોતાના પ્રશ્નોનું સમયને અનુરૂપ સમાધાન મેળવી શકતા નથી. તેમના પ્રશ્નોના ઉકેલ માટે આપણે નૈતિકતાના નવા વિજ્ઞાનને જન્મ આપવો પડશે, જે નૈતિકતાના અર્થ, સ્વરૂપ તથા ઉદ્દેશ્યની સાથે સાથે સમયની જરૂરિયાતોને ખૂબ જ તર્કપૂર્ણ અને પ્રયોગસંમત રીતે સિદ્ધ કરી શકે.

આ નવા વિજ્ઞાનની આધારભૂત પરિકલ્પના એ છે કે નૈતિકતા સાચા અર્થમાં જીવન જીવવાનો માર્ગ છે જેનું અંતિમ લક્ષ્ય જીવનનો ચરમ વિકાસ છે. જીવનના આ ચરમ વિકાસમાં બધા જ પ્રકારની શાંતિ છે, પરમ આનંદ છે અને જ્ઞાનનો પ્રકાશ છે. જેઓ નૈતિકતાના જીવન-



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માર્ગથી વિચલિત થઈ ગયા છે તેઓ, જીવનના આ વિકસિત સ્વરૂપની અનુભૂતિ ક્યારેય કરી શકતા નથી. નૈતિકતાના બધા જ યક્ષ પ્રશ્નોનું સમાધાન આ જ વૈજ્ઞાનિક પરિકલ્પના પર આધારિત પ્રયોગોમાં છે. આ પરિકલ્પનાનાં પ્રયોગાત્મક તારણો જ આજની પેઢીને સાર્થક સમાધાન આપી શકે છે. કેટલાક મનોવૈજ્ઞાનિકોએ આ પ્રયોગોની શરૂઆત પણ કરી દીધી છે. આમાંના એક એરિક ફ્રોમ છે. તેમણે પોતાનાં તારણોને કેટલાક મુદ્દાઓમાં સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. (૧) નૈતિકતાની ઉચિતતા, જીવનના સાચા સ્વરૂપનો બોધ થવાથી આપોઆપ સિદ્ધ થઈ જાય છે. (૨) સુખ ભોગવવા માટે ત્યાગવામાં આવતી નૈતિકતાનો અંત ભયાનક તથા વિનાશક દુઃખોમાં થાય છે. (૩) નૈતિક મર્યાદાઓની અવગણના કરનારા લગભગ મનોરોગી થઈ જાય છે. જો આવું હજુ સુધી ન થયું હોય, તો ભવિષ્યમાં તેમ થવું સુનિશ્ચિત છે.

એરિક ફ્રોમનાં આ ત્રણેય તારણો તેના એક વિશિષ્ટ પ્રયોગ પર આધારિત છે. પોતાના આ પ્રયોગ માટે તેમણે જુદા જુદા પરંતુ નિશ્ચિત વયજૂથના સ્ત્રીપુરુષોને પસંદ કર્યાં. આ પ્રયોગ માટે પહેલાં બધાંને તેમની ઉંમર પ્રમાણે અલગ-અલગ સમૂહમાં વહેંચી નાંખવામાં આવ્યાં. તેઓમાંથી પહેલા સમૂહને એમ સમજાવવામાં આવ્યું કે મનુષ્ય જીવનનું સાચું સ્વરૂપ તથા સાર્થક રીતિ-નીતિ શું છે ? તેમને જણાવવામાં આવ્યું કે મનુષ્ય ફક્ત દેહ અને મન સુધી સીમિત નથી, તેનું કેન્દ્રીય તત્ત્વ આત્મા છે. આત્મા જ સાચા અર્થમાં જ્ઞાન, શક્તિ તથા આનંદનો સ્રોત છે, પરંતુ તેની અનુભૂતિ માટે કેટલાક નીતિ-નિયમોનું પાલન અનિવાર્ય છે. જે સમૂહને આ વાત સારી રીતે સમજાવવામાં આવી, તેઓ ખૂબ જ ઉત્સાહ સાથે નૈતિક આદર્શોના પાલન માટે તૈયાર થઈ ગયા. આ સમૂહ કરતાં વિપરીત સમૂહને નૈતિક આદર્શ તો જણાવવામાં આવ્યા, પરંતુ તેમને જીવનનું સાચું સ્વરૂપ સમજાવવામાં ન આવ્યું. લગભગ એક વર્ષ સુધી ચાલેલા આ પ્રયોગનું પરિણામ એ આવ્યું કે જીવનના સાચા સ્વરૂપને સમજનાર પ્રયોગાત્મક સમૂહના લોકોએ પૂરી નિષ્ઠા-નિયમ સાથે નૈતિક આદર્શોનું પાલન કર્યું, જ્યારે તેથી વિપરીત નિયંત્રણ સમૂહના લોકોએ નીતિ-નિયમોના પાલનમાં ઉપેક્ષા કરી.

પ્રયોગ-સમૂહના જે લોકોએ નૈતિક આદર્શોનું પાલન ખૂબ જ સચ્ચાઈ તથા નિષ્ઠા સાથે કર્યું, તેમની મનોદશામાં ઘણો ગુણાત્મક સુધારો થયો. તેમના વ્યક્તિત્વની વિભિન્ન ક્ષમતાઓમાં ઘણો વધારો થયો. સાથે સાથે જ નિરાશા, નિરુત્સાહ, ગુનાહિતવૃત્તિ વગેરે જુદી જુદી માનસિક બીમારીઓમાં પણ ખૂબ જ ઘટાડો થયો. મહિલાઓમાં આ ટકાવારી ૯૯ તથા પુરુષોમાં ૯૭ રહી. એરિક ફ્રોમે તેની સમજૂતી આપતાં કહ્યું કે સામાન્ય રીતે મહિલાઓ આંતરિક રૂપે વધારે સંવેદનશીલ હોવાને કારણે પુરુષોની સરખામણીમાં વધારે ગ્રહણશીલ હોય છે. આ પ્રયોગોથી એ સ્પષ્ટ થઈ ગયું કે, નૈતિક આદર્શ, વ્યક્તિત્વની જુદી જુદી ક્ષમતાઓના વિકાસ માટે તથા લગભગ બધા જ પ્રકારના મનોરોગો મટાડવામાં મદદરૂપ થાય છે.

કંટ્રોલ ગ્રુપ અથવા નિયંત્રણ સમૂહમાં જે લોકોએ નૈતિક મર્યાદાઓની ઉપેક્ષા કે અવગણના કરી હતી તેમના વ્યક્તિત્વની જુદી જુદી ક્ષમતાઓમાં ઘટાડો થયો અને નિરાશા, નિરુત્સાહ તથા ગુનાહિતવૃત્તિ વગેરે મનોરોગોમાં ખૂબ જ વધારો થયો. કેટલાક તો એવાં ઉદાહરણ જોવા મળ્યાં કે આ નિયંત્રણ સમૂહમાં જે લોકો મોટેભાગે સ્વસ્થ-સામાન્ય રહેતા હતા, તેઓમાં નૈતિકતાની ભરપૂર અવહેલનાને કારણે અલગ મનોરોગ અંકુરિત થવા માંડ્યા. આનાથી એ વૈજ્ઞાનિક તથ્ય બહાર આવ્યું કે નૈતિક મર્યાદાઓની અવગણના કરનાર લોકોમાં ઘણુંખરું મનોરોગી બનવાની સંભાવના રહે છે.

એરિક ફ્રોમે પોતાના આ પ્રયોગો તથા તારણોને જ્યારે 'મોરલ વેલ્યુઝ એન્ડ મેન્ટલ ડિસઓર્ડર્સ' (નૈતિક મૂલ્ય અને માનસિક અસંતુલન)ના નામે શોધપત્રરૂપે પ્રકાશિત કર્યા ત્યારે યુવાનોમાં ખૂબ જ હલચલ મચી ગઈ. આખા વિશ્વમાં મોટી સંખ્યામાં યુવકો નૈતિક આદર્શો અપનાવવા માટે તૈયાર થયા. આ યુવકોમાંથી અમુક લોકોએ કહ્યું કે નૈતિકતાની બાબતમાં તેમણે જે પ્રશ્નો રજૂ કર્યા હતા, તેનું સમાધાન હવે થવા લાગ્યું છે. યુવાન વર્ગના વિશ્વવ્યાપી સર્વેક્ષણથી એ તારણ જોવા મળ્યું કે, નૈતિકતાના યક્ષ પ્રશ્નોના સમાધાન માટે તત્ત્વદર્શનના સિદ્ધાંત નહીં, વૈજ્ઞાનિક પ્રયોગ જરૂરી છે. તેમનાં તારણો વડે જ બધાં સાર્થક સમાધાન મળશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઋષિ આદર્શો નિભાવનાર કુલપતિ

જોનાર થોડુંક ચોંક્યો. તેણે વિચાર્યું આ તો શક્ય જ નથી. ભલા, એવું તે ક્યાંય બની શકે ? જરૂર આ મારી આંખનો દોષ છે. જોનાર વ્યક્તિ તેજ ગતિએ દોડતી પોતાની કારમાં બેઠેલી હતી. એકદમ ચકાચક વિદેશી મોડલની ખાસ્સી મોટી ગાડી હતી. એ કાર વૈભવના ઉત્કર્ષનું પ્રતીક લાગતી હતી. એમાં બેસનાર વ્યક્તિ પણ વૈભવપ્રેમી લાગતી હતી. બનારસની સડકો પર જ્યારે તે વ્યક્તિ પોતાની આ વિદેશી કારમાં બેસીને ભારે દબદબાપૂર્વક નીકળતી ત્યારે સડક પર ચાલનારની નજર અનાયાસ તેના આ ઠાઠમાઠ પર અટકી જતી, પણ આજે તો ઊલટું જ બન્યું. તેની પોતાની જ નજર ક્યાંક અટકી ગઈ હતી.

તેણે ડ્રાઈવરને કહ્યું, ગાડી થોડી પાછળ લઈ લો અને સડકના કિનારે રિક્ષામાં બેસીને જે ભાઈ જઈ રહ્યા છે તેની પાસે ગાડી ઊભી રાખો. ડ્રાઈવર આ અચાનક આદેશથી થોડો અચકાયો તો ખરો. પરંતુ આજ્ઞાનુસાર ગાડી પાછળ લઈ લીધી. થોડી જ વારમાં ચમચમ કરતી એ વિદેશી ગાડી સાધારણ એવી જૂની રિક્ષા પાસે જઈને ઊભી રહી ગઈ. કારમાં બેઠેલા એ સજ્જન પોતાની એ ચકાચક ગાડીમાંથી બહાર આવ્યા અને રિક્ષામાં બેઠેલ પ્રૌઢ વ્યક્તિને ઉદ્દેશીને બોલ્યા, આચાર્યજી આપ ! તેનાં આ સંબોધનમાં સમ્માન સાથે આશ્ચર્ય હતું.

જેમને તેણે આચાર્યજી કહ્યું હતું તેઓ થોડા મલકાયા. સાથે જ પ્રશ્નના ઉત્તરમાં એમણે સાહજિક જ પ્રતિપ્રશ્ન કર્યો. હા ભાઈ ! હું કેમ નહિ ? પરંતુ હું જાણું છું ત્યાં સુધી આપ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના કુલપતિ છો. વિશ્વવિદ્યાલય તરફથી આપને એક નવી કાર મળી છે. એમ છતાં આપ જૂની પુરાણી રિક્ષામાં બેસીને જઈ રહ્યા છો ? ભલા, એ આપને શોભે ? લોકો શું માનશે ? અરે ભાઈ ! આટલા બધા સવાલો એક સાથે ? રિક્ષામાં બેઠેલા સજ્જન હસતાં હસતાં બોલ્યા. ચાલો, હું આપના પ્રશ્નોનું સમાધાન કરી દઉં છું. પહેલી વાત એ છે કે હું મહામના માલવીયજી જેવા બ્રહ્મર્ષિ દ્વારા સ્થાપના કરવામાં આવેલ વિશ્વવિદ્યાલયનો કુલપતિ છું. મારા પર એ ઋષિચિંતનને અમલમાં મૂકવાની જવાબદારી છે. સાદગી અને સંયમના ઋષિ આદર્શો નિભાવવા એ મારી જવાબદારી છે. એટલે આ મને શોભે છે. રહી વાત લોકો શું માનશે તેની. તો એમાંથી જેઓ વિચારશીલ છે તેઓ તો બરાબર જ વિચારશે અને વિચારહીનોની ક્યારેય પરવા ન કરવી જોઈએ.

કાશ... પૂછનાર કોઈ નવો સવાલ પૂછે એ પહેલાં જ આચાર્યજી કહેવા લાગ્યા. ગભરાવ નહિ. હું તમામ જિજ્ઞાસાઓનું સમાધાન કરીશ. આપ જે નવી કારની વાત કરી રહ્યા છો એ મને મળી છે તે બરાબર છે. પરંતુ મેં અતિથિઓને લઈ આવવા-મૂકવા જવા માટે તેનો ઉપયોગ કરવાનો નિશ્ચય કર્યો છે. લોકો મને એટલે કે આચાર્ય નરેન્દ્ર દેવને એક સમાજવાદી ચિંતક તરીકે પણ જાણે છે. જેની જીવનદશામાં સામાજિક દશાની ઝલક મળતી હોય એ જ સમાજવાદી છે. આથી ભલા, હું ઠાઠમાઠ કેવી રીતે રાખી શકું ?

આચાર્ય નરેન્દ્ર દેવજી કાર ચલાવનાર સજ્જનને પોતાના જીવનના સત્યની જાણકારી આપી રહ્યા હતા. એમણે કહ્યું, કોઈપણ આચાર્યનો વૈભવ તપ અને વિદ્યા છે અને હું તો કુલપતિ એટલે કે આચાર્ય કુળનો વડો છું. એવું આચાર્ય કુળ અર્થાત્ વિશ્વવિદ્યાલય કે જેની સ્થાપના મહામના માલવીયજી જેવા ઋષિએ કરી છે. એટલું જ નહિ, હું મને પોતાને સમાજવાદી પણ કહું છું અને માનું છું. આ કારણે મારા પર એકસાથે અનેક આદર્શો નિભાવવાની જવાબદારી છે. આથી, મારા માટે કાર નહિ, રિક્ષા જ બરાબર છે.

સાંભળનાર નતમસ્તક થઈ ગયો. જો કે તે આચાર્યજીના સાહિત્ય અને વિચારોથી તો પહેલેથી જ પરિચિત હતો, પણ આજે એમના વિચારોની આ જીવંતતાનો અનુભવ કરીને તેને એવું લાગ્યું કે કોઈ મહર્ષિ સાથે મિલન થયું છે. તેણે ખૂબ શ્રદ્ધાભાવે તેમનાં ચરણસ્પર્શ કર્યા અને પોતાના ગંતવ્ય સ્થાન પર જવા ચાલી નીકળ્યો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરાણે કથા સાંભળવાનું પણ ઉપયોગી થયું

એક માણસ ખૂબ જ કંજૂસ, પાપી અને દુષ્ટ સ્વભાવનો હતો. તેણે અનીતિથી ખૂબ પૈસા ભેગા કર્યા અને પોતાના દીકરાને ચોરી કરવાની કળામાં ખૂબ નિપુણ બનાવ્યો. કાળાંતરે જ્યારે તે માણસનું મૃત્યુ નજીક આવ્યું, ત્યારે તેણે પોતાના દીકરાને બોલાવીને કહ્યું, પુત્ર ! આમ તો તું બધી જ બાબતમાં જાણકાર છે, પરંતુ મારી એક શિખામણનું ધ્યાન રાખજે, કે ક્યારેય કથા-વાર્તામાં, ભજન-કીર્તનમાં કે સાધુ-સંગમાં ન બેસતો અને તેઓની વાત ન સાંભળતો. પુત્રએ પિતાની વાત માની લીધી અને પિતાએ શરીરનો ત્યાગ કર્યો.

પિતાની જેમ પુત્ર પણ ચોરીનો ધંધો કરવા માંડ્યો. એક રાત્રે તે ચોરી કરવા જઈ રહ્યો હતો કે માર્ગમાં પુરાણની કથા થતી જોવા મળી. નિયત સ્થાને પહોંચવા માટે બીજો કોઈ રસ્તો ન હતો. ચોર થોડીવાર તો વિચાર કરતો રહ્યો કે શું કરું, શું ન કરું. અંતે કથા શ્રવણના પાપથી બચવા તેણે કાનમાં આંગળી ભરાવી અને આગળ ચાલ્યો. થોડાં ડગલાં ચાલ્યો તો ત્યાં અકસ્માતે પગમાં કાંટો વાગ્યો અને કાંટો કાઢવા માટે કાનમાંથી આંગળીઓ કાઢવી પડી. આથી તેને કથાની વાતો સંભળાવા લાગી. ચોરે તે સાંભળેલી વાતો ભૂલવાનો ખૂબ પ્રયત્ન કર્યો, પણ બે વાતો તેને યાદ રહી ગઈ. ૧. દેવતાઓની છાયા નથી હોતી, ૨. સત્યની સદા જીત થાય છે.

કથા શ્રવણ અને કાંટાની પીડાને કારણે ધૂંધવાતો ચોર આગળ વધ્યો. તેણે આજે રાજમહેલ પર છાપો માર્યો અને ખજાનામાંથી ઘણું બધું દ્રવ્ય ચોરી લીધું. ચોરેલું ધન, સોનું અને ઝવેરાત ખૂબ જ હતું. તે લઈ જવા માટે તેણે રાજાનું જ ઊંટ લીધું અને તેના ઉપર બધું વજન લાદીને પહેરેદારોની નજર ચુકાવીને ગુપ્ત માર્ગે પોતાને ઘેર પહોંચી ગયો. રાજાનું ઊંટ ઓળખાઈ જાય અને એ રીતે ચોરી પકડાઈ જાય એમ હતી તેથી તેણે ઊંટને કાપી નાંખ્યું અને તેના શરીરના ટુકડાઓને પોતાના ઘરમાં જ ખાડો ખોદીને દાટી દીધા.

સવાર થતાં જ રાજાને ખબર મળી કે ખજાનામાંથી જબરદસ્ત ચોરી થઈ છે. ચોરી કેવી રીતે થઈ તેની જોરદાર શોધખોળ થવા માંડી. પશુશાળામાંથી એક ઊંટ લાપતા જોવા મળ્યું. ખજાના પાસે ઊંટ પર માલ લાદવાનાં નિશાન હતાં એટલે એવું અનુમાન કરવામાં આવ્યું કે ચોર ઊંટ પર લાદીને ચોરીનો માલ લઈ ગયો છે. રાજાએ ચોરની ભાળ મેળવનારને ખૂબ મોટા ઈનામની જાહેરાત કરી અને ગુપ્ત મહિલા પોલીસોને આ કાર્ય ખાસ રીતે સોંપ્યું.

ગુપ્ત મહિલા પોલીસોમાંની એક વૃદ્ધ સ્ત્રી આ પ્રકારના કામની શોધ કરવામાં ખૂબ કાબેલ હતી. તેણે વિચાર કર્યો કે ચોર રાજાના ઊંટને એમ જ છોડી શકે નહીં કારણ કે એમ કરવાથી આખા નગરની જડતી લેવાથી ચોરી પકડાઈ જઈ શકે, તેથી ચોરે ચોક્કસ ઊંટને મારીને ક્યાંક દાટી દીધું હોવું જોઈએ. આ જ અનુભવને આધારે તે સ્ત્રી વેશ બદલીને ઘેરથી નીકળી અને લોકોના ઘેર જઈને રોક્કળ કરતી કે મારો દીકરો બીમાર છે, તેને માટે ઊંટનું સડેલું માંસ લેવા જણાવ્યું છે, તે નહીં મળે તો મારો દીકરો મરી જશે. હાય, હવે શં કરું, ક્યાં જાઉં ?

સ્ત્રીઓ તેની વાત સાંભળતી પરંતુ ઊંટનું માંસ ક્યાંથી આપે, બિચારી લાચાર થઈને ચૂપ થઈ જતી. તે સ્ત્રી ગામ-ગામ, નગર-નગરમાં ફરવા લાગી. એક દિવસ તે ચોરને ઘેર જઈ પહોંચી. ચોરની પત્ની ભલી-ભોળી હતી. વૃદ્ધ સ્ત્રીની રોક્કળથી તેને દયા આવી અને ખાડામાંથી કાઢીને થોડું ઊંટનું માંસ આપી દીધું. વૃદ્ધ સ્ત્રી ખુશ થઈ ગઈ. તેણે તે દરવાજા ઉપર કાળું નિશાન કરી દીધું જેથી બીજે દિવસે તે ઘર ઓળખાઈ જાય અને રાજી થતી ચાલી ગઈ.

ચોરના ઘરની ભાળ તો મળી ગઈ પરંતુ તે વૃદ્ધ મહિલા પોલીસને હજુ એ જાણવું હતું કે ધન તેના જ ઘરમાં છે કે કોઈ બીજી જગ્યાએ રાખ્યું છે. રાજાને પૂરેપૂરી અને પાકી ખબર આપે તો જ ઈનામ મળે તેથી બીજા દિવસે પણ શોધ ચાલુ રાખવાનો નિર્ણય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કર્યો.

તે સ્ત્રીએ શરીર પર કાળો રંગ લગાડ્યો, વાળ વીંખી નાખ્યા અને ભયંકર રૂપ બનાવી ભેંસ પર સવાર થઈ રાત્રે ૧૨ વાગે તે ચોરને ઘેર પહોંચી અને દરવાજા આગળ જઈને હુંકાર કરવા લાગી. ચોર બહાર આવ્યો એટલે તે સ્ત્રીએ કહ્યું દુષ્ટ ! તું મને જાણતો નથી, હું ભવાની દુર્ગા છું. તું રાજમહેલમાંથી આટલી મોટી ચોરી કરી લાવ્યો પણ મારા માટે એક બલિ પણ ન ચડાવ્યો, હવે હું તને જ ખાઈ જઈશ.

ચોર પર ધમકીની અસર થઈ. તે કરગરતો દેવીના પગમાં પડ્યો અને કહેવા લાગ્યો, ભગવતી ! ચોરીનું ધન હજી એમ ને એમ ઘરમાં દાટેલું છે. મેં તેનો સ્પર્શ સુધ્ધાં કર્યો નથી, પહેલાં આપને બલિ ચડાવીશ પછી જ તેને હાથ અડાડીશ. ભૂલ માટે મને ક્ષમા કરો. કાલે જ આપના મંદિરમાં નવ બકરાઓનો બલિ ચડાવીશ. દેવી ખુશ થતી પાછી ચાલી ગઈ.

દેવીના ચાલ્યા ગયા બાદ ચોરને શંકા પડી કે ક્યાંક આ ભેદી તો નથી, જે દુર્ગાનો વેશ બનાવીને આવી હોય. તે જ સમયે તેને યાદ આવ્યું કે કથામાં મેં સાંભળ્યું હતું કે દેવતાઓની છાયા નથી હોતી. પોતાની શંકાનું સમાધાન કરવા તે દેવી ગઈ હતી તે દિશામાં ગયો અને જોયું કે તેનો પડછાયો પડે છે. ચોરને ખાતરી થઈ ગઈ કે આ ભેદી છે. તેણે તે દેવીને પકડીને મારી નાંખી અને ઊંટની સાથે જ દાટી દીધી.

ઘણો સમય વીતી ગયો, પણ ચોરીની કોઈ ભાળ ન મળી, અને એક મહિલા પોલીસ પણ ગાયબ થઈ ગઈ. રાજાને ખૂબ ચિંતા થઈ કે આવો ભયંકર ચોર જો રાજ્યમાં રહેશે તો પ્રજાનું ખૂબ નુકસાન થશે તેથી તેણે ઈનામની રકમ ખૂબ વધારી દીધી. જાહેરાત કરવામાં આવી કે જે કોઈ આ ચોરને પકડીને હાજર કરશે તેને અડધું રાજ્ય આપવામાં આવશે અને રાજકુમારીનું લગ્ન તેની સાથે કરવામાં આવશે.

ચોર એક ભીષણ વિપત્તિમાંથી તો બચી ગયો. તેને રહી રહીને યાદ આવતું હતું કે કથા સત્સંગનો એક ભાગ મેં સાંભળ્યો હતો કે દેવતાઓની છાયા નથી હોતી. એ ભાગે મારા પ્રાણ બચાવ્યા, નહીં તો તે મહિલા પોલીસ દ્વારા પકડાઈ જાત અને રાજા મને કૂતરાઓ પાસે ફાડી ખવડાવત. હવે તે વિચારવા માંડ્યો કે સત્સંગમાં જે બીજી વાત સાંભળી હતી, તેની પણ પરીક્ષા કરવી જોઈએ.

"સત્યનો વિજય થાય છે" આ ઉપદેશની વાસ્તવિકતા તપાસવા માટે તે સીધો રાજ-દરબારમાં પહોંચ્યો અને રાજાને કહ્યું, શ્રીમાન ! આ ચોર આપની સામે ઊભો છે. તેણે જ ચોરી કરી હતી. તેણે બધી બિના કહી સંભળાવી.

રાજા વિચારમગ્ન થઈ ગયો. તેણે વિચાર્યું - "સત્યનો વિજય થાય છે"આ ઉપદેશે જ્યારે ચોર ઉપર એટલો પ્રભાવ પાડ્યો કે તે પોતાનો જાન જોખમમાં મૂકીને અપરાધ કબૂલ કરવા મારી સામે ઉપસ્થિત થયો છે, તો મારે પણ મારા પોતાના સત્યની રક્ષા કરવી જોઈએ. રાજાએ ચોરનો અપરાધ માફ કરી દીધો અને પોતાના વચન અનુસાર પોતાની પુત્રી પરણાવીને અડધું રાજ્ય આપી દીધું.

ચોરને પ્રાણદંડને બદલે આટલો મોટો પુરસ્કાર કેમ મળ્યો ? રાજ્યભરના લોકોએ એ પ્રશ્ન અંદરોઅંદર એકબીજાને પૂછતા હતા. વિચારવાન અને બુદ્ધિમાન લોકો તેનો ઉત્તર આપતા હતા કે "સત્યનો વિજય થાય છે."

❁ ❁ ❁

**શંકાના સમાધાન માટે અનેક લોકો મહર્ષિ દયાનંદ પાસે આવતા હતા. છોટુ ગિરિ નામનો એક કુળવાન માણસ બીજા કેટલાય લોકો સાથે તેઓની પાસે પહોંચ્યો. તે ખૂબ દંભી હતો. તે બોલ્યો, "હું તો જ્યાં આપ બેઠા છો, ત્યાં બેસીશ."મહર્ષિએ સ્થાન ખાલી કરી દીધું. થોડીવારમાં એક કાગડો ઝાડની ડાળી પર બેસી કા-કા કરવા લાગ્યો. દયાનંદ બોલ્યા, "મહાશય ! આ કાગડાની જેમ જ ઊંચા આસન પર બેસવાથી કે ઊંચી જાતિમાં જન્મ થવાથી કોઈ ઊંચું નથી થઈ જતું. આ સંસારમાં મોટાઈ તો કેવળ સત્કર્મની જ છે."**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિષય-વિકારોમાંથી નિવૃત્તિનું સાધન-ઉપવાસ

''વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય'' અર્થાત્ ઉપવાસ વિષય અને વિકારોમાંથી નિવૃત્તિ માટેનું સર્વશ્રેષ્ઠ સાધન છે. મન વિભિન્ન પ્રકારની વિષય-વાસનાઓથી ઘેરાયેલું રહે છે. હૃદયમાં દુર્ભાવનાઓનો મેલ ચઢેલો હોય છે. શરીર અંધ તમસ અને જડતાથી ઘેરાયેલું રહે છે. ઉપવાસથી આ વિકારો અને વૃત્તિઓનો નાશ થાય છે. શરીર, મન અને ભાવના ઉપવાસના જળથી ધોવાય છે તથા પવિત્ર અને પાવન બને છે. ઉપવાસ મહત્ત્વપૂર્ણ ધાર્મિક કૃત્યની સાથે જ રોગનિવારક અને શક્તિવર્ધક સાધન પણ છે.

ઉપવાસને આંતરિક શુદ્ધિ અને સુધારણા માટેના મુખ્ય તત્ત્વની સંજ્ઞા આપવી યોગ્ય છે. આ જ કારણથી આપણી સંસ્કૃતિ અને ધર્મમાં તેનું વિશિષ્ટ સ્થાન છે. વ્રત, અનુષ્ઠાન, સાધના, તપશ્ચર્યા વગેરે ધાર્મિક કાર્ય તેના વગર અધૂરાં માનવામાં આવે છે. દરેક નવરાત્રિના નવ દિવસ કેટલાય લોકો પૂર્ણ અથવા આંશિક ઉપવાસ કરે છે. હોળી, દિવાળી, ત્રીજ, કડવા ચોથ વગેરે અનેક વ્રત-તહેવારોમાં પૂજન પહેલાં સ્ત્રીઓ ઉપવાસ કરે છે. આપણાં દેશની અનેક પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિને ભોજન કરાવ્યા વગર ભોજન કરતી નથી. આ આંશિક ઉપવાસ પણ ચિત્ત શુદ્ધિની દૃષ્ટિએ ખૂબ ઉપયોગી હોય છે.

ઉપવાસનો રિવાજ દરેક ધર્મ-સંપ્રદાય અને મહાપુરૂષોના જીવનમાં કોઈ ને કોઈ રૂપે જોવા મળે છે. સેવાવ્રતના આગ્રહી ઈશુ, ભાઈચારાની ભાવના ફેલાવનાર મહંમદ, અપરિગ્રહી મહાવીર, કરુણાવતાર બુદ્ધ, અહિંસાના પૂજારી ગાંધીના લાંબા ઉપવાસ જાણીતા છે. જૈન સંપ્રદાયમાં શરૂઆતથી જ ઉપવાસનો રિવાજ છે. ઈજિપ્તમાં પ્રાચીનકાળમાં કેટલાંય ધાર્મિક પર્વો નિમિત્તે ઉપવાસ કરવામાં આવતા હતા. યહૂદીઓમાં તેઓના સાતમા મહિનાના દસમા દિવસે ઉપવાસ કરવાનું વિધાન છે. રોમન લોકો ઈસ્ટર પહેલાંના ત્રણ અઠવાડિયા દરમિયાન શનિવાર, રવિવાર સિવાયના દિવસોમાં ઉપવાસ કરે છે.

મનીષીઓના મતે તે શારીરિક રોગોના નિવારણ તથા આત્મિક પરિષ્કાર માટે કરવામાં આવે છે. તેનાથી શારીરિક શુદ્ધિ થાય છે તથા આંતરિક વિજાતીય દ્રવ્યો અને એકઠાં થયેલાં વિવિધ ઝેરનું નિવારણ થાય છે. આધ્યાત્મિક ઉપયોગના રૂપમાં પણ તેનો પ્રયોગ થાય છે. વિષયાસક્ત મનની સુધારણા કરવા માટે તથા આત્મશક્તિના વિકાસ માટે પણ ઉપવાસનું વિધાન છે.

આયુર્વેદમાં તેને ચિકિત્સાનું મુખ્ય અને મહત્ત્વપૂર્ણ અંગ માનવામાં આવ્યું છે. તેના આ મહત્ત્વને કારણે જ સુશ્રુતે કહ્યું છે કે જે મનુષ્યના આંતરિક અંગ-અવયવ નિષ્ક્રિય પડી રહે છે, બરાબર કામ નથી કરતા, તે બધા ઉપવાસથી કાર્યરત થઈ જાય છે. તેઓના અગ્નિની સ્થિતિ બરાબર થઈ જાય છે અને હઠીલા રોગો ઝડપથી દૂર થવા માંડે છે. ચીન તથા તિબેટના પ્રાચીન ચિકિત્સા ગ્રંથોમાં પણ રોગ નિવૃત્તિ માટે ઉપવાસનો ઉલ્લેખ મળે છે. આ રીતે માનવ સભ્યતાની શરૂઆતમાં જ્યારે ઔષધિઓની શોધ નહોતી થઈ, ત્યારે રોગમુક્તિ માટે આ જ એકમાત્ર સર્વસુલભ સાધન હતું. હવે તો પશ્ચિમી દેશોની માન્યતા બદલાવા લાગી છે અને ઉપવાસ પ્રત્યે તેમની રુચિ તથા સંમતિ વધવા લાગી છે. ત્યાંના આધુનિક ચિકિત્સકોની સલાહમાં દવાની સાથે ઉપવાસ માટે પણ ભલામણ કરવામાં આવે છે. અમેરિકા, કેનેડા, જર્મની, ફ્રાંસ, ઓસ્ટ્રેલિયા,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઈંગ્લેન્ડ વગેરે અનેક દેશોમાં તો ઉપવાસનાં સામૂહિક કેન્દ્રો પણ બનવા લાગ્યાં છે.

સાચે જ સ્વાસ્થ્યની દૃષ્ટિએ ઉપવાસનું અસાધારણ મહત્ત્વ છે. રોગીઓ માટે તે સંજીવની સમાન છે. ખોરાકના રૂપમાં જે ખાદ્ય પદાર્થ લેવામાં આવે છે તેનું પહેલાં પાચન થાય છે, ત્યાર પછી પચેલો ખોરાક યકૃતમાં પહોંચે છે. યકૃત આ પચેલા પદાર્થમાંથી નકામા અને ઝેરીલા પદાર્થોને કાઢી નાખે છે. આવા સમયમાં ઉપવાસનું મહત્ત્વ વધી જાય છે. ઉપવાસ દરમિયાન કોઈ નવો પદાર્થ શરીરમાં પહોંચતો નથી અને વિષમય તત્ત્વ પણ નથી બનતાં. પરિણામે યકૃતને પોતાનું કાર્ય કરવાની સંપૂર્ણ તક મળે છે અને શરીરરૂપી દિવ્યમંદિરની શુદ્ધિ થતી રહે છે.

આમ તો બધા જ રોગોમાં ઉપવાસ પોતાનો કોઈ ને કોઈ પ્રભાવ બતાવે છે, પરંતુ આમાશય અને આંતરડાંના રોગો માટે તો તે અત્યંત લાભદાયક છે. પેટમાં ભોજનના સડામાંથી ઉત્પન્ન થયેલું વિષ લોહીમાં સતત ભળતું રહેવાના કારણે થતો માથાનો દુઃખાવો, ચક્કર અને હૃદયના કષ્ટદાયક રોગમાં તે ખૂબ જ ઉપયોગી છે. જીર્ણ રોગી પણ ઉપવાસરૂપી મહાઔષધિથી સ્વાસ્થ્ય-લાભ પ્રાપ્ત કરે છે. ફેફસાંના ઘા, મેદસ્વીપણું, પેટનાં દર્દ, ઝાડા, મરડો, પ્રદર, પિત્તદોષ, આંતરિક સોજા, મધુપ્રમેહ, શરદી, કબજિયાત વગેરે રોગ ઉપવાસ કરવાથી જલદી મટે છે. સાચું કહીએ તો બધા જ રોગોનું મૂળ વધારે પડતું તથા સ્વાદ માટે કરવામાં આવતું અનિયમિત ભોજન જ છે. ઉપવાસ તેના મૂળ પર હુમલો કરે છે. અર્થાત્ ભોજન પર મનાઈ ફરમાવે છે. જ્યારે રોગનું કારણ જ નહીં હોય, તો રોગને ક્યાંથી પોષણ મળશે ?

ચિકિત્સકોના મતાનુસાર રોગનિવારણની આ સૌથી સફળ ઉપચાર પદ્ધતિ છે. આ સંદર્ભમાં ડો. વારનાર મૈકફેડને કેટલાય પ્રકારના રોગોમાં ઉપવાસનું પરીક્ષણ કર્યું. તેમને સૌથી વધુ અને ઝડપી સફળતા ન્યૂમોનિયામાં મળી. ઉપવાસના માધ્યમથી ન્યૂમોનિયાના રોગીઓ જલદી સાજાં થઈ ગયા. ડૉ. એડવર્ડ ડૂકરે ટૂંકાગાળાના ઉપવાસનું મહત્ત્વ પ્રતિપાદિત કરતા સ્પષ્ટ કર્યું છે કે આનાથી માત્ર રોગોમાં જ લાભ થાય છે એમ નહીં, પરંતુ તે નેત્ર જ્યોતિ, શ્રવણ શક્તિ, ઘ્રાણેન્દ્રિયની સૂક્ષ્મ ક્ષમતાઓનો પણ વિકાસ કરે છે. એમનાં પ્રાયોગિક તારણોને ચમત્કારિક કહી શકાય છે. આ સંદર્ભમાં ડૉ. એડવર્ડ કહે છે કે રોગીઓના ઉપવાસની શરૂઆત મેં સવારનો નાસ્તો છોડાવીને કરી. તેનાથી જૂના દમ અને હરસ જેવી બીમારીમાં ઘણો લાભ મળ્યો. શક્ય છે કે આથી જ પ્રસિદ્ધ એંગ્લોઈન્ડીયન નવલકથાકાર આપ્ટન સિંકલેયરે પણ ઉપવાસ ચિકિત્સા પર પોતાની ઊંડી આસ્થા વ્યક્ત કરી છે. તેમના મતે ઉપવાસ પૂર્ણ તથા કાયમી સ્વાસ્થ્યનો જન્મદાતા છે. આગળ તેમણે સ્પષ્ટ કર્યું છે, મારા ઉપવાસ સંબંધી જ્ઞાનને હું સંસારની બધી જ મૂલ્યવાન વસ્તુઓ કરતાં પણ વધારે કીમતી સમજુ છું.

ઉપવાસની પ્રક્રિયા દ્વારા ફક્ત શારીરિક સ્વાસ્થ્ય જ માત્ર સુધરે છે, એમ વાત નથી. મનોવિકારોના શમન માટે પણ તે અત્યંત ઉપયોગી છે. લગભગ બધા જ મનોવિકાર ખૂબ હઠીલા હોય છે. તેનાં મૂળ મનના અતિશય ઊંડાણમાં છુપાયેલાં હોય છે. દવા જેવી વસ્તુઓ એટલી અસરકારક નથી થતી, કારણ કે તે ઊંડાણ સુધી પહોંચતી નથી, જ્યારે કેટલાક વિશિષ્ટ પ્રકારના ઉપવાસ એવા હોય છે જે તેમનાં મૂળને સૂકવી નાંખે છે અને ઉત્પાત મચાવનારા વિષય-વિકારોમાંથી સહેલાઈથી છુટકારો અપાવે છે.

સામાન્ય મનોવિકારો જેવા કે તણાવ, ઉદાસી, ચીડિયાપણું વગેરે તો ઉપવાસ દ્વારા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સહેલાઈથી દૂર થઈ જાય છે. તે સિવાય કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર વગેરે પ્રબલ મનોવિકારો પણ વિશિષ્ટ પ્રકારના ઉપવાસના માધ્યમથી ધીમે ધીમે ક્ષીણ થાય છે. જો ઉપવાસ આસ્થા અને નિયમપૂર્વક નિરંતર કરવામાં આવે તો બધી જ વિષય-વાસનાઓમાંથી નિશ્ચિતરૂપે મુક્તિ મેળવી શકાય છે.

યોગસાધનાના ગંભીર રહસ્યવેત્તાઓ અને મર્મજ્ઞોએ ઉપવાસની આ વિશેષતા અને મહત્ત્વને સ્પષ્ટરૂપે સ્વીકાર્યું છે. તેમના મતે અન્નમય કોશની શુદ્ધિ માટે આ સર્વોત્તમ સાધન છે. શરીરમાં અત્યંત સૂક્ષ્મ અને પાતળી પાતળી દોરીઓ એકબીજા સાથે વીંટળાયેલી હોય છે. શરીરશાસ્ત્રીઓ તેને નાડી ગુચ્છક કહે છે. યોગવિજ્ઞાનમાં તેમને ઉપત્યિકાઓ રૂપે ઓળખવામાં આવે છે. આ જ અન્નમય કોશની બંધનકર્તા ગ્રંથિઓ છે. તે ખૂબ જ જટિલ અને ગૂંચવાયેલી હોય છે. મૃત્યુનો ક્રૂર હથોડો જ તેમને ખોલી શકે છે, નહીં તો જીવનભર બંધાયેલી ગૂંચવાયેલી હોય છે અને જીવનને મૂંઝવતી-નચાવતી રહે છે, કારણ કે આ ગુચ્છક શરીરના ગુણ-દોષોનું પ્રતિનિધિત્વ કરે છે.

જેઓના શરીરમાં અમાયા વર્ગના ગુચ્છક જોવા મળે છે, તે વ્યક્તિ અત્યંત કઠોર સ્વભાવની હોય છે. તે હઠીલી હોય છે, જે કામ કરવાનું નક્કી કરે છે, તેને છોડતી નથી. તેમની પ્રકૃતિ દૃઢ તથા મજબૂત હોય છે. કોઈપણ અયોગ્ય આહાર તેમને રોગી બનાવી શકતો નથી, પરંતુ જ્યારે આ ગુચ્છક વિકારગ્રસ્ત બની જાય છે, ત્યારે તેના પર કોઈપણ પ્રકારનો ઉપચાર સફળ થતો નથી. દીપિકા જાતિના ગુચ્છકોને કારણે ચામડીના રોગો, ફોલ્લા, ફોડલી, પીળો પેશાબ તથા તેમાં બળતરા વગેરે રોગ થાય છે. કામ-વાસનામાં પ્રબળતા પૂષા ઉપત્યિકાઓનું પરિણામ છે. માન્યતા છે કે, કામદેવે કુસુમનાં બાણો વડે શિવજીની આ જ ગ્રંથિઓને ઉત્તેજિત કરી નાંખી હતી.

યોગ વિજ્ઞાન ૯૬ પ્રકારની ઉપત્યિકાઓ વિશે જાણી શક્યું છે. અતિ આધુનિક વિજ્ઞાન આજસુધી આ બાબતમાં કોઈ જાણકારી મેળવી શક્યું નથી. યોગી જ તેનાં છૂપા રહસ્યને પોતાની સાધના વડે ભેદી શકે છે. તેમના મતે આ જ શારીરિક અને માનસિક રોગોનાં મૂળ કારણો છે. ઉપવાસના માધ્યમથી તેમની સુધારણા, શુદ્ધિ અને સંતુલન શક્ય બનાવી શકાય છે. જો કે આ વિદ્યા ગહન, ગંભીર અને ગુપ્ત છે. વિરલા જ કહો, પરંતુ હજુ પણ એવા યોગી અને તપસ્વી ઋષિઓ છે, જેમને આ ગૂઢ વિજ્ઞાનનું સાંગોપાંગ જ્ઞાન છે.

જેમને અનુભવ છે, તેઓ જાણે છે કે ઉપવાસ વિશુદ્ધ રીતે એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. વિશિષ્ટ સમયે કરવામાં આવેલ ઉપવાસનું પરિણામ પણ વિશેષ હોય છે. આ વૈજ્ઞાનિક સત્ય છે કે મનુષ્યનો પ્રકૃતિ સાથે ગાઢ સંબંધ છે. પ્રકૃતિ તેને પ્રભાવિત કરે છે. આ જ કારણે શરીરમાં રહેલ છ પ્રકારના અગ્નિઓ ઋતુ પરિવર્તનને અનુરૂપ ઘટતા, વધતા અને બદલાતા રહે છે. ઉપવાસથી તેમનું નિયમન અને નિયંત્રણ થાય છે. આ ઋતુઓમાં વિધિ-વિધાન વડે કરવામાં આવેલ ઉપવાસ ખૂબ જ લાભદાયક હોય છે. કડવા ચોથનો ઉપવાસ દાંમ્પત્ય પ્રેમ વધારનાર હોય છે. આ દિવસે નક્ષત્ર અને ચંદ્રના સમ્યક્ પ્રભાવ દ્વારા વૈવાહિક જીવન સુખી અને ઉલ્લાસપૂર્ણ બની જાય છે.

વિશેષ દિવસનું પણ પોતાનું મહત્ત્વ હોય છે, તેથી તે દિવસે ઉપવાસ કરવાથી તેના પ્રભાવ અને પરિણામનો લાભ મેળવી શકાય છે. સોમવારમાં ચંદ્રનો વિશેષ પ્રભાવ હોય છે. આથી તે દિવસના ઉપવાસથી ઉજ્જવળ ભવિષ્ય, કીર્તિ, માન-પ્રતિષ્ઠા વગેરે મળે છે. આ રીતે મંગળવાર દૃઢતા, કઠોરતા તથા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બુધવાર સૌમ્ય, શિષ્ટ અને કફપ્રધાન હોય છે. ગુરુવારનો ઉપવાસ હૃદયની શુદ્ધતા, સુધારા માટે સર્વોત્તમ છે. એનાથી શ્રેષ્ઠ અને પાવન ભાવનાઓનો વિકાસ થાય છે. આ ઉપરાંત વિદ્યા, બુદ્ધિ અને ધન લાભ પણ થાય છે. શુક્રવાર વાતપ્રધાન છે અને શનિ સ્થિરતા, સુખોપભોગ અને પરિપુષ્ટિનો અધિકારી છે. આ દિવસોના ગુણ ઉપવાસ કરનારાઓને અનાયાસ મળી જાય છે.

રવિવારમાં સાતેય દિવસોનો સમન્વિત પ્રભાવ પડે છે. આ દિવસે સાતેય ગ્રહોની સામૂહિક શક્તિ ધરતી પર ઊતરે છે અને આમ પણ સૂર્ય ધરતી અને મનુષ્યોને પોતાના પ્રાણથી સીંચે છે. ગાયત્રી મહામંત્રના દેવતા પણ તે છે. આથી રવિવારના વ્રતનું મહત્ત્વ ખૂબ જ છે. આ વ્રતનો સર્વપ્રથમ પ્રભાવ મન પર પડે છે અને મન જ જીવનનું કેન્દ્રબિન્દુ છે. નિયમપૂર્વક સતત બાર રવિવારના વ્રતથી મન પર આશ્ચર્યજનક પરિવર્તન જોઈ શકાય છે. આ એક દિવ્ય અનુભવ છે, જે તેને કરીને જ અનુભવી શકાય છે. તેની સાથે બાર આદિત્યોનો ગૂઢ મર્મ પણ છુપાયેલો છે.

રવિવારના વ્રતના કેટલાક સામાન્ય તેમજ સાહજિક નિયમ છે જેને સહેલાઈથી નિભાવી શકાય છે. ભોજનમાં મીઠું (નમક) ખાવાની મનાઈ છે. દૂધ, ફળ વગેરે વસ્તુઓ બપોરના બાર વાગ્યા પછી તથા સૂર્યોદય પહેલાં લઈ શકાય છે. ચોખાની ખીર પણ લઈ શકાય છે. તે દિવસે સફેદ અથવા પીળાં વસ્ત્રો પહેરવાનું વિધાન છે. પ્રાતઃકાળે ઊઠીને પાંચથી અગિયાર માળા ગાયત્રી મંત્રના જપ કરતાં કરતાં સૂર્યની પવિત્રતા અને પ્રખરતાનું ધ્યાન અવશ્ય કરવું જોઈએ. આસ્થા અને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવેલ ધ્યાન દ્વારા જીવનમાં સૂર્યની માફક પ્રખરતા અને તેજ ઉત્પન્ન થાય છે. ઉપવાસના વૈજ્ઞાનિક લાભ પણ મળવા લાગે છે.

## મહાકાળનો સંદેશ

પરમપૂજ્ય ગુરુદેવે જીવનભર જનકલ્યાણ માટે સાહિત્ય સર્જન કર્યું, તેમના તપ અને જ્ઞાનનો નિચોડ તેમના સાહિત્યમાં છે. બધા જ લોકો સુધી આ જ્ઞાનગંગા પહોંચે, તે માટે "પં. શ્રીરામ શર્મા આચાર્ય વાઙ્મય"નું પ્રકાશન કરવામાં આવ્યું છે. લાખો લોકોએ તે વાંચીને જીવન ધન્ય બનાવ્યું છે. દરેક ઘરમાં વાઙ્મયની સ્થાપના થવી જોઈએ, પરિવાર માટે આ અમૂલ્ય આધાર તથા વારસો છે.

જો ભગવાને આપને શ્રી સંપન્નતા આપી હોય, તો જ્ઞાનદાન કરીને પુણ્ય અર્જિત કરશો. વિશિષ્ટ અવસરો તથા પૂર્વજોની સ્મૃતિમાં પૂજ્યવરનું વાઙ્મય વિદ્યાલયો, પુસ્તકાલયોમાં સ્થાપિત કરવું. વિવાહ, જન્મદિવસ તથા અન્ય ઉત્સવો પર અથવા ઈનામ સ્વરૂપે પણ આ સાહિત્ય અમૂલ્ય ભેટ સાબિત થશે. આપનું આ જ્ઞાનદાન આવનારી પેઢીઓને સન્માર્ગ પર ચલાવશે. જે કોઈ તેને વાંચશે, ધન્ય થઈ જશે. શાસ્ત્રોમાં કહ્યું છે -

સર્વષામેવ દાનાનાં બ્રહ્મદાનં વિશિષ્યતે
વાર્યન્ન ગોમહીવાસસ્તિલકાંચનસર્પિષામ્
-મનુસ્મૃતિ ૪/૨૩૩

જળ, અન્ન, ગાય, પૃથ્વી, વસ્ત્ર, તલ, સુવર્ણ અને ઘી આ બધા દાનો કરતાં જ્ઞાનનું દાન સૌથી ઉત્તમ છે.

શ્રેયાન્દ્રવ્યમયાદ્યજ્ઞાઃજ્ઞાનયજ્ઞઃ પરંતપ
સર્વંકર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે ।
- ગીતા ૪/૩૩

હે પરંતપ ! દ્રવ્યયજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે, કારણ કે જેટલાં પણ કર્મ છે તે બધા જ જ્ઞાનમાં જ સમાપ્ત થાય છે. જ્ઞાનદાન સર્વોપરિ પુણ્ય છે, શુભકાર્ય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અહંકારની ગાંઠ ખૂલે તો આત્મબોધ થાય

વ્યક્તિત્વની વ્યાધિ આજકાલ હદબહાર વધી ગઈ છે. માણસ અજાણપણે જ તેના ચક્રવ્યૂહમાં ગૂંચવાઈ ગયો છે. દુઃખ, નિરાશા, હતાશા, વિષાદ, ચિંતા, તણાવ વગેરે અનેક કુચક્રોએ તેને ઘેરી લીધો છે. આમાંથી કોઈ એકમાંથી જો તે ગમે તેમ કરીને નીકળી શકે, તો અનાયાસ જ બીજામાં ફસાઈ જાય છે. તેના અનેક કારણો હોય છે, પરંતુ પરિણામ મનમાં સંતાપ રૂપે સામે આવે છે. માનસિક અને ભાવનાત્મક પીડાનો તરફડાટ તેને ઘેરી લે છે. વ્યક્તિત્વની અનેક બીમારીઓ તેને વ્યાકુળ બનાવી દે છે. તેમાંથી છુટકારો મેળવવાનો પ્રયત્નો ઓછા નથી થયા. મનોવિજ્ઞાનનો બધો જ ભંડાર તેના માટે જ જન્મ્યો તથા ફાળવવામાં આવ્યો છે. તેના બધા જ સિદ્ધાંતોની રચનાનો એકમાત્ર ઉદ્દેશ આ જ રહ્યો છે. તેમ છતાં આજના પ્રમાણમાં પ્રચલિત પ્રયત્નો ખૂબ જ અપૂરતા સાબિત થયા છે.

ફ્રોઈડનો સિદ્ધાંત, મનોવિશ્લેષણની પદ્ધતિઓ, આજના યુગમાં અસરકારક સાબિત થઈ રહી નથી. આ વિષયમાં સતત શોધ-સંશોધન કરનારા વિશેષજ્ઞોનો મત છે કે ફ્રોઈડના ઈડ, ઈગો તથા સુપર ઈગોનાં તત્ત્વ વ્યક્તિત્વની સાર્થક તથા સમગ્ર વ્યાખ્યા આપવા માટે અક્ષમ છે. આવા જ એક સંશોધન વૈજ્ઞાનિક નોના કોક્સહેડનું કહેવું છે કે કોઈપણ તત્ત્વની વિકૃતિને સમજવા તથા તેનું નિદાન શોધતાં પહેલાં તેની સાચી પ્રકૃતિને તથા ક્રિયાવિધિને જાણવી જરૂરી છે. સંપૂર્ણ પ્રકૃતિને સાચી રીતે સમજ્યા વગર તેની વિકૃતિનાં સ્વરૂપ તથા કારણોની શોધ કરી શકાતી નથી. વિકૃતિના મૂળ કારણને શોધ્યા વગર તેનું નિદાન કેવી રીતે થઈ શકે, તેથી જો મનુષ્યના વ્યક્તિત્વને વ્યાધિમુક્ત કરવું હોય, તો તેની પ્રકૃતિને સાચી રીતે ઓળખવી પડશે.

મનોવિજ્ઞાની હ્યૂસ્ટન સ્મિથ આ ઓળખાણનું પહેલું તત્ત્વ બતાવતાં કહે છે કે માનવ વ્યક્તિત્વ વિરાટ છે. તેના આ વિરાટ સ્વરૂપને ક્ષુદ્રતા તથા સંકુચિતતામાં કેદ કરવાનો પ્રયત્ન જ બધા વ્યાધિઓનું કારણ છે. સ્મિથનું કહેવું છે કે જીવનમાં ક્ષુદ્રતાઓ તથા સંકુચિતતાઓ જેટલી વધારે વધે છે, તેટલું જ વ્યક્તિત્વ વધારે વ્યાધિગ્રસ્ત થાય છે. સ્મિથના મતાનુસાર આ ક્રમમાં બીજું તત્ત્વ છે - આપવાની પ્રવૃત્તિ. તેમનું માનવું છે કે માનવમાં અનંત શક્તિઓ તથા અસીમિત સંભાવનાઓ ભરેલી છે. તે પોતાની આ શક્તિઓ તથા સંભાવનાઓથી ધરતી તથા જીવનના સૌંદર્યમાં સતત અભિવૃદ્ધિ કરવા માટે જન્મ્યો છે, પરંતુ તેની આ શક્તિઓ તથા સંભાવનાઓ ત્યારે જ જાગૃત તથા વિકસિત થશે, જ્યારે તે તેને વહેંચે તથા ફેલાવે, તેને લોકહિતમાં નિયોજિત કરે. આમ ન કરીને જ્યારે તે માંગવાની ઈચ્છા રાખવાની, કામનાઓમાં વશીભૂત થવાની ક્ષુદ્રતા અપનાવી લે છે, તો તે વ્યાધિગ્રસ્ત થઈ જાય છે.

સુવિખ્યાત મનીષી ફ્રાંડસેસ વાનના મતાનુસાર 'ટ્રાંસપર્સનલ સાઈકોલોજી' આ જ ઉદ્દેશ માટે કરવામાં આવેલો એક વૈજ્ઞાનિક પ્રયાસ છે. કેટલાય વિશેષજ્ઞો તેને બિહેવીયરિજમ તથા હ્યુમેનિસ્ટિક સાઈકોલોજીનું અતિ વિકસિત રૂપ માને છે, પરંતુ ફ્રાંસેસ વાને તેના યથાર્થને ખૂબ જ સુંદર રીતે સમજાવ્યો છે. તેમનું કહેવું છે કે 'ટ્રાંસપર્સનલનો શાબ્દિક અર્થ છે - વ્યક્તિગતતાથી પર.' વાનનું કહેવું છે કે વ્યક્તિત્વને અહંકાર સાથે જોડી દેવાનો સામાન્ય રિવાજ છે. ટ્રાંસપર્સનલ સાઈકોલોજીની રીત આ સામાન્ય રિવાજથી ઘણી અલગ છે. તેનો વિશ્વાસ અહંકારની ગાંઠ ખોલી નાંખીને માનવીય વ્યક્તિત્વને તમામ સંકુચિતતાઓ અને સીમાઓથી મુક્ત કરવામાં આવે છે.

માનવચેતનાના મર્મજ્ઞ મનીષી વાન પોતાના નિષ્કર્ષોમાં ગોસ્વામી તુલસીદાસજી સાથે ઘણું સામ્ય ધરાવે છે. ગોસ્વામીજી આ અહંકારની ગાંઠની બાબતમાં કહે છે કે, 'જદપિ મૃષા છૂટતી કઠિનાઈ' અર્થાત્ આ ગાંઠ છે તો એકદમ જૂઠ્ઠી, છતાં પણ તે ખૂબ મુશ્કેલીથી છૂટે છે. વાન પણ આ જ કહે છે. એમનું કહેવું છે કે અહંકારનું વાસ્તવિક અસ્તિત્વ નથી. છતાં પણ તેનું ભાન મનુષ્યને ઘેરી વળેલું છે. આ ખોટી માન્યતા જ અહંકારની ગાંઠ છે. વ્યક્તિત્વની તમામ વ્યાધિઓનું મૂળ આ જ છે. માનવીય સંપૂર્ણતાની બધી જ સંભાવનાઓની અભિવ્યક્તિમાં મોટો અવરોધ છે. આ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અવરોધને હટાવી દેવાથી મનુષ્ય સાહજિક રીતે જ પોતાના વિરાટ સ્વરૂપની અનુભૂતિ કરી શકે છે. પોતાનામાં સમાયેલી બધી જ સંભાવનાઓ અને શક્તિઓને જાણી શકે છે અને તેનો સાર્થક ઉપયોગ કરી શકે છે.

આ અર્થમાં, 'ટ્રાંસપર્સનલ સાઈકોલોજી'નો સિદ્ધાંત, પ્રયોગ, પદ્ધતિ તથા નિષ્કર્ષ ફક્ત મનુષ્યના વ્યક્તિત્વને વ્યાધિમુક્ત કરવા સુધી સીમિત નથી. આ તો તેમનું પહેલું પગલું માત્ર છે. પોતાના આગલા પગલામાં તે માનવીય વ્યક્તિત્વની વિરાટતામાં સમાયેલી અનંત સંભાવનાઓ અને અસીમિત શક્તિઓને ઉજાગર કરવાની પ્રણાલી છે. તેના સિદ્ધાંત એ સત્યનું ભાન કરાવે છે કે માનવીય સંબંધોના સૂત્ર પરસ્પર એકબીજા સાથે, એટલે સુધી કે પ્રાકૃતિક રચના તથા વાતાવરણ સાથે જોડાયેલાં છે. એટલે સુધી કે અસ્તિત્વના ઊંડાણમાં આ બધા પરસ્પર ગૂંથાયેલાં છે, સઘનરૂપે એક છે. આથી જ્યારે પણ મનુષ્યને વ્યાધિમુક્ત કરવાની વાત થાય છે, તો વૈશ્વિક, સામાજિક તથા પર્યાવરણ સંબંધી પરિદૃશ્યોને પણ વ્યાધિમુક્ત કરવાના પ્રયત્નો પણ સ્પષ્ટ થાય છે.

કેટલાય વિચારશીલ લોકો ટ્રાંસ પર્સનલ મનોવિજ્ઞાનના સિદ્ધાંતોમાં ધાર્મિક તથા દાર્શનિક તત્ત્વોનો સમાવેશ કરે છે. તેમાં પારસ્પરિક સામ્ય તથા તાલમેળ બેસાડવાનો પ્રયત્ન કરે છે. ફ્રાંસેસ વાનને આ સ્થિતિ સ્વીકાર્ય નથી. તેમનું કહેવું છે કે ધાર્મિક તથા દાર્શનિક તત્ત્વ ચિંતનના પ્રચલિત સ્વરૂપમાં પ્રાયોગિક વૈજ્ઞાનિકતાનું કોઈ સ્થાન નથી, જ્યારે ટ્રાંસ પર્સનલ મનોવિજ્ઞાનનું સમગ્ર માળખું વૈજ્ઞાનિક પ્રયોગો પર આધારિત છે. વાનના મતાનુસાર આ મોટો ફરક છે. એક બાજુ ફક્ત શ્રદ્ધા તથા આસ્થા છે, તો બીજી બાજુ તર્ક અને પ્રયોગ. વાનને આ બંનેનું કોઈ મિલન બિંદુ નજરે ચડતું નથી. ફ્રાંસેસ વાન પોતાની રીતે સાચા છે કારણ કે તેમનો પરિચય ફક્ત બાઈબલના પાનાઓ સુધી રહ્યો છે. વૈદિક જ્ઞાન, ઉપનિષદ તથા યોગના પ્રયોગોથી તેઓ અપરિચિત છે.

ઋષિઓની શોધખોળ અને સાધનાથી જો તેઓ પરિચિત હોત, તો તેઓ પોતાના પ્રયોગોને આથી પણ વધુ પ્રશંસનીય અને સંપૂર્ણ બનાવી શકે, આમ છતાં પણ એટલું તો કહી જ શકાય કે ટ્રાંસ પર્સનલ સાઈકોલોજી પશ્ચિમની વિજ્ઞાનસાધના અને ઋષિઓના આધ્યાત્મિક પ્રયોગો વચ્ચે એક સુદૃઢ સેતુ બની શકે છે. હાલમાં બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાનમાં તેના પ્રાયોગિક સ્વરૂપને વિકસિત કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે, દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના આચાર્યો પણ આ દિશામાં મહત્ત્વપૂર્ણ સહયોગ આપી રહ્યા છે. માનવીય વ્યક્તિત્વને વ્યાધિમુક્ત કરવા માટે ટ્રાંસપર્સનલ સાઈકોલોજી તથા અધ્યાત્મવિજ્ઞાનની પદ્ધતિઓની સમન્વિત પ્રયોગવિધિઓ વિકસિત કરવામાં આવી છે.

વૈજ્ઞાનિક અધ્યાત્મવાદના અધ્યયન ક્ષેત્રમાં આ એક નવી પદ્ધતિ છે. આ પદ્ધતિમાં વ્યક્તિની વ્યાધિનું મૂળ કારણ શોધવાની સાથે સાથે તેને હટાવવા અને નાબૂદ કરવા માટે અધ્યાત્મ સાધનાની કોઈ યોગ્ય વિધિ નિર્દેશિત કરવામાં આવે છે. આ પ્રયોગવિધિથી પ્રાપ્ત થનારાં પરિણામોની તપાસ બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાનના વૈજ્ઞાનિક ઉપકરણોની સાથે સાથે સ્ટાન્ડર્ડ મનોવૈજ્ઞાનિક પરીક્ષણો દ્વારા કરવામાં આવે છે. આ પરિણામોમાંથી મળનારા આંકડાઓ પરથી કોમ્પ્યુટરની મદદ વડે વૈજ્ઞાનિક અધ્યાત્મવાદનાં પ્રાયોગિક તારણો પર પ્રકાશ પડે છે. આ પદ્ધતિમાં જીવનશૈલી પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. કારણ કે વ્યક્તિત્વને વ્યાધિગ્રસ્ત બનાવવાનું સાચું કારણ આમાંથી કોઈ ને કોઈ એક બાબત હોય છે. આ કારણને દૂર કરવા માટે તેમાં અપેક્ષા પ્રમાણેનું પરિવર્તન જરૂરી છે.

વ્યક્તિત્વને વ્યાધિમુક્ત કરનારા આ પ્રયોગ હજુ પ્રારંભિક દશામાં છે, છતાં પણ કેટલાંક પ્રયોગોના જે નિષ્કર્ષ સામે આવ્યા છે, તે ખૂબ જ ઉત્સાહવર્ધક છે. જિજ્ઞાસુઓ તેને અખંડજ્યોતિનાં પાનાઓ પર વાંચી શકશે. આ તારણોથી એક બાજુ અધ્યાત્મ વિદ્યાની સમર્થતા પ્રગટ થાય છે તો બીજી બાજુ એ સત્ય પણ પ્રગટ થાય છે કે દેશ તથા વિશ્વની દરેક વ્યક્તિને આનાથી લાભાન્વિત કરવા માટે તેમાં આધુનિક વિજ્ઞાનની પદ્ધતિઓનો સમાવેશ જરૂરી છે. તારણોના વૈજ્ઞાનિક અવલોકનની દૃષ્ટિએ પણ આ અનિવાર્ય છે. અત્યાર સુધીના નિષ્કર્ષ એ જ પ્રમાણિત કરે છે કે અહંકારની સૂક્ષ્મતાઓથી પરિચિત થઈને આપણે તેમાંથી છુટકારો મેળવવાનું સાહસ ભેગું કરવું જ પડશે. ટ્રાંસ પર્સનલ સાયકોલોજી પણ આ જ ઋષિચિંતન તરફ સંકેત કરે છે.

* * *



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સમય સંપદાનો સદુપયોગ

લેવા-આપવાનું બન્નેનું પોતપોતાના સ્થાને મહત્ત્વ છે. આ સુવિસ્તૃત પ્રસંગે ગંભીરતાથી વિચાર કરતાં "દાન"ના સંબંધમાં પણ તેવો જ વિચાર કરવો પડે છે. દાન આપતી વખતે પ્રસન્નતા તથા ગર્વ-ગૌરવની અનુભૂતિ થાય છે. લેનાર પાસેથી કૃતજ્ઞ, સહયોગી અને પ્રશંસક બનવાની અપેક્ષા રહે છે. જોનાર-સાંભળનારાઓ અવારનવાર પ્રશંસા ભરેલી ચર્ચા કરે છે અને ઉદાર વ્યક્તિત્વની ઝાંખી કરે છે. વિશ્વાસુ માને છે અને પરોક્ષ રૂપે સહાયક સિદ્ધ થાય છે. આ સિવાય પાપોના પ્રતિફળમાંથી છુટકારો, પુણ્યોની અભિવૃદ્ધિ, સ્વર્ગ અને મુક્તિ પ્રત્યે અમુક દેવતાની અનુકંપા જેવી કેટલીય ઉપલબ્ધિઓની આશા રાખવામાં આવે છે, જે ખર્ચેલી રકમની તુલનામાં ક્યાંય વધારે લાભ મળવાનું આશ્વાસન અપાવે છે. આમ છતાં આ સંદર્ભમાં સમજી વિચારીને ડગલાં માંડવાની આવશ્યકતા સમજવામાં આવે છે.

સંકટથી ઘેરાયેલા અને અભાવગ્રસ્તોની મદદ કરવામાં ધનનો સદુપયોગ જ છે. સુવિધાઓ વધારવા માટે કેટલાય લોકો ધર્મશાળાઓ, સદાવ્રત વગેરે એવા લાભો પણ છે જે સત્પાત્રોને ઓછા અને કુપાત્રોને વધારે મળે છે. મફત દવાઓના વિતરણની વ્યવસ્થાની પ્રશંસા તો કરવામાં આવે છે, તીર્થયાત્રા અને પ્રીતિભોજ પર કરવામાં આવતા ખર્ચાઓ પણ વાસ્તવિક હિત કેટલું કરી શકે છે? એ માટે ઉપયોગની પ્રક્રિયા પર ધ્યાન આપવું પડશે. લાખો કરોડોની સંખ્યામાં ભિખારીઓની સંખ્યા વધારનારાઓએ ગ્રહણ કરનારાઓ પાસેથી સ્વાવલંબન અને આત્મગૌરવ છીનવી લીધાં છે. એવી કુપ્રથા શરૂ કરી છે, જેણે આદર્શનિષ્ઠાનું અને માનવી ગરિમાનું પતન કરાવવામાં જ મદદ કરી છે. ભિક્ષાને પણ એક વ્યવસાય સમજી લેવાથી દેશનું ગૌરવ વધ્યું નથી, પરંતુ ઓછું જ થયું છે. તેથી વિચારશીલ વર્ગે તેને અયોગ્ય માની છે અને તુચ્છ કહેવામાં આવી છે. પ્રીતિભોજમાંથી બચેલું અન્ન મફત લેનારો વર્ગ પણ હવે એ પરંપરાને ત્યજી રહ્યો છે. પહેરેલાં કપડાં સસ્તાં કે મફત મળે તો પણ લેનાર શરમાય છે અને એ લાભ સંકોચપૂર્વક ગ્રહણ કરતાં કરતાં અણસમજમાં પડી જાય છે. આપત્તિગ્રસ્ત દુર્ઘટનામાં ફસાયેલા લોકો સિવાયના અન્ય લોકો ભિક્ષા જેવી મદદનો અસ્વીકાર કરે છે. જે સંસ્થાઓને દાન આપવાથી ઈન્કમટેક્સમાં છૂટ મળે છે તેમને ભાગીદાર બનાવીને કેટલાય ચતુર લોકો દાની પણ બની જાય છે અને આર્થિક લાભ પણ ઉઠાવી લે છે. ફાળા પર જીવનારાઓ અને ધંધાદારીઓ પણ આવી જ ઊંધી રમત રમતા હોય છે. આવી સ્થિતિમાં એ નિશ્ચિતપણે કહી શકાતું નથી કે ધનદાન કરીએ ત્યારે કેટલી હદે પુણ્ય કમાવામાં આવ્યું કે પાપ ઘટાડવામાં આવ્યું. દહેજની લેનદેન પણ કહેવા પૂરતું દાન જ બની જાય છે.

દેવાલયો અને તીર્થો પણ એક સમયે લોકશિક્ષણની અતિ મહત્ત્વપૂર્ણ આવશ્યકતાની પૂર્તિ કરતાં હશે. કોઈ સમય એવો પણ રહ્યો હશે, જ્યારે લોકમંગલ માટે સમર્પિત પુરોહિત વર્ગ આકાંક્ષીવૃત્તિ પર અપરિગ્રહી રીતિનીતિ અપનાવતો રહ્યો હશે. તે સમયે એમને દાન-દક્ષિણા આપવાની પણ ઉપયોગિતા હતી, પરંતુ જ્યારે એ અધિકાર વંશ અને વેશના આધારે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેમના ભાગે આવી ગયો ત્યારે તેની પરિણતિ શું થઈ ? એનું વિવેચન કઈ રીતે શક્ય બને ? એક વખતે તો દેવાલયો ધર્મપ્રચારનાં કેન્દ્ર હતાં, પરંતુ આજે તો ત્યાં માત્ર મનોકામના પૂર્ણ કરાવવા માટે તે જ સ્તરના દેવતાઓને બદલામાં અનેકગણો લાભ આપે તે માટે મનાવવામાં આવે છે.

અહીં માત્ર એટલું જ કહેવામાં આવી રહ્યું છે કે જો કુપાત્રોને જ ધનદાન આપવાનું હોય તો મુઠ્ઠી ખોલતાં પહેલાં હજારવાર એ પણ વિચારવું જોઈએ કે એની શું પરિણતિ થઈ અથવા તો હોઈ શકે છે ? પીડિતોને ઉઠાવવા અને ઊઠેલાંને દોડતાં કરવા જેવી સત્પ્રવૃત્તિઓ વધારવામાં સહાયક થતાં દાન હંમેશાં પ્રશંસનીય અને શ્રેષ્ઠ રહ્યાં છે. એ પુનિત પરંપરાને તો આજે અને ભવિષ્યમાં પણ જીવંત રાખવાની જરૂર છે.

અહીં રજૂ કરવામાં આવેલી પંક્તિઓમાં એક નવો વિચાર પ્રસ્તુત કરવામાં આવી રહ્યો છે કે માનવતાને લાગેલા જખમોને ભરવા માટે જે દાન-પુણ્યની પારમાર્થિક જરૂર છે, એ માટે યોગ્ય માધ્યમ જનમાનસની શુદ્ધિનું હોવું જોઈએ. જો આ બની શકે તો સમજવું જોઈએ કે આ ક્ષેત્રની ઉપજાઉ ભૂમિમાં વાવેલું પ્રત્યેક બીજ એવાં પ્રતિફળોથી લદાયેલું રહેશે, જેમાં પ્રસ્તુત સંકટોને ટાળવાથી માંડીને ભવિષ્યમાં દરેક ક્ષેત્રને સમૃદ્ધ બનાવવાની ક્ષમતા હશે. વિચારશુદ્ધિથી માંડીને સત્પ્રવૃત્તિઓ વધારવા સુધીની સીમામાં આવતાં પુનિત કાર્યો એવાં જ છે જેમના માટે સ્વયં અડધા પેટે રહીને પણ ભાવભર્યાં અનુદાન રજૂ કરવાની ઉદારતા દાખવવી જોઈએ. આવી ભાવ-સંવેદનાઓની સાથે જ વ્યક્તિ અને સમાજનું સર્વતોમુખી કલ્યાણ જોડાયેલું છે. સર્વોચ્ચ સ્તરનું બ્રહ્મદાન છે. સત્પ્રયોજનો માટે વધુમાં વધુ પ્રમાણમાં સમયદાનનું નિયોજન. કારણ કે એ ત્યારે જ શક્ય બનશે, જયારે તેની પાછળ શ્રદ્ધા, સદ્ભાવના અને શાલીનતાના અભિવર્ધનનો ગહન ઉદ્દેશ હોય.

ભગવાને મનુષ્યને સૃષ્ટિનું સર્વોત્તમ પ્રાણી બનાવ્યો છે અને સાથે જ શારીરિક તથા માનસિક ક્ષમતાઓનો અજસ્ર ભંડાર પણ વિપુલ માત્રામાં આપ્યો છે. આને અન્ય પ્રાણીઓ સાથે કરવામાં આવેલો અન્યાય અથવા મનુષ્યની સાથે વર્તવામાં આવેલ ભાઈ-ભત્રીજાવાદ સ્તરનો પક્ષપાત ન સમજવો જોઈએ. આ સામંતો પાસેથી તેમના સંતાનને વારસામાં મળતો મફતનો ખજાનો કે ભંડાર નથી, જેને કુકર્મો અને દુર્વ્યસનોમાં પણ મન ફાવે તે રીતે ખર્ચી નાખવાની છૂટ મળી હોય. અન્ય પ્રાણીઓની તુલનામાં મનુષ્યને જે કાંઈ પણ વધારાનું મળ્યું છે તે એક વિશુદ્ધ મૂડી છે. તેને એવી અમાનત સમજવી જોઈએ, જેને વધુ સુસંસ્કારી બનાવવા માટે જ ખર્ચી શકાય છે. સરકારી ખજાનામાં ખૂબ સંપદા જમા રહે છે, પરંતુ એમાંથી ખજાનચી કોને કેટલું આપશે તે વહીવટી નિયમો પર જ આધારિત છે. બેંકના કોષાધ્યક્ષોની તિજોરીમાં પણ ખૂબ સંપદા રહે છે અને એ તિજોરીની ચાવીઓ નિયુક્ત કરેલા ખજાનચી જ સંભાળે છે. આમ હોવા છતાં તેઓ એમાંથી અંગત પ્રયોજન માટે અથવા અનધિકૃત કાર્યો માટે એક પૈસો પણ ખર્ચી શકતા નથી. જો તેઓ એ ધન લઈને ભાગી જાય અથવા મનમાન્યું ખર્ચ કરવામાં ઉડાવી દે તો એને અનધિકૃત કૃત્ય માનવામાં આવશે. અમાનત લૂંટવાનો મુકદ્દમો ચાલશે અને કેવળ જેલમાં જ જવું પડશે. એટલું જ નહિ પરંતુ એ લૂંટવામાં આવેલ ધનને ઘર-સંપત્તિ વેચીને પણ પાછું આપવું પડશે.

આ તથ્યને ભુલાવનારાઓ જ ઈશ્વરે આપેલી બહુમૂલ્ય સંપદા, જીવનકાળની અવધિનો મન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ફાવે તેમ દુરુપયોગ કરે છે અને બદલામાં પોતાનો લોક-પરલોક બગાડે છે. પૈસા તો મનુષ્ય પોતે કમાય છે, તેથી એમાં કરવામાં આવતી ભૂલોને માફ પણ કરી શકાય છે, પરંતુ સમય સંપદાની બરબાદી તો ખુલ્લી ધાડ જેવી કહી શકાય છે. આને અસામાન્ય સ્તરનો અનાચાર, ઈશ્વર પ્રત્યે વિદ્રોહ અને જીવન સાથે કરવામાં આવેલી રમત પણ કહી શકાય છે.

મનુષ્યની જરૂરિયાતો અત્યંત ઓછી છે. તેની કમાવાની ક્ષમતા એટલી વધારે છે કે થોડા કલાકોની શ્રમસાધનાથી નિર્વાહ યોગ્ય જરૂરિયાતો પૂરી કરી શકાય છે. સાત કલાક સૂવામાં, આઠ કલાક કમાવામાં, પાંચ કલાક બીજાં કાર્યોમાં ખર્ચવા છતાં વીસ કલાકથી વધારે રોજ કૂવો ખોદનારા અને રોજ પાણી પીનારાએ પણ ન ખર્ચવા જોઈએ. ચોવીસ કલાકના સમયમાંથી ચાર કલાક દરેક પાસે એ માટે બચી જાય છે કે તેમને ઈશ્વર દ્વારા નિર્ધારિત પ્રયોજનો માટે, લોકમંગલ માટે અને સત્પ્રવૃત્તિ વધારવા માટે લગાવી શકે, પરંતુ જેઓ આ અનુશાસનને સંપૂર્ણપણે ભૂલી જાય છે, બધો સમય વિલાસ, સંગ્રહ, મનોરંજન તથા અનિચ્છનીય પ્રયોજનો માટે જ ખર્ચી નાખે છે તેમના માટે એ જ કહી શકાય છે કે તેઓ આત્મા અને પરમાત્મા સાથે વિશ્વાસઘાત કરી રહ્યા છે. જેઓ કર્તવ્યોની ઉપેક્ષામાં જ રચ્યા પચ્યા છે, તેમને પાગલો, આતંકવાદીઓ અને અનાચારીઓને જેવી પ્રવૃત્તિઓ સૂઝે છે, તેવી જ પ્રવૃત્તિઓ સૂઝે છે, તેવી જ પ્રવૃત્તિઓની વૃત્તિ જાગી રહી છે.

આ આપત્તિકાળ જેવો સમય છે. અગ્નિકાંડ, તોફાન, ભૂકંપ, દુષ્કાળ, મહામારી, પૂર, દુર્ઘટના જેવા સમયમાં તો દરેક ભાવનાશીલે પોતાનાં અંગત જરૂરી કામો છોડીને પણ એ વિપત્તિમાં મદદ કરવા માટે દોડવું પડે છે. તે સમયે જો કોઈ નિષ્ઠુરતા ધારણ કરીને મૂક દર્શક બની રહે અને મોજમસ્તી કરવામાં વ્યસ્ત રહે તો તેને સર્વત્ર ધિક્કારવામાં આવશે, જે સાંભળશે , જોશે તે પણ આવી નિષ્ઠુરતાને ધિક્કાર્યા વિના નહિ રહે. આત્મા અને પરમાત્માની દૃષ્ટિએ પણ આ પ્રકારની ઉપેક્ષાના વર્તનને અક્ષમ્ય જ ગણવામાં આવશે.

લૂંટ, બળાત્કાર, હત્યા, ધાડ જેવા અપરાધો નજર સામે થતા રહે, પરંતુ જેઓ સમર્થ હોવા છતાં પણ એ અનાચારોને રોકવા માટે કંઈ જ કરતા નથી તો તેમને પણ અપરાધીઓની શ્રેણીમાં જ ગણવામાં આવે છે.

સમયની સંપદાને જેવાં પ્રયોજન માટે લગાડવામાં આવે તે જ સ્તરનું પરિણામ પરિપક્વ થઈને સામે આવે છે. લોભ, મોહ અને અહંકાર માટે, વાસના અને તૃષ્ણા માટે ઓછી બુદ્ધિ ધરાવતા લોકો સમય બગાડે છે, પરિણામે શોક-સંતાપ, કલહ-પતન તથા પરાભવ ભોગવે છે. આવા પ્રચલને જ વ્યક્તિ અને સમાજને એવી જંજાળમાં ફસાવી દીધા છે, જેમાં વિનાશ અને વિગ્રહ સિવાય કશું મળે તેમ દેખાતું નથી. આ અભ્યાસને આદિથી અંત સુધી બદલવાની જરૂર છે. દેવમાનવોને માત્ર પુણ્ય અને પરમાર્થ જ ગમતા હતા, અંતરની શક્તિઓ અને બહિર્જગતની સંપદાઓને સત્પ્રવૃત્તિના વિકાસ માટે ખર્ચવામાં આવતી હતી. તેઓ પોતાના સામર્થ્યનું નિયોજન પોતાનું અને પારકાનું કલ્યાણ કરવામાં કરતા રહેતા હતા. પરિણામે સર્વત્ર સતયુગી વાતાવરણ ફેલાયેલું દેખાતું હતું. અને દૈવી કૃપા અમૃતવર્ષાની જેમ વરસતી હતી. અભ્યુદયનાં બધાં દ્વાર ખુલ્લાં રહેતાં હતાં અને અહીંના વાતાવરણને સ્વર્ગીય બનાવતાં હતાં.

પાછલી સદીમાં પતનનો અને પતન કરાવવાનો માર્ગ અપનાવવામાં આવ્યો, તેણે નારકીય પરિસ્થિતિઓ ઉત્પન્ન કરી નાખી છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ અનાચારથી પ્રકૃતિ અને પરમેશ્વર બન્નેને ભારે કષ્ટ થયું છે. એમણે કુમાર્ગે જનારાઓને ભારે દુઃખ આપીને સીધા રસ્તે ચલાવવાનો નિશ્ચય કર્યો છે, સાથે જ જે વિનાશ થઈ ચૂક્યો છે, તેને નવેસરથી સુધારવાનો પણ. લંકાનો વિનાશ અને ધર્મરાજ્યની સ્થાપનાની ત્રેતાયુગ જેવી પ્રક્રિયા ફરી દોહરાવવામાં આવી રહી છે. ભવિષ્યમાં બનનારી આ ઘટનામાં સામેલ થઈને શ્રેયના અધિકારી બનવાની માનસિકતા ધરાવતા હનુમાન, જાંબુવંત અને નલ-નીલોને શોધવામાં આવી રહ્યા છે. આ નવસર્જન માટે દેવતાઓને મનુષ્ય શરીર ધારણ કરીને પરમસત્તા દ્વારા આમંત્રિત કરવામાં આવી રહ્યા છે. જેઓ સંમત થઈ રહ્યા છે, એમની પાસે એક જ અપેક્ષા રાખવામાં આવી રહી છે - મહાક્રાંતિ માટે સમયદાન. આજે આ જ એક કાર્ય છે - હરિશ્ચંદ્ર અને ભામશાહ જેવું ઉદાર આચરણ. આને અપનાવનારાઓ પણ લગભગ એટલા જ મહાન શ્રેયના અધિકારી બનશે, જે અત્યાર સુધી માત્ર પરમેશ્વરને જ આપવામાં આવ્યું છે. રામની પ્રતિષ્ઠા માટે જેટલા દેવાલય બન્યાં છે તેના કરતાં હનુમાનના મંદિરો વધારે જ છે.

એવી ચિંતા કરવી વ્યર્થ છે કે પોતાની સમસ્ત સંપદા જો મહાકાળનો પોકાર સાંભળીને નવસર્જન માટે આપી દઈશું તો આપણને નુકસાન થશે. વાસ્તવમાં આ નફાનો સોદો છે. સંસારભરના મહામાનવોનો ઈતિહાસ એ તથ્યનો સાક્ષી છે કે પરમાર્થી દેવપુરુષોએ જે ગુમાવ્યું તેની તુલનામાં કેટલુંય વધારે મેળવ્યું છે. માત્ર સંકુચિતતાથી વશીભૂત થઈને જ લોકો યુગધર્મ નિભાવવામાં અને સમયનો પોકાર સાંભળવામાં આનાકાની કરે છે, પરંતુ જેમણે પણ આ પ્રયોજન માટે સાહસ કર્યું છે, તેઓ ધન્ય બની જશે અને લોકહિત નિમિત્તે એટલું બધું કરી શકશે, જે માટે તેને અનુકરણીય અભિનંદનીય દેવમાનવના રૂપમાં અનંતકાળ સુધી યાદ કરવામાં આવે.

અનેક લોકો અંગત પ્રયોજનો માટે ભગવાનનું દ્વાર ખખડાવતા જોવા મળે છે, પરંતુ હવે ભગવાને પોતાનું પ્રયોજન પૂરું કરવા માટે સાથી-સહયોગીઓને પોકાર્યા છે. જેઓ આ માટે સાહસ કરશે, તેઓ લોક અને પરલોકની સિદ્ધિઓ-વિભૂતિઓથી વિભૂષિત થઈને રહેશે. ગાયત્રી પરિવારના સૂત્ર સંચાલકે આવું જ કર્યું અને પોતે અતિ સામાન્ય હોવા છતાં અત્યંત મહાન કહેવડાવવાનું શ્રેય પ્રાપ્ત કર્યું. આ દિવસોમાં જાગૃત આત્માઓ પાસે આવું જ અનુકરણ કરવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

❖ ❖ ❖

***ચૌદમી શતાબ્દીની વાત છે. વૈજ્ઞાનિક ઓકાર્નો બ્રૂસોએ અનેક તર્કો અને પ્રમાણોથી એ સિદ્ધ કરી દીધું કે પૃથ્વી ચટાઈની જેમ ચોરસ નથી, પણ ગોળ છે.***

***પુરાતનપંથીઓએ બાઈબલના મતને ખોટો સાબિત કરવાના દંડરૂપે ઓકાર્નો બ્રૂસોને જીવતા બાળી નાખવાનો મૃત્યુદંડ આપ્યો. પાગલ લોકો તેમની વાત સુધ્ધાં સાંભળવા તૈયાર ન થયા. એમણે પ્રાણ આપી દીધા, પરંતુ પોતાની વિચારધારા બદલી નહીં. અંતે આગળ જતાં સામાન્યજનોને તેમની વાત સ્વીકારવી જ પડી. પોતાની માન્યતાઓ પ્રત્યે દુરાગ્રહની આવી જ દુઃખદ પરિણતિઓ થાય છે.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગુણ, સ્વભાવ અને આદતો

મનુષ્યના વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરતી વખતે તેની આદતોને સૌથી વધારે મહત્ત્વ આપવામાં આવે છે. જે મનુષ્યની જેવી આદતો છે, જેવો સ્વભાવ છે, તેવું જ તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે. વિદ્યા, બુદ્ધિ, ચતુરાઈ, રુઆબ વગેરેનું પણ મનુષ્યજીવનમાં આગવું સ્થાન છે, પરંતુ એ સૌથી ઉપર મનુષ્યની રહેણીકરણીની રીત, સ્વભાવ, દૃષ્ટિકોણ તથા કાર્ય કરવાની પ્રવૃત્તિ જ છે.

નિરર્થક દેખાવ, શાન-શોખ, અકડાઈ, બનાવટ, બડાઈખોરી, ટીપટાપ વગેરેમાં અનેક વ્યક્તિઓ ખૂબ ધ્યાન આપે છે. તેઓ બીજાની સામે પોતાને અમીર કે મોટો માણસ સાબિત કરવા માટે એવી બેહૂદી રીતો અપનાવે છે, જે અમીર હોવા છતાં વાસ્તવિક અમીરોને પણ સમજદાર લોકોની દૃષ્ટિમાં ઉતારી દે છે. પછી આ નકલી અમીર અને નકલી જેન્ટલમેન પોતાના મનના બાદશાહ બનીને ભલે ફરતા રહે, બીજાની દૃષ્ટિમાં તેઓ છીછરા, ઓછા તથા નકામા જ લાગે છે. આવા લોકો બીજાનો આદર, સદ્ભાવ તથા સહકાર પ્રાપ્ત કરી શકતા નથી, પરિણામે તેઓ કોઈ મોટી પ્રગતિ પણ કરી શકતા નથી.

બનાવટથી નહીં પણ સારા ગુણોથી, રચનાત્મક આદતોથી અને વ્યવહારવાદી સ્વભાવથી કોઈ મનુષ્ય બીજાના મનમાં પોતાનું સ્થાન બનાવી શકે છે, અને એ જ આધારે સાંસારિક સુવિધાઓ તથા પ્રગતિ પ્રાપ્ત કરી શકે છે. જે લોકો નાનામાંથી મોટા બન્યા છે, તેમનામાં અન્ય વિશેષતાઓની સાથોસાથ ઉપર્યુક્ત ત્રણ બાબતો અવશ્ય રહી છે. જેમની અંદર ગુણો, આદતો અને સ્વભાવની વિશેષતાઓ નહિ હોય, તેમની અન્ય યોગ્યતાઓ કોઈ મહત્ત્વપૂર્ણ પ્રયોજન સિદ્ધ કરી શકશે નહિ.

એક વાર અમેરિકાના એક મોટા વ્યાપારીને કેટલાક એવા કર્મચારીઓની જરૂર પડી, જેઓ તેનો ધંધો ચલાવવામાં મદદ કરે. તેમને પર્યાપ્ત વેતન મળવાનું હતું. ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી. હજારો અરજીઓ આવી. પસંદગી માટે ઉમેદવારોને બોલાવવામાં આવ્યા. વ્યાપારીએ સૌની મુલાકાત લીધી. કોઈની શકલ જોતાં જ 'ના'નો જવાબ મળી ગયો. કોઈને થોડી પૂછપરછ કરવામાં આવી, કોઈને એક-બે દિવસ કામ શીખવા માટે બોલાવવામાં આવ્યા, તો કોઈકને તરત જ નિયુક્તિપત્ર આપવામાં આવ્યા.

એ વ્યાપારીનો એક મિત્ર પણ એ વખતે હાજર હતો, તેને ખૂબ આશ્ચર્ય થયું કે પસંદગીમાં બધાની એકસરખી પરીક્ષા ન લેતાં કોઈને કામ શીખવવાની રીતિનીતિ કેમ અપનાવવામાં આવી ? તેણે પોતાના મિત્રને એકાંતમાં આનું કારણ પૂછ્યું. વ્યાપારીએ ઉત્તર આપ્યો, હું કોઈની વિદ્યા, ચતુરાઈ અને દેખાવને નહીં, તેના ગુણો અને આદતોને મહત્ત્વ આપું છું. જે લોકો સજાવટ, શૃંગાર, શાન-શોખ, અકડાઈ, રુઆબ પર વધારે ધ્યાન આપે છે, વાતો વધારે કરે છે, ખૂબ મીઠી અથવા બડાઈની વાતો કરે છે, તેઓ હાથપગ ઓછા ચલાવે છે, તેમનાથી પરિશ્રમ થતો નથી અને કામ કરવામાં નાનમ સમજે છે. જેમને પોતાની બનાવટનું જ વધારે ધ્યાન રહે છે, તેમના મગજમાં બીજાં કામોની વ્યવસ્થા બનાવવા માટે સમય જ મળતો નથી. તેથી હું એવા કર્મચારી નીમું છું, જેઓ સાદાઈથી રહેવામાં, પરિશ્રમી, જવાબદારી પ્રત્યે જાગરૂક અને અવ્યવસ્થા હટાવીને વ્યવસ્થા બનાવવામાં રુચિ ધરાવે છે.

વ્યાપારીએ પોતાના મિત્રને બતાવ્યું કે જે ઉમેદવાર ખૂબ ઠાઠમાઠના પોશાક પહેરીને, સુંદર વાળ કપાવીને અને સજીધજીને આવ્યા હતા, તેમને જોતાં જ મનાઈ કરી દીધી હતી, કેમ કે આવા લોકો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નકામા, કામચોર, વાતોડિયા તથા ખોટા ખર્ચ કરનારા હોય છે. આવા લોકોને નોકરી આપવામાં આવે તો તેમની દેખાદેખીથી બીજા લોકો પણ એવી જ આદતો શીખી શકે છે અને કામમાં અવ્યવસ્થા ઉત્પન્ન થઈ શકે છે. તેથી જ ખૂબ ઠાઠમાઠવાળી વ્યક્તિને હું ભૂલથી પણ નોકરી રાખતો નથી. જે લોકો સાદા પોશાકમાં રહે છે, જેમના ચહેરા પરથી જવાબદારી તથા દૃઢતાની ભાવના છલકાય છે તેઓ જ વાસ્તવમાં રાખવા યોગ્ય હોય છે. આ ઉમેદવારો ઘણા સમયથી પ્રતીક્ષા કક્ષમાં બેસી રહ્યા હતા, હું છુપાઈને એ જોતો રહ્યો કે એમાંથી બેઠા બેઠા કોણ શું કરી રહ્યો છે ? જે લોકો પ્રતીક્ષાલયની વસ્તુઓને આમતેમ અસ્તવ્યસ્ત કરી રહ્યા હતા, જ્યાં ત્યાં સિગરેટની રાખ અને દીવાસળીઓ ફેંકી રહ્યા હતા, ખુરશીઓ પર કઢંગી રીતે બેઠા હતા, તેમને કઢંગા માણસ સમજીને મેં પહેલાં જ અસ્વીકૃત કરી દીધા હતા, કેમ કે તેમની આ આદતો દરેક કાર્યમાં અવ્યવસ્થા ફેલાવશે. એક ઉમેદવાર જે પ્રતીક્ષાગૃહની અવ્યવસ્થા દૂર કરવામાં અને વસ્તુઓને યથાસ્થાને મૂકવા તથા ગંદકી હટાવવા અને શોભા વધારવાના પ્રયત્નો કરી રહ્યો હતો, તે મને સૌથી વધારે પસંદ પડ્યો. તેની પ્રત્યક્ષ મુલાકાત થતાં પહેલાં જ મેં મનમાં નોકરીની સ્વીકૃતિ આપી દીધી હતી. જોકે તે શિક્ષણની દૃષ્ટિએ એટલો સારો નથી, તેમ છતાં તેની આદતો મારા ધંધા માટે એ શિક્ષણ કરતાં લાભદાયક રહેશે.

પોતાના વ્યાપારી મિત્રની તથ્યભરેલી વાતો સાંભળીને એ વ્યકિત ખૂબ જ પ્રભાવિત થઈ. સાચે જ તેના બધા સહયોગી અને કર્મચારી સારી આદતોવાળા હતા. તેણે વીણી વીણીને એવા જ માણસો એકઠા કર્યા હતા. પસંદગીની એક સાવધાનીથી જ ધની વ્યાપારી ગરીબીમાંથી પ્રગતિ કરતો રહી કરોડપતિ બન્યો હતો. તે સદાય એ વાતને મહત્ત્વ આપતો હતો કે જીવનને ઉન્નતિશીલ બનાવવા માટે જેટલી આદતો, સ્વભાવો અને ગુણોની ઉત્તમતાની જરૂર છે તેટલી બીજી કોઈ વસ્તુની નથી.

અમેરિકાનો એ કરોડપતિ વ્યાપારી જે નિષ્કર્ષ પર પહોંચ્યો હતો તે નિષ્કર્ષ આપણા બધા માટે સમાન રૂપે તથ્યપૂર્ણ છે. ચાહે કોઈને નોકરી કરવી હોય કે ખેતી, કોઈ અમીર હોય કે ભરવાડ, પંડિત હોય કે નિરક્ષર, બધા માટે આ બાબત સત્ય છે કે જો તે નકામી વાતો અને આદતોમાં પડી જાય તો સારી આદતો પેદા કરવા માટે સમય જ નહિ મળે અને તે એ મહાન યોગ્યતાથી વંચિત રહી જશે, જે કોઈને મોટો માણસ, અમીર, નેતા, વિદ્વાન, સફળ મનોરથી, પ્રતિષ્ઠિત, સત્તાધારી, કલાકાર વગેરે પ્રતિષ્ઠિત સ્થાનો સુધી પહોંચાડે છે. પરિશ્રમી, સમયની એક ક્ષણ પણ બરબાદ ન કરનારા, પોતાના મગજને રચનાત્મક દિશામાં નિયોજિત કરનારા, અવ્યવસ્થાને ક્ષણભર માટે પણ સહન ન કરનારા લોકોની આદતો જ એ સંપત્તિ છે કે સફળતા તેમની પાછળ પાછળ ચાલશે.

જે લોકો અધૂરા મનથી કામ કરે છે, પોતાની વસ્તુઓને યોગ્ય સ્થાને મૂકવાનું જાણતા નથી, જેમને દરેક કાર્યમાં સફાઈ અને સૌંદર્ય ઉત્પન્ન કરવાનું આવડતું નથી, એવા ફૂવડ લોકો જે સ્થાને પણ બેઠા હશે, ત્યાં ગંદકી અને દરિદ્રતાને આમંત્રિત કરતા રહેશે. આવા લોકોની આસપાસનું વાતાવરણ સદાય હાનિ, નુકસાન, દરિદ્રતા, કલેશ, આળસ, ચિંતા અને પરેશાનીઓથી ભરેલું રહેશે.

રાહુ, કેતુ કે શનિની ગ્રહદશામાં મનુષ્ય દુઃખ-દારિદ્ર્યથી ઘેરાઈ જાય છે. અવ્યવસ્થા, ફૂવડપણું અને નકામા કાર્યોમાં શક્તિ વેડફવી - આ ત્રણ આદતો જ દુર્ભાગ્યની જનની છે. જ્યાં આ ત્રણેય રહેશે, ત્યાં પ્રતિકૂળ ગ્રહદશાની જેમ અસફળતા તથા દુઃખ દરિદ્રતાનું વાતાવરણ છવાયેલું રહેશે.

યાદ રાખો - સારી આદતો, સારો સ્વભાવ અને સારા ગુણો જ સાંસારિક જીવનમાં ઉન્નતિ તથા સફળતા આપતી મહત્ત્વપૂર્ણ વસ્તુઓ છે. એમનાથી વંચિત રહેવું તે દુઃખ-દારિદ્ર્યને પ્રત્યક્ષ આમંત્રણ આપવા જેવું છે.

✡ ✡ ✡



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ભગવાન પાસેથી કઈ વાતની સ્પષ્ટતા માગીએ

આજે ઈશ્વર વિશેની વર્તમાન માન્યતાઓ તથા ઉપાસના સાથે જોડાયેલી ભ્રાંતિઓથી ઘેરાયેલા સમાજને જોતાં મનમાં કેટલાય પ્રશ્નો ઊઠે છે કે શું વાસ્તવમાં ઈશ્વર આવો જ છે ? જો તે પૂજારીઓને ન્યાલ કરવાની માન્યતાનો વિરોધ કરતો નથી, વિદૂષકો, ચારણો અને બહુરૂપીઓને, કર્તવ્ય પાલનમાં ઉપેક્ષા વર્તનારાઓને આશ્રય આપે છે તો તેના પર ન્યાયનિષ્ઠ ઈશ સંતાનોને પક્ષપાતનો મહાન આરોપ જેમ ક્યારેક રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન પર લગાડવાની ચર્ચા થતી રહી છે તેવી જ રીતે લગાડવો જોઈએ.

આજે એવી માન્યતા વિકસિત થઈને દૃઢ થતી જાય છે કે જેઓ ભજનના નામે પોતાનો બધો સમય આળસ અને પ્રમાદમાં વેડફી નાખે છે તથા જનતા પાસેથી પોતાના શાનદાર નિર્વાહ માટે ફાળો વસૂલ કરીને ઓડકાર પણ લેતા નથી, પોતાને ભગવાનના મુખ્ય એજન્ટ માને છે, તેમને જ ઈશ્વરભક્ત કહેવા જોઈએ. મનમાં એક પ્રશ્ન ઊઠે છે કે જો ઈશ્વર અંતર્યામી છે, તો ભાવ-સંવેદનાઓ, આકાંક્ષાઓ, ઉદ્દેશ્યો અને આદર્શોને જોઈ-પારખીને જ સારા-ખરાબ, ભક્ત-અભક્ત હોવાનો નિર્ણય કેમ કરતો નથી. જે ઈશ્વર ધર્મ-ધારણાના નિયમ -પેટાનિયમ બનાવી શકે છે, ઋષિઓને પ્રેરણા આપી શકે છે, મનીષીઓને અશુભ નિવારણ માટે ઉત્તેજિત કરી શકે છે તો તે પોતાના ઉપર લાગતા આ આક્ષેપોનું નિરાકરણ કરવા માટે કોઈ પગલાં કેમ લેતો નથી ? તે એ સ્પષ્ટ કેમ કરતો નથી કે તેની સરકારમાં સત્તાના દલાલો માટે કોઈ સ્થાન નથી.

જ્યારે તે સર્વજ્ઞ છે, બધી ભાષાઓનો વિદ્વાન છે, તો પછી કોઈ વ્યક્તિ તેની માતૃભાષામાં જ પોતાના મનની વાત કેમ કહી શકતી નથી ? તેને કેમ બાઈબલ માટે સદીઓ જૂની અંગ્રેજી અને આર્ષ ગ્રંથો માટે જટિલ અને મુશ્કેલ સંસ્કૃત ભાષા જ ગમે છે. પોતાના સમ્માન અને શિષ્ટાચાર માટે તે ભાવનાત્મક આદાન-પ્રદાનના સ્થાને મુશ્કેલ કર્મકાંડોનો આશરો કેમ લે છે ?

ભજન અને કર્મમાં કોને પ્રાધાન્ય આપવામાં આવે ? આ સરળ છતાં આજના સમયમાં જટિલ બની ગયેલા પ્રચલનમાં ઊંડાં મૂળ જમાવી બેઠેલા એક જાતની ગાંઠ બની ગયેલા મંતવ્ય પર કોઈ સર્વમાન્ય નિર્ણય કેમ લેવામાં આવતો નથી ? આ મૌન સાધનાથી, મૂક દર્શક બની રહેવાથી લોકોની એવી સહજ માન્યતા બની જાય છે કે મૌનને અર્ધ સ્વીકૃતિ કેમ માની લેવામાં ન આવે અને મૌનને શા માટે તેનો સમર્થક માની લેવામાં ન આવે ?

મોટાંઓની મોટી વાતો નાનાંની સમજમાં આવશે નહિ એમ કહીને તીવ્ર જિજ્ઞાસુઓને ચૂપ તો કરી શકાય છે, પરંતુ ભ્રમ-શંકાના અગ્નિને અંદર ને અંદર સળગતો રોકી શકાતો નથી, જે સમય, શ્રમ અને સાધના દ્વારા સત્પ્રવૃત્તિ સંવર્દ્ધનમાં લગાવી શકાતો હતો તેને ભજનપરક વિડંબનાઓમાં આટલી હદે શા માટે સહન કરવામાં આવે છે કે લગભગ એંશી લાખ વ્યક્તિ પૂરા સમયના ધંધાદારી અને ઓછીવત્તી માત્રામાં તેને માટે જ વિપુલ પ્રમાણમાં સમય ખર્ચી નાખતી. કોટિ-કોટિ વ્યક્તિ નામ રટણને જ ઈશ્વરની પ્રસન્નતા પામવાનું એકમાત્ર સાધન માની લે અને બહાનું મળી જવાથી લગભગ બધો સમય એ જ પ્રયોજનમાં ગુજારતા રહે.

દરેક મનુષ્ય જ્યારે પોતાની વ્યક્તિગત ઈચ્છાઓ અને જરૂરિયાતોની પૂર્તિ માટે પોતાની શ્રમસાધનાથી જ નિર્વાહ માટેનાં જરૂરી સાધન મેળવી લે છે, તો પછી કેટલાક લોકો આ પ્રકારનો દાવો શા માટે કરે છે કે તેમને ભજન સમર્થક હોવાના કારણે એવી છૂટ મળી ગઈ છે કે તેઓને જનતા આ એક કારણે જ સર્વોપરિ માની લે અને પોતાના માટે મફતમાં ખર્ચાળ સાધન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મેળવી લે ? જો આ પ્રવાહની દિશા બદલી શકાઈ હોત તો લાખો કરોડો પરમાર્થ પ્રેમીઓ સર્જન કાર્યમાં લાગી શક્યા હોત અને પોતાના ફાજલ સમયનો એવો સુનિયોજિત ઉપયોગ કરી શક્યા હોત કે સંવ્યાપ્ત અનિચ્છનીયતાના સ્થાને નવજીવન સંચાર માટે ઘણું થઈ શક્યું હોત.

ઈશ્વરની પૂજા-પ્રાર્થનાને બદલે મનોકામનાઓ પૂરી કરવાની માન્યતા હવે એટલી પ્રબળ બની ગઈ છે કે મોટાભાગનાં ઉપાસના કેન્દ્રો હવે આ એક જ બિંદુ પર કેન્દ્રિત થઈને રહી ગયાં છે. આ પ્રવાહનું પ્રચલન દિવસે દિવસે વધારે ઝડપથી ફૂંકાતા વાવાઝોડાની જેમ વધી રહ્યું છે. મનોકામના પૂર્ણ કરવાનો દાવો કરતા દેવી-દેવતાઓ, જંતર-મંતર અને કહેવાતા સિદ્ધ પુરુષોની, દાઢીવાળા ભગવાંધારીઓની સંખ્યા એટલી વધી ગઈ છે કે સર્વત્ર તેમનું જ સામ્રાજ્ય ફેલાયેલું દેખાય છે. પૂજા-પ્રાર્થનાને જ વરદાન-આશીર્વાદ પ્રાપ્ત કરવાનું મુખ્ય માધ્યમ બનાવવામાં આવી રહ્યું છે. પરિણામે તે જ નિમિત્તે ધનશક્તિ, સમયશક્તિ અને ભાવં ચેતનાનું નિયોજન થતું રહેવું સ્વાભાવિક બની ગયું છે. સ્થિતિના તોફાની પૂર જોતાં દરેક વિચારશીલનું શંકાશીલ મન એ જાણવા ઈચ્છે છે કે આખરે વસ્તુસ્થિતિનો નિર્ણય કેમ થઈ રહ્યો નથી ?

વાસ્તવમાં ઉપર્યુક્ત બધા પ્રશ્નોનું સમાધાન તથા મહા-આરોપ લગાડવાની આતુરતાનો પ્રત્યુત્તર ત્યારે મળવા લાગે છે, જ્યારે મનઃસ્થિતિને થોડીક વાળીને વિચાર કરવામાં આવે છે. મનોકામનાની પૂર્તિ કરનારો ઈશ્વર તો માનવીએ જ ઘડયો છે ને, કોઈ બીજાએ તો નહિ, તો પછી તે પોતાની કૃતિ પર આરોપ કેવી રીતે લગાવી શકે ? જેમને પરમેશ્વર, પરબ્રહ્મ, પરમાત્મા, અચિંત્ય, અગોચર, અગમ્ય કહેવામાં આવ્યા છે, જેમણે આ સૃષ્ટિના કણકણની, વૃક્ષ-વનસ્પતિઓની, જન-જનની કાયા અને મનની, ગ્રહ-નક્ષત્રોની અનુશાસન રૂપી સિમેંટથી સંરચના કરી છે. આ તે પરબ્રહ્મ છે, જેણે સંપૂર્ણ સૃષ્ટિ સર્જી છે. તેનું જ સ્પંદન જડ-ચેતનના કણ-કણમાં સતત થતું રહે છે. એવું સ્પષ્ટીકરણ ઈશ્વર શા માટે કરે કે, ''મારાથી સંબંધિત માન્યતાઓની ભ્રમ-જંજાળમાં ફસાયેલા હે મનુષ્યો ! કમ-સે-કમ વિચાર કરી જુઓ કે સાચા અર્થોમાં મારી સત્તા કઈ છે અને શું છે ?'' એ તો આપણે જ પોતાની દૂરદર્શી વિવેકશીલતાને જગાડી, ઔચિત્યની સ્થાપના કરી પોતાના જ હૃદયમાં ઝાંખી કરીને શોધવું પડશે કે સાચો ભગવાન ક્યો છે ?

જો નિરાકાર પરબ્રહ્મને સમજવામાં આપણને, આપણી બુદ્ધિને મુશ્કેલી લાગતી હોય તો આપણે વેદાંતનાં કેટલાક સૂત્રો ''સોહમ્'' ''અયમાત્મા બ્રહ્મ'' ''સચ્ચિદાનંદોહમ્'' ''તત્ત્વમસિ'' ''જીવોબ્રહ્મૈવ નાપરઃ''નું ચિંતન-મનન કરી લેવું જોઈએ તથા પોતાની જિજ્ઞાસાનું સમાધાન કરી ભ્રમજંજાળોની મૃગતૃષ્ણામાંથી બહાર નીકળવું જોઈએ.

❖ ❖ ❖

*વાસવદત્તા તે સમયના શ્રાવસ્તી નગરીની અનિંદ્ય નગરવધૂ હતી. સંપૂર્ણ કુલીન સમુદાય તેને પામવા માટે ભમરાની જેમ આસપાસ ફરતો રહેતો. ભિક્ષુ ઉપગુપ્ત તે સમયે મહાન તપસ્વી જ નહીં, સૌંદર્ય અને સૌષ્ઠવની પ્રતિમૂર્તિ પણ હતા. વાસવદત્તા ફક્ત તેમને જ ચાહતી હતી, પરંતુ આત્માના ઉપાસક ઉપગુપ્ત પર તેનો કોઈ પ્રભાવ ન પડયો. જીવનના ઉત્તરકાળમાં વૃદ્ધા વાસવદત્તા બીમાર થઈ ગઈ, ત્યારે એક દિવસ ઉપગુપ્ત તે તરફ પહોંચ્યા. વાસવદત્તાએ તેમને જોઈને કહ્યું, તાત ! આપ હવે આવ્યા છો, જ્યારે મારી પાસે આપના માટે કશું જ બાકી રહ્યું નથી.*

*આત્મજ્ઞાની ઉપગુપ્તની આંખો ભીની થઈ ગઈ. તેમણે અત્યંત આદર અને સ્નેહપૂર્વક વાસવદત્તાને કહ્યું, ભદ્રે ! સૌંદર્ય તો આત્માનું હોય છે અને તે અવિનાશી છે. આટલું કહી તેઓ તેની સેવામાં લાગી ગયા.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્ઞાનનો મહિમા

યુગગીતા-૩૪

# ઊઠો ભારત ! સ્વયંને યોગમાં પ્રતિષ્ઠિત કરો

(ગીતાના ચોથા અધ્યાયની યુગાનુકૂળ વ્યાખ્યા-સોળમી કડી)

'જ્ઞાનથી વધુ પવિત્ર કાંઈ નથી' એ શીર્ષક સાથે મે ૨૦૦૨ના અખંડ જ્યોતિ માસિકમાં પરિજનોએ વિસ્તારથી વાંચ્યું છે કે જ્ઞાનની પૂર્ણતાએ પહોંચેલો સાધક પોતાની શ્રદ્ધા, સંયમશીલતા તથા તત્પરતા દ્વારા ભગવત્પ્રાપ્તિ રૂપી પરમ શાંતિ મેળવે છે. ભગવાન આ છેલ્લા શ્લોકોમાં જ્ઞાનની સાથે શ્રદ્ધા, આદર્શો પ્રત્યે અસીમ પ્રેમ, શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટેની અતૂટ લગન પર સૌથી વધુ ભાર મૂકે છે. તેઓ કહે છે કે શ્રદ્ધાહીન, અજ્ઞાની અને સંશયથી ભરેલો મનુષ્ય પરમાર્થ-પથથી દૂર થઈ જાય છે અને અંતે તેનો નાશ થાય છે. તેને કોઈ પણ કાળ અને લોકમાં ક્યારેય સુખ-શાંતિ મળતાં નથી. ગુરુ પ્રત્યે નિષ્ઠા રાખી તેમની પાસેથી જ્ઞાન મેળવીને જે પ્રાપ્ત થાય છે તેને શ્રીકૃષ્ણ સર્વોપરિ ગણાવે છે. અજ્ઞાન અને અવિદ્યા મનુષ્યને અશાંતિ અને દુઃખ આપવા સાથે તેની અધોગતિ પણ કરે છે. ગત ભાગમાં જ્ઞાન અને શ્રદ્ધા બંને શબ્દોની વિસ્તારથી વ્યાખ્યા કરવામાં આવી હતી. જે વ્યક્તિ શ્રદ્ધાવાન બને છે, તે ક્યારેય બિનજરૂરી સંદેહ નથી કરતી, સતત સાધનાપરાયણ રહે છે અને ચારેય સંયમોનું (ઈન્દ્રિય, અર્થ, સમય, વિચાર) પાલન કરે છે, પોતાના પર નિયંત્રણ રાખે છે, તેને નિસ્સંદેહ પરમાત્મસત્તાનો, સત્યનો સાક્ષાત્કાર થાય છે, જે માનવજીવનને સાર્થક બનાવે છે.

પહેલા ત્રણ શ્લોકોમાં વર્ણવેલ યુગ સત્યને પ્રભુ શ્રીકૃષ્ણ પોતાના અંતિમ બે શ્લોકોમાં કહેલી વાત દ્વારા વધુ પ્રભાવશાળી રીતે વર્ણન કરીને 'જ્ઞાનકર્મસંન્યાસયોગ' નામે આ મહત્ત્વપૂર્ણ ચોથા અધ્યાયની સમાપ્તિ કરે છે.

યોગસન્યસ્તકર્માણં જ્ઞાનસચ્છિન્ન સંશયમ્ ।
આત્મવન્તં ન કર્માણિ નિબધ્નન્તિ ધનંજય ॥
- ૪-૪૧

"હે ધનંજય, જેણે કર્મયોગની વિધિ દ્વારા સમસ્ત કર્મો પરમાત્માને અર્પણ કરી દીધાં છે તથા જ્ઞાન દ્વારા (વિવેકના માધ્યમથી) જેના બધા સંશય નાશ પામ્યા છે, તે આત્મપરાયણ પુરુષને (વશમાં કરેલા અંતઃકરણવાળાને) કર્મો બાંધતાં નથી."

તસ્માદજ્ઞાનસંભૂતં હૃત્સ્થં જ્ઞાનાસિનાત્મનઃ ।
છિત્ત્વૈનં સંશયં યોગમાતિષ્ઠોત્તિષ્ઠ ભારત ॥
- ૪-૪૨

"તેથી હે ભરતવંશી અર્જુન, ઊઠ, તું હૃદયમાં સ્થિત આ અજ્ઞાનજનિત સંશયને વિવેક-જ્ઞાનરૂપી તલવારથી કાપીને સમત્વરૂપી યોગમાં સ્થિર થા અને યુદ્ધ માટે ઊભો થઈ જા."

પહેલાં ભગવાને શ્રદ્ધાવાનને જ જ્ઞાન મળે છે, એમ કહ્યું અને પછી જણાવ્યું કે અજ્ઞાની શ્રદ્ધાહીન-વ્યક્તિ, જે સંશયોથી ભરેલી રહે છે તે અંતે વિનાશ પ્રાપ્ત કરે છે. તેને કોઈપણ કાળમાં સુખ પ્રાપ્ત થતું નથી. આ એક પ્રકારની દુઃખદ નકારાત્મક સ્થિતિ છે. આવી મનોદશામાં આપણને ઘણા લોકો, મોટે ભાગે આખા સમાજના બધા વર્ગોમાં છવાયેલા જોવા મળે છે. તેઓનું એક જ કામ છે, સતત સંશય કરવો. તર્ક અને શ્રદ્ધામાં તર્કને વધુ મહત્ત્વ આપવું. તેઓ પોતાના વર્તુળના બધા જ લોકોની નિયત, કર્મભાવના અને પ્રયોજન પર અવિશ્વાસ રાખે છે. તેઓ પ્રત્યેક વ્યક્તિના પ્રત્યેક શબ્દ પર વગર વિચાર્યે સંદેહ રાખે છે. ભગવાનના મતે તેમના સંશય, તેમના અજ્ઞાનને કારણે બેજવાબદારીભરી ભ્રમણાઓને કારણે જ હોય છે. જ્યારે વ્યક્તિને ન તો પોતાનામાં વિશ્વાસ હોય, કે ન તો પોતાની આસપાસના સંસારમાં વિશ્વાસ હોય, તો તેને આ સંસારમાં કોઈ મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ મળતી નથી. પરલોકમાં પણ તેને દુર્ગતિનો જ સામનો કરવો પડે છે. તેને કયાંય, કોઈ પણ કાળમાં સુખ ન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મળવાનું કારણ માત્ર એ જ છે કે તે હંમેશાં શંકાઓથી ઘેરાયેલ રહે છે. તેથી ભગવાન કહે છે કે શ્રદ્ધાવાન પુરુષ જ જ્ઞાન-લાભ પ્રાપ્ત કરે છે, અન્ય કોઈ નહીં.

### ગીતા : એક માનવશાસ્ત્ર

ગીતા હકીકતમાં મનોવિજ્ઞાનનું પાઠ્યપુસ્તક છે. તે એક પ્રકારનું માનવશાસ્ત્ર છે, જે વાતાવરણ અને પરિસ્થિતિઓથી પ્રભાવિત થયા વિના શ્રેષ્ઠ કર્મોમાં વ્યસ્ત કર્મઠ જીવન જીવવા માટેની આપણને બધાને પ્રેરણા આપવા માટે યોગેશ્વર શ્રીકૃષ્ણના શ્રીમુખેથી વહી છે. આપણું પ્રતિનિધિત્વ અહીં અર્જુન કરી રહ્યો છે. તે ખૂબ સંશયમાં છે અને સંશય અજ્ઞાનમાંથી જન્મેલ છે. તેને લાગે છે કે જીતવાનો કોઈ અવસર નથી. ક્યાં પોતાની સાત અક્ષૌહિણી સેના અને ક્યાં વિરોધી પક્ષની અગિયાર અક્ષૌહિણી સેના ? તેના મનમાં પોતાના જ પ્રત્યે અવિશ્વાસ છે કે જીતી નહિ શકાય. આ આત્મવિશ્વાસના અભાવે જે બોલ તેના મોંમાંથી નીકળે છે, તે અજ્ઞાનજનિત છે. લૌકિક દષ્ટિએ વિવશ અર્જુન જાણવા છતાં જે એક તથ્ય નકારી રહ્યો છે, તે એ છે કે બધું જ પ્રતિકૂળ હોવા છતાં પણ શ્રીકૃષ્ણ તેની સાથે છે. જો આટલો જ માત્ર દઢ વિશ્વાસ તે રાખે, તો તે બધી ગ્લાનિ-ઉદાસીનતા પર વિજય પ્રાપ્ત કરી યુદ્ધ ક્ષેત્રમાં પૂરા સંકલ્પબળ સાથે ઊભો રહી શકે છે. અહીં અર્જુનની પગલે-પગલે પરીક્ષા છે. ગીતાના દરેક શ્લોક સાથે તેની જ નહીં, આપણા બધાની પરીક્ષા થઈ રહી છે કે જીવન સંગ્રામમાં આપણે પોતાને કેટલા તૈયાર રાખી શકીએ છીએ. શ્રદ્ધાજન્ય જ્ઞાન વિના કર્મઠતા, કર્તવ્યપરાયણતા આવી શકતી નથી અને તેના માટે આપણી ગુરુસત્તા પર દઢ વિશ્વાસ, તેમણે આપેલ જ્ઞાનને ગ્રહણ કરવાની પાત્રતાનો વિકાસ, સાધનાપરાયણતા તથા સંયમશીલતાનો ઊંડો અભ્યાસ જોઈએ. જે વ્યક્તિ શુદ્ધ અંતઃકરણવાળી છે, તે તો સ્વયં તે જ્ઞાન પોતાની મેળે જ યોગ્ય સમયે પોતાના આત્મામાં મેળવી લે છે, પરંતુ સામાન્ય મનુષ્ય, જે સંશયોમાં ભટકતો રહે છે, જાત જાતના તર્ક દ્વારા સત્યને પામવાનો પ્રયાસ કરે છે, તેની અંદરથી શ્રદ્ધા ઊપજી જ નથી શકતી, તેઓ તો જાણે નિરંતર ભટકતા જ રહે છે. આ લોકમાં નાશ પામે છે અને પછી એવી જ રીતે જન્મ-જન્માંતરો સુધી જુદી જુદી યોનિઓમાં ભટકતા રહે છે.

### ગુરુના જ્ઞાન પર દઢ વિશ્વાસ રાખીએ

આપણે આપણી ગુરુસત્તાનાં વચનો પર જો દઢ વિશ્વાસ રાખીએ, આપણા મનમાં તેના નિર્ધારણો, યુગનિર્માણની તેમની ભવિષ્યવાણી તથા ઘોષણાઓ પર વિશ્વાસ હોય, તો આપણી દુર્ગતિ કેમ થાય ! આપણે તો માની લીધું છે કે આપણે એકલા છીએ, આપણે જ બધું કરવાનું છે. બીજાના આચરણ આપણને જલદી દેખાઈ જાય, તો આપણે સંશયોથી ઘેરાઈ જઈએ છીએ. આપણે પોતાને જોવાનો, પોતાની શ્રદ્ધા-સંવર્ધન કરવાનો, જ્ઞાનપ્રાપ્તિના પરમ પુરુષાર્થમાં તત્પર થવાનો પ્રયાસ કરતા નથી, તેથી આપણી સ્થિતિ પણ એ જ થાય છે, જે અર્જુનની થઈ રહી છે. જ્ઞાન કર્મ સંન્યાસ યોગનો આ અધ્યાય ભગવાનના 'સંભવામિ યુગે-યુગે'ના આશ્વાસનથી અને તેમના દ્વારા સૂર્યને જણાવેલા યોગની ચર્ચાથી શરૂ થયો હતો. કર્મ, અકર્મ, વિકર્મની વ્યાખ્યા સમજાવતાં, પંડિતજનોની વ્યાખ્યા તથા યજ્ઞના દાર્શનિક પક્ષનું વિવેચન કરતાં જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થશે, કોને પ્રાપ્ત થશે અને તે જ્ઞાનનો મહિમા કેટલો મોટો છે, એ બધાં વિવરણો સાથે અર્જુનને યુદ્ધ ક્ષેત્રમાં ઊભા થવાના સંબોધન પર સમાપ્ત થઈ રહ્યો છે. કેવા કેવા ચડાવ-ઉતાર આવ્યા છે, આ અધ્યાયમાં, પરંતુ આ અધ્યાય કર્મ યોગ પર આધારિત એક મહાપુરુષ માટે, એક સંકલ્પિત અનુષ્ઠાન લઈને કાર્ય કરી રહેલ એક સંગઠન માટે એક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિર્દેશ પુસ્તિકા છે. કર્મયોગીએ કેવા હોવું જોઈએ, તેનાં કર્મ દિવ્ય ક્યારે બનશે તથા શ્રદ્ધા અને જ્ઞાન વિના કર્મોને દિશા કેવી રીતે મળશે, એ જ બધાં પ્રતિપાદનો પર ટકેલો છે આ અધ્યાય, જેની પરાકાષ્ઠા પર આપણે પહોંચી ચૂક્યા છીએ. જ્યાં વારંવાર ભગવાન કહે છે કે અર્જુન, તારા મનમાં કોઈ સંશય હોય તો કાઢી નાખ. જો સંશય લઈને જીવીશ, કર્મયોગના પથ પર આરૂઢ નહીં થાય, તો વિનાશ પ્રાપ્ત કરીશ, તેથી સંશયોથી મુક્ત થવું અનિવાર્ય છે.

ભગવાન કહી રહ્યા છે, હે ધનંજય ! આત્માવાનને કર્મો બાંધતાં નથી, એવી વ્યક્તિને જેણે વિવેક દ્વારા પોતાના સમસ્ત સંશયો નષ્ટ કરી દીધા છે, એવી વ્યક્તિને જેનું અંતઃકરણ પોતાના વશમાં છે, તેને કર્મોના બંધનમાંથી મુક્તિ મળતી જાય છે. (આત્મવન્તં ન કર્માણિ નિબધ્નન્તિ ધનંજય) રામકૃષ્ણ પરમહંસ કહ્યા કરતા હતા, જેને નાચવાનું આવડી જાય, તેના પગ ખોટી રીતે પડતા નથી. તો જે આત્માએ સ્વયંને પરમાત્માને અર્પણ કરી દીધો છે, જે દિવ્યકર્મીનાં બધા કર્મ પરમબ્રહ્મને સમર્પિત છે, તેનાથી કદી કોઈ ખોટું કામ થઈ શકે જ નહીં. તેના મનમાં એવા કોઈ ભાવ જ કદી પેદા નથી થતા. તે કર્મબંધનોથી મુક્તિ મેળવીને જીવનમુક્ત બની જાય છે. પરમપૂજ્ય ગુરુદેવ ક્યારેક મસ્તીમાં આવી જતા તો એક ગીત સંભળાવતા હતા, "મેરે પૈરોંમેં ઘુંઘરૂ બંધા દે તો ફિર મેરી ચાલ દેખ લે" કોઈ ફિલ્મનું આ ગીત સંભળાવીને તેઓ કહેતા કે એવી વ્યક્તિની ચાલ પછી ખોટી હોઈ જ શકતી નથી. લય અને તાલની સાથે જ એ ચાલશે. એવી વ્યક્તિ ક્યારેય ભૂલ નહીં કરે, કારણ કે પરમાત્મા તેનું હરક્ષણ સંચાલન કરે છે. તે કર્મયોગમાં સિદ્ધિ પ્રાપ્ત કરી ચૂકી હોય છે. જે વાત પરમહંસજીએ કહી છે કે નૃત્ય કરતાં શીખી ગયા પછી ખોટી રીતે પગ પડતો નથી, એ જ ભાવ આ પંક્તિમાંથી પણ નીકળે છે. ઉપાસ્ય-ઈષ્ટના અનુશાસનમાં જ પછી કર્મોનું સંપાદન થવા લાગે છે. પરમસત્તાના અનુશાસનરૂપી ઘુંઘરૂ બંધાઈ ગયા પછી સમર્પિત સાધક પછી એ જ ચાલ ચાલે છે, જે એક કુશળ કર્મયોગીએ ચાલવી જોઈએ. સંપૂર્ણપણે ત્રુટિહીન, સર્વાંગસંપૂર્ણ કૌશલ્યથી ભરેલી.

### ક્રાંતિકારી ગર્જના

ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે કે અહીં સમસ્યાઓથી ભાગવાનું નથી કહેવાતું, પરંતુ દૃઢતાપૂર્વક સ્થિર રહીને બુદ્ધિમત્તાપૂર્વક પોતાની મનઃસ્થિતિથી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખતાં કર્મ કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે. ગીતા શુભ શક્તિઓના નાયક, દેવપક્ષનું પ્રતિનિધિત્વ કરનારા અર્જુન પ્રતિ સંબોધિત છે અને હે ભારત ! ઊઠો, યુદ્ધ કરો, અનીતિને મૂળમાંથી દૂર કરો, એ જ યોગેશ્વરનો અંતિમ ઉપદેશ છે. ક્રાંતિ જ્યારે પણ થાય છે, તો ભગવાનનો એ જ આદેશ છે કે ગુફાઓમાં ભાગી ન જાઓ, મક્કમ રહીને અનીતિ સાથે, કુરીતિ સાથે, વૈચારિક પ્રદૂષણ સાથે યુદ્ધ કરો અને સતત સમ્યક કર્મ કરતા રહો, તમારી પાસેથી આ જ અપેક્ષા છે.

એકતાળીસમા શ્લોકમાં ભગવાન એ જ કહે છે કે જ્યારે વિષયો અને સ્વાર્થની કામનાથી ભરેલાં કર્મોનો દિવ્યયોગભાવના દ્વારા ત્યાગ કરવામાં આવે છે, તો અશાંતિદાયક વાસનાઓ સમાપ્ત થતી જાય છે. અધ્યયન-મનન દ્વારા તેનાથી આંતરિક જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે, જે ગુરુ સમર્પણમાં ભળતું જાય છે. વાસનામુક્ત અંતઃકરણમાં એવા જ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે, જેના પ્રકાશમાં આપણી બુદ્ધિ પર ઘેરા ઘટાટોપ વાદળોની જેમ છવાયેલા સંશય નિવૃત્ત થઈ જાય છે. (જ્ઞાન સંછિન્ન સંશયમ્) જ્ઞાન સૂર્ય જાણે કે તે વાદળો પર અજ્ઞાનજન્ય ભ્રાંતિઓ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પર પોતાનો પ્રકાશ છાંટીને તેમનો નાશ કરે છે. એવી વ્યક્તિ આપોઆપ આત્મપરાયણ બની જાય છે. (આત્મવન્તં), તે પરમચૈતન્ય અવસ્થા પ્રાપ્ત કરે છે. પછી આ લૌકિક જગત અને તેની ક્રિયાઓ તેને વાસનાઓની બેડીઓમાં જકડી શકતી નથી. (ન કર્માણિ નિબદ્નન્તિ ધનંજય)

એવી સ્થિતિમાં મનુષ્ય ભીતરમાં યોગમાં સ્થિત રહીને બહાર બધાં બુદ્ધિમત્તાપૂર્વક કરવાનાં કર્મો સંપન્ન કરે છે. જેવી રીતે માનું ધ્યાન ઘરના કામકાજમાં લાગેલું હોવા છતાં પારણામાં સૂતેલા બાળક પ્રત્યે સતત રહેલું હોય છે, આકાશમાં ઊડતી ચકલી માળાથી દૂર હોવા છતાં પોતાનાં બચ્ચાંનું ધ્યાન બરાબર રાખે છે, આપણી ગુરુસત્તા સૂક્ષ્મરૂપે યુગનિર્માણનાં કાર્યો સંપન્ન કરતાં કરતાં પણ 'યોગક્ષેમં વહામ્યહમ્'ના ભાવથી આપણી તરફ ધ્યાન રાખે છે. યોગી પણ, દિવ્યકર્મી પણ પરમસત્તાથી ક્યારેય વિમુખ થતા નથી. બહિરંગ જગતમાં કર્મ કરતાં રહેતાં તેઓ હકીકતમાં અકર્મમાં લીન રહે છે. આ રીતે કર્મ કરતાં રહેવાથી મનુષ્યના આંતરિક વ્યક્તિત્વને જકડનાર નવી વાસનાઓ ઉત્પન્ન થઈ શકતી નથી. 'કર્મ બાંધતાં નથી' શબ્દોથી ભગવાનનો આ આશય છે. અજ્ઞાન અને તેનાથી જન્મનાર ભ્રાંતિઓથી મુક્તિ જ એ રાજમાર્ગ છે, જે વ્યક્તિને સાચા અર્થમાં કર્મયોગી બનાવે છે.

## જ્ઞાનની તલવારથી સંશયને કાપીએ

જ્યારે મનુષ્યને વાસ્તવિક આત્મતત્ત્વનો અનુભવ થઈ જાય, જે અહંકાર અને કામોદ્વેગોથી ઢંકાયેલો હતો, ત્યારે તેની સમસ્ત ભ્રાંતિઓ પણ મટી જાય છે. ત્યારે ભગવાન એમ કહીને ઉપસંહાર કરે છે, ''હૃદયસ્થિત અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ આત્મા સંબંધી સંશયને જ્ઞાનની તલવાર વડે કાપીને યોગમાં સ્થિર થઈ જા. ઊઠ, હે ભારત ! તું યુદ્ધ માટે તૈયાર થઈ જા.'' (બેતાળીસમો અંતિમ શ્લોક) કેટલું તેજસ્વી ઉદ્બોધન છે અને કેટલું મર્મયુક્ત જ્ઞાનોપદેશથી ભરેલું કર્મયોગના પ્રતિપાદનનું સમાપન છે. આગળનો અધ્યાય (પાંચમો) જે કર્મ સંન્યાસ યોગ નામે પ્રસિદ્ધ છે, તે પહેલાં ભગવાને અર્જુનને પૂરેપૂરો હલબલાવી દીધો છે. આત્માના તાત્કાલિક અને અપરોક્ષ અનુભવ (અપરોક્ષાનુભૂતિ) દ્વારા તેના સ્વરૂપ સંબંધે જે પણ સંશય વ્યાપેલ હોય, તેનાથી નિવૃત્ત થઈ જવું જ ઉચિત છે. એ જ સંશય આપણને અહંભાવમાં જકડી રાખે છે અને તે અજ્ઞાનમાંથી જન્મે છે. પ્રભુ કહે છે આ અજ્ઞાનજનિત સંશયોને અપરોક્ષાનુભૂતિની, વિવેકજ્ઞાનની તલવારથી નષ્ટ કરી દો, કાપી નાખો. (તસ્માદ્જ્ઞાનસંભૂતં હૃત્સ્થં જ્ઞાનાસિનાત્મનઃ છિત્ત્વૈનં સંશયં - બેતાળીસમો શ્લોક) જો આપણે પ્રભુને સતત આપણી આસપાસ હાજર માનીને, સતત જાગૃત બની રહીને તેમના પ્રત્યે પોતાનાં કર્મોના અર્પણનો ભાવ રાખીએ, તો આપણે યોગમાં સ્થિત થઈ જઈએ છીએ. યજ્ઞીયભાવથી કર્મ કરવા માંડીએ છીએ. (યોગમતિષ્ઠ આખા અધ્યાયનો સાર અહીં આવી ગયો છે.

કેટલી વિચિત્ર વાત છે ! ગીતા યુદ્ધ ક્ષેત્રમાં કહેવાઈ રહી છે. મોહગ્રસ્ત અર્જુનને યોગેશ્વર કર્મયોગનો સંદેશ આપી રહ્યા છે અને વારંવાર એ જ કહી રહ્યા છે કે યુદ્ધ કર. આપણને લાગે કે ક્યાં યોગ જેવું ઉચ્ચસ્તરીય દર્શન અને ક્યાં યુદ્ધ ! પણ આ જ તો કાવ્યના લાલિત્યની વિલક્ષણતા છે. ચાહે તે મહાભારતનું યુદ્ધક્ષેત્ર હોય, ચાહે આપણા અંતર્જગતનો દેવાસુર સંગ્રામ. આપણે હંમેશાં આ જ પ્રકારના માર્ગદર્શનની જરૂર હોય છે. ચાહે આપણે લૌકિક જીવન જીવી રહ્યા હોઈએ કે રૈદાસની જેમ, રૈક્યની જેમ, સદન કસાઈની જેમ નિર્લેપભાવે કર્મયોગીની જેમ જીવવા માંગતા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોઈએ, આપણે આ જ ઉચ્ચતર કર્મયોગની જરૂર પડશે. યુગનિર્માણનું કાર્ય, નવી દુનિયા બનાવવાનું, નવો મનુષ્ય બનાવવાનું, જ્ઞાનયજ્ઞવાળો વિચારક્રાંતિનો મહાપુરુષાર્થ એટલે જ તો આપણા માટે એક ઉચ્ચસ્તરીય કર્મયોગ બની જાય છે. આ પ્રક્રિયાને કાર્યાન્વિત કરતાં કરતાં (અપનાવતાં) આપણી ચેતના વિસ્તાર પામે છે, જાગરૂકતા વધે છે, પ્રતિકૂળ પરિસ્થિતિઓ બદલાય છે તથા આત્મવિશ્વાસ વધતો જાય છે. આપણે બધી જ સમસ્યાઓનો સામનો શ્રદ્ધાભર્યા હૃદય-વિવેકજન્ય જ્ઞાન તથા ત્યાગભાવથી કરવા તૈયાર હોઈએ, તો સફળતા મળતી જાય છે.

### ઊઠો ભારત ! યોગનો આશ્રય લો

મનુષ્ય, ઈશ્વરની સર્વોત્તમ કૃતિ છે. 'ન માનુષાત્ હિ શ્રેષ્ઠતરં કિંચિત્' શ્રુતિ. સંસાર તેના માટે એક ક્રીડાંગણ છે. એક બુદ્ધિમાન અને સંતુલિત વ્યક્તિત્વવાળી વ્યક્તિ પર સાંસારિક સમસ્યાઓનો કોઈ પ્રભાવ ન પડવો જોઈએ. ગીતા યુવાશક્તિને સંબોધિત કરતાં કહે છે, અજ્ઞાનમાંથી બહાર નીકળો, એક એવા જીવનની તૈયારી કરો, જેમાં તમે ઉદ્યમપૂર્વક પ્રયત્નશીલ રહી શકો તથા ભાવિ પેઢીઓ માટે મહાન ઉપલબ્ધિઓ એકઠી કરી શકો. જ્યારે પણ કોઈ જાતિ, સમાજ આવું યજ્ઞીય કર્મ વધારે ને વધારે પ્રમાણમાં વ્યાપક સ્તર પર સેવાભાવથી કરવા માટે તૈયાર થઈ જાય છે, તો યુગ બદલાવાની, મહાભારત બનવાની સંભાવનાઓ સાકાર થવા લાગે છે. ગીતાનું એ આહ્વાન છે, ''ઉત્તિષ્ઠ ભારત્'' આપણા બધાને માટે, ઊર્જાથી ભરેલ યુવાશક્તિ માટે, સંવેદનાભરી માતૃશક્તિ માટે. ભારત નામથી સંબોધન માત્ર અર્જુન માટે જ નથી, પાંડવ રાજકુમાર માટે જ નથી, પરંતુ સર્વ કાળ અને યુગોના બધા જ માનવો માટે છે, ચાહે તેઓ કોઈ પણ નીતિ, ધર્મ, સંસ્કૃતિ, વર્ગ સાથે સંકળાયેલા હોય. પ્રાચીન રાજા ભરતના વંશજ હોવાને નાતે અર્જુનને ભારત સંબોધન કરવામાં આવ્યું છે. સંસ્કૃતમાં 'ભા' નો અર્થ છે - પ્રકાશ, દીપ્તિ 'રત'નો અર્થ છે - જે રમણ કરે છે, એવો આપણો ગૌરવશાળી દેશ છે, જેના નામથી જ જ્ઞાનનું મહત્ત્વ સાબિત થાય છે. વાસ્તવિક જ્ઞાનના પ્રકાશમાં, ભાસ્કર દેવતાના આભામંડળમાં કર્મઠ જીવન જીવનારા દેવદૂતોનો દેશ છે ભારત ! આ દેશની કોઈ સીમા નથી, આ તો એક વિશ્વરાષ્ટ્રની પરિભાષા છે. જેમ જેમ દેવસંસ્કૃતિનો જ્ઞાનપ્રકાશ દિશા-દિશાઓમાં ફેલાતો જશે, આખું વિશ્વ ભારત બનતું જશે. પહેલાં પણ એમ જ હતું અને આવી ક્રાંતિકારી વેળાએ જ આ યુગગીતા લખાઈ રહી છે. જ્યારે યજુર્વેદનો ''સા પ્રથમા સંસ્કૃતિઃ વિશ્વવારા''નો સંકલ્પ ફરી જીવંત થવા જઈ રહ્યો છે. શ્રીકૃષ્ણની વ્યાખ્યા અનુસાર સાચો ભારતીય એ જ છે, જે સાહસપૂર્વક જ્ઞાનના પ્રકાશમાં કર્મપરાયણ જીવન જીવવા અને પરમાત્મતત્ત્વની અનુભૂતિ પામવા માટે તત્પર રહી કર્મયોગમાં સ્થિત રહે. આપણે બધાએ ચિંતન કરવું જોઈએ કે શું આપણે આ વ્યાખ્યા પ્રમાણે ખરા ઠરીએ છીએ ? આપણે આપણા વિશ્વાસને વ્યવહારમાં ઉતારવાનું સાહસ કરવાની સ્થિતિમાં છીએ કે નહીં ? આપણે આપણી નિમ્નગામી પ્રવૃત્તિઓ અને વિષય-વાસનાઓ સાથે લડવા માટે ગતિશીલ છીએ કે નહીં ? જો છીએ તો, આપણને બધાને સંબોધન છે પરમ સત્તાનું, ભગવાન શ્રીકૃષ્ણનું કે ઊઠો ભારત, ભારતવાસી, દેવપુત્રો, અમૃતપુત્રો, પોતાની ગરિમાને ઓળખો અને સ્વયંને યોગમાં પ્રતિષ્ઠિત કરો. બસ આ જ એક વિલક્ષણ બિંદુ પર આ અધ્યાય સમાપ્ત થઈ જાય છે.

(આગામી અંકથી પાંચમો અધ્યાય)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રીરામલીલામૃતમ્-૬

# ચેતનાની શિખરયાત્રા

## હિમાલય અમારું ઘર

ગુફાના દ્વાર પર પિતાશ્રીએ અવાજ દીધો. અંદરથી કોઈ જવાબ ન મળ્યો. ગુફાની દીવાલો સાથે ટકરાઈને અવાજ પાછો આવ્યો. મશાલ સળગાવીને ગુફાની અંદર શોધવાનો નિર્ણય કરવામાં આવ્યો. આશરે બાર મીટર લાંબી, આડી-ટેડી ગુફામાં અંદર સુધી શોધ કરી. શ્રીરામનો પત્તો ન હતો. હારીને બધા લોકો પાછા આવ્યા. ઘેર તાઈજીએ રોઈ રોઈને ખરાબ હાલત બનાવી દીધી હતી. શોધ-ખોળ ચાલતી રહી. બીજો દિવસ શરૂ થયો. આશરે સાત વાગે તાઈજીના પિયર સહપઊ (મથુરા)થી એક સંબંધી આવ્યા. તેમનું નામ રુકમણિપ્રસાદ હતું અને ગામના સંબંધે તેઓ તાઈના કાકા થતા હતા. તેઓ રાત્રે જ આવી ગયા હતા, પરંતુ ત્યાંના રિવાજ અનુસાર બહેન-દીકરીને ઘેર રોકાવાય નહીં અને અન્ન-જળ પણ લેવાય નહીં, તેથી તેઓ ગામની બહાર એક મંદિરમાં જ રોકાઈ ગયા હતા.

ભત્રીજીને ત્યાં પહોંચ્યા, તો ધમાલ મચેલી જોઈ. કારણ જાણવા મળ્યું કે કુળદીપક કાલથી લાપત્તા છે. રુકમણિપ્રસાદને યાદ આવ્યું. રસ્તામાં તેમને દસ-બાર વર્ષનો એક બાળક જોવા મળ્યો હતો. નિર્જન રસ્તે તેને એકલો જોઈને આશ્ચર્ય થયું હતું. પૂછયું પણ હતું કે બેટા, કયાં જાય છે, તો તેણે સહજતાથી જવાબ આપ્યો હતો - હિમાલય. જવાબ સાંભળીને રુકમણિજી હસી પડયા હતા. તેમના મુખેથી સહજ નીકળી પડયું હતું- તોફાની. જવાબ પર હસવું એટલે આવ્યું હતું કે હિમાલય આસપાસ તો છે નહીં. પર્વતના નામે લોકોને માત્ર ગોવર્ધનની જાણ છે, તે પણ ઓછામાં ઓછો ચાલીસ માઈલ દૂર છે. આંવલખેડા આવીને ખબર પડી કે એ બાળક તેમના ગામની દીકરીનો જ ચિરંજીવી છે.

રસ્તામાં શ્રીરામ મળવાની જાણ થતાં જ પિતાશ્રી અને ઘરના બીજા પુરુષો જેમ હતા તેવી જ હાલતમાં ચાલી નીકળ્યા. રુકમણિજી તેમની સાથે ગયા અને રસ્તામાં જયાં શ્રીરામ મળ્યા હતા તે જગ્યાએ લઈ ગયા. તે જગ્યાએ હોવાનો સવાલ જ ન હતો. તે જ રસ્તે ત્રણ-ચાર માઈલ આગળ ગયા. ત્યાં એક તળાવને કિનારે શિવાલયમાં શ્રીરામ ધ્યાનસ્થ બેઠેલા દેખાયા. જોઈને જાણે શ્વાસ નીચે બેઠો. પિતાશ્રીએ ધ્યાન પૂરું થતાં સુધી રાહ જોઈ અને આસન પરથી ઊઠતાં જ પુત્રને ખેંચીને છાતીએ વળગાડી દીધો. આ શું તારી હિમાલય જવાની ઉંમર છે ? કહ્યા વિના કેમ ચાલી નીકળ્યો ? માતા-પિતાનું મન દુ:ખાવીને ભગવાનને મેળવવા એ શું ધર્મ છે ? આ પ્રકારના કેટલાય પ્રશ્નો પૂછતાં પૂછતાં તેમણે પોતાના પુત્રના માથા પર આંસુ સાર્યાં.

તાઈજીનો સામનો કરવાનું વધારે અઘરું હતું. પિતાએ તો રોઈને પોતાની જાતને સંભાળી લીધી. તાઈજી રોતાં-વિલાપ કરતાં જાણે પાગલ થઈ ગયા હતા. દીકરાને જોઈને જોરથી રુદન શરૂ થયું. તેમના વિલાપમાં શ્રીરામના જન્મ સમયે આવેલ સાધુ સંન્યાસીઓ, સ્વપ્નો, ભવિષ્યવાણીઓ અને પૂજા-પાઠ વગેરે બધું જ લપેટમાં આવી ગયું. દરેક પર તેમણે પેટ ભરીને ગુસ્સો ઠાલવ્યો, જે તેમના હિસાબે શ્રીરામને તપ અને સાધનાની પ્રેરણા આપવા માટે જવાબદાર હતા. પુત્રએ માને સમજાવવાનો પ્રયત્ન કર્યો,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કહ્યું કે સાધુ-મહાત્માઓ પર ક્રોધ ન કરો. તમારા દ્વારકાધીશ પર ક્રોધ ન કરો. તમારું મન મારા કારણે દુઃખી થયું છે. તમે મને ખીજાઓ.

માને પડેલી તકલીફને' કારણે પોતાને જવાબદાર ઠરાવ્યા પછી તાઈજીનું રુદન કંઈક રોકાયું. થોડીવાર તેઓ ચૂપ રહ્યાં. પછી રુંધાયેલા કંઠે બોલ્યા, તેં મને કષ્ટ આપ્યું છે ને? જો એમ માનતો હોય તો મને એક વચન આપ. બાળક શ્રીરામ આગળની વાત સાંભળવા માટે તાકીને જોઈ રહ્યા. તાઈજીએ કહ્યું, ''મને છોડીને સાધુ સંન્યાસી બનવાની વાત ક્યારેય વિચારીશ નહીં. તું હિમાલયનો આત્મા છે, તો છે. હું જીવતી રહું ત્યાં સુધી તું માત્ર શ્રીરામ છે. મારી સામે હિમાલયમાં વસવાની વાત ક્યારેય વિચારવાની નહીં. મારા મૃત્યુ પછી જયાં રહેવું હોય ત્યાં રહેજે.''તાઈજી જેમકે એક-એક વાક્ય સમજી વિચારીને કહી રહ્યા હતા. શ્રીરામે પણ એક-એક શબ્દ બરાબર સાંભળ્યો અને કહ્યું, ''હા તાઈ, હું હંમેશાં તમારી સાથે રહીશ. વ્રજક્ષેત્રને છોડીને નહીં જાઉં કેમ કે તમને ઠાકુરજીનું ઘર બહુ ગમે છે ને !''

લાડકાનું આ આશ્વાસન અને વચન સાંભળી તાઈજી તરત શાંત થઈ ગયા. તેમની શાંતિમાં એ દૃઢ વિશ્વાસ પણ હતો કે દીકરાએ જે કહ્યું છે, તેનું અક્ષરશઃ પાલન કરશે કારણ કે વચનપાલનમાં તે પાક્કો છે. એ દિવસ હવેલીમાં ઉત્સવની જેમ ઊજવવામાં આવ્યો. માને સંપૂર્ણ આશ્વાસન હતું કે તેમનો લાડકો હવે ક્યારેય તેમનાથી દૂર જશે નહીં. કામકાજ માટે અથવા કોઈ બીજા કારણસર પ્રવાસે જવું પડે એ વાત અલગ છે. એ વિયોગ ન કહેવાય. તાઈજીની આસ્થા અને અપેક્ષા પુત્રને પોતાના ઘરમાં, પોતાના અસ્તિત્વની છાયામાં રાખવાની હતીઃ શ્રીરામે તે આસ્થાને નિભાવવાનું વચન આપી દીધું.

હિમાલયને પોતાનું ઘર જણાવીને ઘેરથી નીકળી ગયા અને પાછા આવ્યા પછી શિક્ષણ વગેરે પહેલાંની જેમ ચાલવા માંડ્યું. હવે પિતાશ્રીએ પણ ધ્યાન આપવાનું શરૂ કર્યું. ચાર-છ મહિનામાં તેમનું પ્રાથમિક શિક્ષણ પૂરું થવાનું હતું. સાવધાની તરીકે એ જરૂરી માનવામાં આવ્યું કે બાળકને આગળનું ભણવા માટે ગામની બહાર ન મોકલવામાં આવે. પિતાશ્રી ભાગવતના વિદ્વાન હતા જ. તેમણે 'લઘુ સિદ્ધાંત કૌમુદી' ભણાવી, પછી 'મધ્ય' અને 'સિદ્ધાંત કૌમુદી' ભણાવી. પ્રાથમિક શિક્ષણ પૂરું થયા બાદ વધુ સમય મળવા લાગ્યો. ભાગવત, રામાયણ અને મહાભારત પછી આર્ષગ્રંથોમાં પણ સારી પ્રગતિ થવા લાગી. પિતાશ્રીને અણસાર આવવા લાગ્યો હતો કે તેમની સંસારલીલા પૂરી થવા આવી છે. ગુરુજીની પાઠશાળા પૂરી થયા પછી તેમણે પુત્રને કહી દીધું હતું કે બે વર્ષ સુધી બધું ભૂલીને વિદ્યા ગ્રહણ કરો. તેમના મનમાં કદાચ વારસારૂપે ભાગવત આપી જવાની વાત હશે. કદાચ વિચાર્યું હશે કે પુત્ર પણ તેમની જેમ ભાગવતનો ઉપદેશ કરે. આ શાસ્ત્રથી આરંભ કરાવવા પાછળ બીજો કોઈ આશય પણ હોય. આ તો અનુમાન જ લગાવી શકાય.

## વિદ્યાનું વિતરણ

પં. રૂપરામની પાઠશાળામાં ભણી લીધા બાદ અને લખતાં-વાચતાં સારી રીતે આવડી ગયા બાદ શ્રીરામના મનમાં તેને વહેંચવાની વૃત્તિ જાગી. માલવીયજી પાસેથી ઉપવીત લીધા પછી જેમ તેમણે બીજાં બાળકોને પણ જપ-ધ્યાન શીખવવાનું શરૂ કર્યું હતું, તેમ જ લખવા-વાંચવાનું પણ બીજાઓને વહેંચવાની ઈચ્છા થવા લાગી. પિતા પાસેથી શાસ્ત્ર અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંસ્કૃત શીખ્યા પછી થોડોઘણો સમય બચતો. શ્રીરામ તે સમયે ચૌટે જતા. ત્યાં કોઈ ને કોઈ બેસી રહેતા હતા. ચાર-પાંચ લોકો પણ ભેગા થઈ જતા તો તેમનો સમય અહીં-ત્યાંની વાતો કરવામાં વીતતો. શ્રીરામ તેમને કંઈક વાંચી સંભળાવવાનું કહેતા. જેમને અક્ષરજ્ઞાન હતું અને થોડું-ઘણું વાંચતાં આવડતું હતું તેઓ તો સંભળાવી દેતા. જેમને વાંચતા આવડતું ન હતું, તેઓ ચૂપ થઈ જતા. શ્રીરામ તેમને કહેતા, આપ ભણતા કેમ નથી ? નથી આવડતું તો શીખી લેવું જોઈએ. મોટેભાગે જવાબ મળતો કે હવે ભણવાથી શું ફાયદો ? ઉંમર વીતી ગઈ છે, થોડી-ઘણી બાકી છે, તે પણ વીતી જશે.

નિરાશાભર્યો આ જવાબ સાંભળીને શરૂઆતમાં તો કોઈ દલીલ ન કરી, પરંતુ જ્યારે બધા જ આ જવાબ આપવા માંડ્યા તો, એક દિવસ શ્રીરામે ભણવાની ચર્ચા છોડ્યા વિના કહ્યું, જે ગુફામાં હું ધ્યાન કરવા જતો હતો, ત્યાં ખજાનો દટાયેલો છે. ખજાનાનું નામ સાંભળી ચૌટે બેઠેલા લોકોની આંખો પહોળી થઈ ગઈ. તેમણે કહ્યું, બાળકની આધ્યાત્મિક રુચિ અને સાધના સ્થિતિ બાબતમાં બધા જાણતા હતા, એટલે કોઈએ અવિશ્વાસ ન કર્યો. તેને મજાકમાં પણ ન ખપાવ્યું. પૂછ્યું, તે ખજાનાને કાઢવા માટે શું કરવું પડશે ? શ્રીરામે કહ્યું, પણ તમે તે ખજાનાનું શું કરશો ? આપની તો ઉંમર વીતી ગઈ છે, થોડી-ઘણી બાકી છે, તે પણ વીતી જશે.

તે ઘરડાઓને સમજાયું નહીં કે શ્રીરામ તેમને કેવી રીતે જવાબ આપે છે. તેમણે કહ્યું, નહીં-નહીં, ખજાનાનો ઉપયોગ તો કોઈ પણ ઉંમરે થઈ શકે છે. શ્રીરામે કહ્યું, તે ધન મેળવવા માટે આપને વિદ્યાધન કમાવું પડશે. આપ ભણવાનું શીખશો, ત્યારે જ એ ધન મેળવવાનાં વિધિ-વિધાન સમજી શકશો. આ સમજાવ્યા પછી કેટલાક વૃદ્ધો ભણવા માટે તૈયાર થયા. કહેવાય છે, કેટલાક લોકોએ ત્યારપછી ગુફામાં શોધ-ખોળ કરી અને ત્યાં એક ખડક નીચે છુપાવેલાં સોનાનાં ઘરેણાં નીકળ્યાં. એ ઘરેણાં ધાંધૂ નામે ડાકુની લૂંટના પણ હોઈ શકે છે, અથવા માત્ર સંજોગ. બાકી અધ્યાપન દરમિયાન શ્રીરામે તે વૃદ્ધોને કેટલાક ભજન અને રામાયણની ચોપાઈઓ જરૂર શીખવાડી દીધી.

## છપકોની સેવા

આંવલખેડા પોતાની તમામ સારપ સાથે જીવી રહ્યું હતું. બુરાઈઓ પણ હતી. તેમાં સૌથી મોટી બુરાઈ જાતિગત ઊંચ-નીચ અથવા છૂત-અછૂતની હતી. એ સ્થિતિ ખૂબ વિચિત્ર અને ન સમજાય એવી હતી કે લોકો પછાત જાતિના લોકોને નફરત નહોતા કરતા. તેમના સુખ-દુઃખનું ધ્યાન પણ રાખતા હતા, પરંતુ તેમનાથી દૂર-દૂર રહેતા. વિવાહ-લગ્નોમાં તેમને બોલાવતા પણ તેમને પોતાના સમૂહમાં સામેલ નહોતા કરતા. તેમને અલગ પંગતમાં બેસાડતા અને ભોજન કરાવતા. તેવી જ રીતે સ્વાગત પણ કરાતું અને વિદાય પણ અપાતી. ઘૃણા ન હોવા છતાં પણ દૂર રહેવાની આ આદત કોઈ વિકૃતિનું જ પરિણામ હતું.

ક્યારેક કોઈને રોગ-બીમારી થઈ જાય, ત્યારે પણ જીવવું મુશ્કેલ થઈ જતું. સન્ ૧૯૨૩ની ઘટના છે. આંવલખેડાના એક ખૂણામાં, જેને ગામની બહાર કહેવું જ ઉચિત છે, ચાર-પાંચ ઝૂંપડી જેવાં ઘર બનેલાં હતાં. આ ઘરોમાં જમાદાર અને ડોમ જાતિના પરિવારો રહેતા હતા. એ તરફ કોઈ જોતું પણ નહીં. મધ્યમ જાતિના લોકો પણ નહીં, જેમને સવર્ણ પણ તેમની જેમ હલકા માને છે. દલિત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વસ્તીની એક સ્ત્રી છપકો પંડિતજીની હવેલીમાં સફાઈ કરવા આવતી હતી. મોટી ઉંમરના લોકો તેને નામથી બોલાવતા અને નાના બાળકો ચાચી અથવા અમ્મા કહેતા. છપકો નિયમિતપણે દરબાર લોકોના ઘેર જતી હતી. સવર્ણોને ત્યારે એ લોકો દરબાર જ કહેતા. મોટી બીમારીમાં પણ તે આવવાનું ચૂકતી નહીં. એકાદ દિવસની રજા થઈ જાય તો દરબાર લોકો હાય-હાય મચાવી દેતા. ઠપકો આપતા અને બહુ થાય તો કામ છોડાવવાની ધમકી આપતા. ધમકી અને સજાના ડરથી શરદી, ઉધરસ અને તાવ આવે તો પણ છપકોની નાતના લોકો ક્યારેય રજા ન પાડતા. કોઈની તબિયત વધારે ખરાબ હોય તો તેની જગ્યાએ બીજું કોઈ આવતું.

છપકોને કોઈએ બીમાર પડતાં જોઈ ન હતી. તેને મોઢેથી કોઈએ માથાના દુઃખાવાની ફરિયાદ પણ સાંભળી ન હતી. એક દિવસ છપકો હવેલી પહોંચી નહીં. સાંજ સુધી રાહ જોઈ, તે ન આવી. બીજા દિવસે પણ એમ જ થયું. તે સફાઈ માટે આવી નહીં. અડોસ-પડોસમાં પૂછયું તો ત્યાં પણ ગઈ ન હતી. ચાર-પાંચ દિવસ વીતી ગયા, છપકોના પરિવારમાં બીજું કોઈ પણ ન હતું કે પોતાને બદલે તેને મોકલે. લોકોએ વિચાર્યું કે બીજી વ્યવસ્થા કરવામાં આવે. કોઈને એ ન સૂઝયું કે તે બીમાર પણ હોઈ શકે. ઘરમાં છપકોને બદલે બીજા કોઈને બોલાવવાની વાત થવા માંડી તે શ્રીરામને કાને પડી. તેમને લાગ્યું કે હોય ન હોય પણ છપકો અમ્માની તબિયત બગડી હશે. તેને કોઈ દવા-દારૂ આપવાવાળું નથી. તેથી તે નહીં આવી શકતી હોય. તાઈજીને તેમણે કહ્યું પણ ખરું કે છપકો અમ્માને દવા આપવી જોઈએ. તાઈજીએ ઘરના - ગામના રિવાજ મુજબ કહી દીધું, અહીં આવશે ત્યારે આપીશું. શ્રીરામે કહ્યું કે તે સાજી થશે ત્યારે આવશે ને ? દવા વિના કેવી રીતે સાજી થશે ?

શ્રીરામ ચૂપચાપ જ્યાં છપકો અમ્મા રહેતી હતી એ વાસ તરફ ચાલી નીકળ્યા, કૂડો-કચરો અને ગંદકીના ઢગલા પસાર કરતાં અને ગંધાતી સડેલાં નાળાં ઓળંગતાં છપકોની ઝૂંપડી પાસે પહોંચી ગયા. ચાર-પાંચ ઘરોમાંથી છપકોનું ઘર શોધતા વાર ન લાગી. દરવાજે પહોંચીને તેને સાદ પાડયો. અંદરથી કોઈ અવાજ ન આવ્યો, એટલે દરવાજા પાસેના ઘાસ-પાંદડાંની વાડ હટાવીને અંદર જોયું. છપકો અમ્મા બેભાનની જેમ ચટાઈ પર પડી હતી. પગરવ સાંભળીને તેણે આંખો ખોલી. શ્રીરામને જોઈને થથરી ગઈ. બેસવાની કોશિશ કરવા લાગી, પણ બેઠી ન થઈ શકી.

ઊઠવાની કોશિશમાં ફરીથી પડી જતાં છપકોએ કહ્યું, અહીં કેમ આવ્યા છો ? ઘેર ખબર પડશે તો માર પડશે. શ્રીરામે કાંઈ સાંભળ્યું નહીં. હાથ અડાડીને જોયું, શરીર એકદમ તપતું હતું. તાવ હતો, હથેળી જોવા માંગી, યાદ હતું કે ઘરમાં કોઈને તાવ આવે તો હથેળી અને જીભ વગેરે જુએ છે. હથેળીમાં ઘા હતો. તેમાંથી ગંધ આવતી હતી અને પરુ નીકળતું હતું. કદાચ ઘા પાકી ગયો હતો અને તેને લીધે જ તાવ આવતો હતો.

ચિંતા ન કરો, હું દવા લઈને આવું છું. શ્રીરામે કહ્યું અને છપકો અમ્મા કાંઈ કહે એ પહેલાં જ ઝૂંપડીમાંથી બહાર. દવાખાનું ત્યાંથી ઘણું દૂર હતું. ઝૂંપડીમાંથી બહાર નીકળીને પહેલાં તો પડોશમાંથી પાણી લીધું અને અમ્માને પીવડાવ્યું. પછી દોડીને પાછા ગયા અને મલમ-પટ્ટીનો સામાન લઈને થોડી જ મિનિટોમાં પાછા આવ્યા. સાફ ધોયેલા કપડાનો પાટો બનાવ્યો, કોણ જાણે ક્યાંથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લાલ દવાની વ્યવસ્થા કરી દીધી. દવા લગાવી, પાટો બાંધ્યો અને પછી ઉકાળો બનાવીને પીવડાવ્યો, જેથી તાવ ઓછો થાય. છપકો અમ્માની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. દવાથી વધારે સેવા અને સહાનુભૂતિએ કામ કર્યું. તેમને ઊંઘ આવવા માંડી. પછી આવવાનું કહી શ્રીરામ પાછા ફર્યાં.

બીજે દિવસે ઉપચારનો શું પ્રબંધ કરવાનો છે ? એ ગડમથલમાં શ્રીરામ હવેલીમાં આવ્યા. જોયું તો બહાર દ્વાર પર જ કાકા ઊભા હતા. તેમના હાથમાં કળશ હતો. દ્વાર પર આવતાં જ તેમણે કળશમાંથી જળ લઈને બંને હાથમાં ભરીને ત્રણવાર શ્રીરામ પર છાંટયું. પછી દરવાજાની બહાર જ નહાવાનું કહ્યું. કપડાં ત્યાં લાવીને પહેલાંથી જ રાખી મૂકેલાં હતાં. નહાઈને તે કપડાં પહેર્યાં અને જૂનાં કપડાં ત્યાંજ મૂકી દીધાં. શુદ્ધીકરણની આ કાર્યવાહી પૂરી થયા પછી શ્રીરામ અંદર આવ્યા. તેમણે કોઈ સવાલ ન કર્યો. એટલું જ કહ્યું કે ગંગાજળની સાથે થોડાં વધારે જોડી કપડાંની વ્યવસ્થા કરી લેજો. હજુ કેટલાય દિવસો સુધી છપકો અમ્માને ત્યાં જવું પડશે. પશ્ચાત્તાપ અને ક્ષમા માંગવાની કે સફાઈ દેવાની જગ્યાએ આ વચન સાંભળી ઘરના લોકો નવાઈ પામી ગયા. શ્રીરામે આગળ એમ કહ્યું કે જ્યાં સુધી અમ્માનો ઘા મટી નહીં જાય ત્યાં સુધી રોજ જઈશ. જવાબમાં મશ્કરી કે કટાક્ષ ન હતો. નિશ્ચયની ઝલક દેખાતી હતી. આ જવાબ ઉપર ખૂબ ઠપકો મળ્યો. એ દિવસે ઉપવાસ કરવાનું કહેવામાં આવ્યું.

ઠપકો, દંડ અને દબાણથી પ્રભાવિત થયા વિના શ્રીરામ બીજે દિવસે ભૂખ્યા જ છપકોની સેવા કરવા ગયા. મલમપટ્ટી કરી, દવા આપીને પાછા આવ્યા, તો હવેલીની બહાર જ થંભી ગયા. તાઈજીએ જોયું. તેમનું મન રડતું હતું, પરંતુ રિવાજથી વિરુદ્ધ જવાનું સાહસ તેઓ કરી શકતાં ન હતાં.

અછૂત સેવાનું અનોખું પ્રાયશ્ચિત્ત નિભાવતાં તાઈજીએ શ્રીરામ માટે લાવેલ માટીના વાસણમાં રોટલી અને દાળ-શાક મૂકી દીધાં.. ભોજન જોઈને શ્રીરામે બે રોટલી અને દાળ-શાક લીધાં અને પેલા વાસ તરફ આગળ વધ્યા. ત્યાં છપકોને જગાડીને જમાડી. પોતાના હાથે જમાડતાં શ્રીરામ અને છપકો બંને આનંદવિભોર હતાં. છપકોને જમાડી-સુવાડીને શ્રીરામ પાછા આવ્યા. ઘેર જે કોટડીમાં તેમના માટે વ્યવસ્થા હતી, ત્યાં બેસીને જમ્યા. દિનભર ઘરમાંથી બહાર ન નીકળ્યા. બહાર નીકળીને કોઈ ફાયદો ન હતો. આખા ગામમાં ખબર ફેલાઈ ગઈ હતી કે શ્રીરામ વાસમાં જાય છે, છપકોને મલમપટ્ટી કરે છે. તેમને અસ્પૃશ્યતાનો દોષ લાગી ગયો છે એટલે કોઈએ તેમની પાસે જવું નહીં. ગામવાળાએ પોતાના બાળકોને શ્રીરામ સાથે રમવાની સખત મનાઈ કરી દીધી હતી.

સાત-આઠ દિવસની મલમપટ્ટી અને ઉપચાર પછી છપકોનો ઘા સુકાઈ ગયો. તાવ પણ ઊતરી ગયો. તે પોતાની જાતે રસોઈ બનાવવા માંડી, ત્યારે શ્રીરામે વાસમાં જવાનું બંધ કર્યું. તે દરમિયાન અલવરમાં ભાગવત કથા પૂરી કરી પિતાશ્રી ઘેર પાછા આવ્યા. ઊંબરામાં પગ મૂકતાં જ તેમણે શ્રીરામને બહાર કોટડીમાં જમીન પર ચટાઈ પાથરીને સૂતેલા જોયા. તરત જ પૂછયું કે શું થયું ? અહીં કેમ ? નાના ભાઈ દેવલાલે આખી વાત કહી સંભળાવી. તેમને આશા હતી કે શૌચાચારનું આટલી કડક રીતે પાલન થયેલું જોઈ મોટાભાઈ ખુશ થશે. આજ સુધી આંવલખેડા અને આસપાસના ગામોમાંથી કોઈએ વાસમાં જઈને પોતાનો ધર્મ બગાડયો ન હતો. એવી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરિસ્થિતિ જ નહોતી આવી કે આવો નિર્ણય લેવો પડે - પોતાને ત્યાં એવી સ્થિતિ આવી અને નાનાભાઈએ પોતાના ભત્રીજા માટે કડક વ્યવસ્થા કરી દીધી. ધર્માધિકારીની જવાબદારી સારી રીતે અદા કરવા માટે પ્રશંસા પણ થશે.

## પ્રાયશ્ચિત્ત કે પુરસ્કાર

થયું ઊલટું જ, પંડિતજીએ કહ્યું, દેવલાલ તમે આ શું કર્યું ? ભાગવત પરિવારમાં કોઈને સેવા-શુશ્રૂષા માટે પ્રાયશ્ચિત્ત કરવું પડે, એ ધર્મ વિરુદ્ધ છે. તેમણે શ્રીરામની પીઠ થાબડી અને કહ્યું, પુત્ર તેં ભાગવત ધર્મનો મર્મ પામી લીધો છે. તે દરમિયાન આસપાસના લોકો પણ હવેલીમાં આવી ગયાં હતાં. તેઓ પંડિતજીને પ્રણામ કરવા આવ્યા હતા, પણ દેવલાલને ઠપકો મળતો જોઈને રોકાઈ ગયા હતા. પંડિતજી કહી રહ્યા હતા, તમે સાંભળ્યું છે ને સંત એકનાથે ગંગોત્રીથી લાવેલ ગંગાજળ રામેશ્વરમ્‌માં ભગવાન શિવ પર ન ચડાવતાં એક ગધેડાને પિવડાવી દીધું હતું અને ભગવાને તે અભિષેકરૂપે સ્વીકારી લીધું હતું. જીવન પરમાત્માની દેન છે. તેની રક્ષાથી મોટો કોઈ ધર્મ નથી.

થોડીવાર શાંત રહીને તેઓ ફરી બોલ્યા, પણ તમારો પણ દોષ નથી. સમાજની માન્યતાઓ જ ગડબડવાળી છે. ઝાઝા દિવસો આ ચાલવાનું નથી. બદલાશે. ધીરે ધીરે બધું બદલાશે. પછી પુત્ર તરફ જોઈને તેમણે કહ્યું, તારું એક પુરશ્ચરણ થઈ ગયું સમજ. આનંદમાં રહે.

પિતાશ્રીની વ્યવસ્થાએ શ્રીરામનો ઉત્સાહ વધારી દીધો. કોટડીમાંથી નીકળી તેઓ સીધા વાસ તરફ ગયા અને ત્યાં છપકો અમ્માને સાદ પાડ્યો. સવારે જ આ બ્રાહ્મણકુમાર 'હવે નહીં આવું'કહીને ગયો હતો. હવે કેમ આવ્યો છે ? છપકોને ગામલોકોનો ડર પણ હતો. હજુ સુધી ઝૂંપડીમાં પડી રહીને ઉપચાર કરાવતી હતી. શ્રીરામના આવવાના કારણે ગામમાં શી પ્રતિક્રિયા થશે એ ખબર નહોતી. ગામમાં જવાનું શરું કરશે ત્યારે ખબર નહીં શું થશે ? ચિંતામાં ડૂબી રહી હતી કે શ્રીરામના સાદથી ફરી ધ્રૂજી ઊઠી. પહેલો વિચાર એ જ આવ્યો કે ગામલોકોનો કોઈ ફેંસલો સંભળાવવા આવ્યા હશે. કદાચ ચેતવણી આપવા. તે કોઈ પણ વિચાર પર સ્થિર થાય, તે પહેલાં જ અમ્મા અમ્મા કહીને બ્રાહ્મણકુમાર અંદર આવ્યા. અવાજમાં ઉલ્લાસ દેખાતો હતો અને ચહેરા પર ગર્વ, જાણે કે કોઈ મોટી સફળતા મેળવી હોય.

બ્રાહ્મણદેવતા આપ અહીં ન આવશો. અહીં મને સારું છે. આપને અહીં આવતા જોઈ લોકો મને ગામમાં ઘૂસવા નહીં દે. છપકોએ શ્રીરામના ઉલ્લાસ અને ગર્વને નહીં ઓળખી શકતાં કે ઓળખીને પણ ધ્યાન ન આપી શકવાને કારણે કહ્યું. બ્રાહ્મણકુમાર કદાચ તેની પરિસ્થિતિ સમજી ગયા હતા. તેમણે કહ્યું, આપ ચિંતા ન કરો. અમ્મા. કાકાએ જે પ્રાયશ્ચિત્ત જણાવ્યું હતું, તેની પિતાજીએ મના કરી છે. મને આશીર્વાદ આપ્યા છે કે આપની સેવા કરીને મેં સારું કામ કર્યું છે.

છપકોને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો. શ્રીરામે ભાર દઈને કહ્યું, "સાચું કહું છું." સાંભળીને અમ્માના ચહેરા પર સંતોષ, નિશ્ચિંતતા અને આનંદમિશ્રિત ચમક ફેલાઈ ગઈ. પોતાના ભાવ વ્યક્ત કરતાં તેણે બંને હાથ ઉપર ઉઠાવ્યા, જાણે આશીર્વાદ દેતી ન હોય ! શ્રીરામે કહ્યું, હવે કોઈ પ્રકારનો સંકોચ ન રાખશો. સારું. એટલું કહીને તેઓ હવેલી તરફ ચાલ્યા ગયા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી) (જીવન નિર્માણ)

# ભગવાનના અનુદાન કઈ શરતે મળે છે

(ગતાંકથી ચાલુ)

મિત્રો ! જ્યાં સમ્માન હોય છે, ત્યાં સહયોગ આવે છે. મહાપુરુષો પર સહયોગ વરસ્યો, ગાંધીજી પર સહયોગ વરસ્યો. અરે ! હું તો એમ કહું છું કે અનેક વ્યક્તિઓ પર સહયોગ વરસ્યો છે. બાટા એક મોચીનું નામ છે જેના માતા-પિતાનું અવસાન થઈ ગયું હતું. બાર-તેર વર્ષનો આ છોકરો રહી ગયો. શિક્ષણ પણ કશું લીધું નહોતું. તેના પિતા જૂનાં જૂતાંઓનું સમારકામ કરતા હતા. તે બિચારો પણ એ જ કામ કરવા માંડ્યો. જે કોઈ આવતું, તે એમ જ પૂછતું કે તારા પિતાજી કેમ દેખાતા નથી. છોકરો કહેતો કે, મારા પિતાજીનો સ્વર્ગવાસ થઈ ગયો, હવે આપ જ મારા પિતાજી છો. આપની પાસે મહેરબાની નથી માગતો, પરંતુ શ્રમ માંગું છું. આપની ઈચ્છા હોય તો મારી પાસે જૂતાંનું સમારકામ કરાવજો, પોલિશ કરાવજો. એથી આપની સહાયતા પણ થશે અને મારો ગુજારો પણ થશે. લોકોએ પોતાના ચંપલ રીપેર કરાવવાનું શરૂ કરી દીધું, જૂતા પર પોલિશ કરાવવા માંડી. તેણે એટલી વફાદારીથી કામ કર્યું કે લોકો ખુશ થઈ ગયા. બધાને ફાયદો થઈ ગયો. તેઓએ બીજાઓને કહેવા માંડ્યું કે ઓફિસમાં કોઈને જૂતાની પોલિશ કરાવવી હોય તો પેલા છોકરા પાસે કરાવવી, હોશિયાર છોકરો છે. એટલી સરસ પોલિશ કરે છે કે ચાર દિવસ સુધી જૂતાંની પોલિશ ખરાબ થતી નથી. જૂતાં રિપેર કરાવવાં હોય તો તેની પાસે જ કરાવવાં.

બધાએ પ્રશંસા કરવાની શરૂ કરી દીધી. શું નામ હતું? બાટા. કોણ બાટા ? જેનો આજે કરોડો રૂપિયાનો જૂતાંનો ધંધો ચાલે છે. જ્યારે છોકરો મોટો થયો, તો લોકોએ કહ્યું કે બાટા, અમારા માટે સારા જૂતાં બનાવી શકે છે ? હા, સાહેબ ! હું સારા જૂતાં બનાવી આપું, પરંતુ મારી પાસે પૈસા નથી. આપ પૈસા આપો. રાહત આપો.' રાહતમાં લોકોએ ચામડું અને સામાન લાવી આપ્યાં. તેણે પણ ખુશ થઈને સારાં-સારાં જૂતા બનાવી આપ્યાં.

## સામાજિક જીવનનું અધ્યાત્મ

મિત્રો ! ઈમાનદારી, વફાદારી અને જવાબદારી ત્રણેયના સમન્વયથી સામાજિક જીવનમાં અધ્યાત્મ થઈ જાય છે. અધ્યાત્મ કેવું હોય છે ! અધ્યાત્મને જીવનમાં કેવી રીતે એપ્લાઈડ કરી શકાય છે. પોતાના વિકૃત જીવનમાં સંયમરૂપે આપણે એપ્લાય કરીએ છીએ. સમાજમાં આપણે જવાબદારી, વફાદારી અને ઈમાનદારી રૂપે વ્યવહારમાં લાવીએ છીએ. જીવનમાં આ ત્રણેયનો સમાવેશ કરી લઈએ તો અધ્યાત્મ થઈ જાય છે. ના સાહેબ ! ભજન અને માળાને અધ્યાત્મ કહે છે. ચલ... બધી વાતમાં ભજન જોડી દે છે, ભજન પણ મગજનો એક ખેલ છે. તે આપણા અંતર્મનની એક કસરત છે. કસરત ઘણાં પ્રકારની હોય છે. અંતર્ચેતનાના વ્યાયામનું એક નામ એ પણ છે, જેને આપ મંત્ર કહો છો. તે પણ અધ્યાત્મનો એક ભાગ છે, પરંતુ ફક્ત તે જ સંપૂર્ણ અધ્યાત્મ ન હોઈ શકે. તે એક ભાગ છે, મંત્ર પણ એક ભાગ છે. સમગ્ર અધ્યાત્મ મંત્ર ન હોઈ શકે.

મિત્રો ! બાટાએ જૂતાંના સમારકામમાંથી તે બનાવવાનું શરૂ કરી દીધું અને લોકોએ જૂતાં એટલે બાટા અને બાટા એટલે જૂતાં કહેવાનું શરૂ કરી દીધું. તેનો વેપાર વધતો ગયો. હું આપને શું કહું, તેણે કરોડો રૂપિયાનો વેપાર કર્યો. જ્યારે હું આફ્રિકામાં ગયો, તો ત્યાં પણ બાટાની દુકાનો જોઈ. દરેક દેશમાં બાટા છવાયેલો છે. આફ્રિકામાં વેચાય છે, હિન્દુસ્તાનમાં પણ વેચાય છે. મેં જોયું કે તેની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચોખ્ખી આવક ગર્વમેન્ટમાં ટેક્સ આપ્યા પછી પણ લગભગ બે કરોડ બચતી હતી. સહયોગથી આ રીતે બાટા ફેલાતા ગયા.

ગુરુજી ! આપ અધ્યાત્મથી અનુદાનની બાબતમાં કહી રહ્યા હતા ? બેટા ! હું કહી રહ્યો હતો કે જ્યારે સમ્માન આવે છે, ત્યારે સહયોગ પણ આવે છે. શ્રદ્ધા આવે છે. આપ કેમ સાંભળતા નથી ? અમારે તો કાંઈ જ જરૂર નથી. બધા જ અમારા વિરોધી છે. વિરોધીઓ પણ બેટા ઈજ્જત કરે છે. બેટા અંગ્રેજોએ ક્રાંતિકારીઓને ફાંસીની સજા આપી હતી. તેઓને ફાંસી આપનારા મેજિસ્ટ્રેટે તેમના માટે જે રિમાર્ક લખી છે તે આપ વાંચો. તેમણે શું રિમાર્ક લખી છે ? તેમણે રિમાર્ક લખી છે કે અમે તેઓની ઈજ્જત કરીએ છીએ, કારણ કે તેમણે જે કામ માટે આ ગુના કર્યા તેનો ઉદ્દેશ ખૂબ ઊંચો હતો. તેમણે ગુના કર્યા એટલે અમારું બંધારણ, અમારો કાયદો કહે છે કે તેમને જેલમાં ફાંસી આપવી જોઈએ. તેથી અમે ફાંસીની સજા કરી, પરંતુ ફાંસીની સજા છતાં અમે તેમની ઈજ્જત કરીએ છીએ.

સિદ્ધિઓના કેટલાય પ્રકાર - સહયોગ અને અનુદાન જે અમે આપને શિખવાડવાના છીએ તેનાથી આપને ઈજ્જત મળશે પછી આપ જોશો કે સહયોગ પણ મળી રહ્યો છે. સહયોગ ક્યાંથી મળશે ? બેટા, અમને પહેલાં ઈજ્જત મળી છે. પછી અમને સહાયતા મળી છે. સહાયતા ન મળત તો આ બધું કામ અમે કેવી રીતે ચલાવવા હોત. કહો ? અમારા કેટલાય જીવનદાનીઓ મુઠ્ઠીમાં છે. બ્રહ્મવર્ચસ એક, બ્રહ્મવર્ચસમાં કેટલી વ્યક્તિઓ કામ કરે છે ? તેઓ શું છે ? આઠ-દસ તો એવા છે , જે પોસ્ટ ગ્રેજ્યુએટ છે, પી.એચ.ડી. છે મેડિકલના એમ.બી.બી.એસ. છે, એમ.એસ. છે, એમ.ડી. છે કેટલા છોકરાઓ કામ કરે છે. એમને નોકરી આપીને જુઓ. એક-એક વ્યક્તિ ઓછામાં ઓછા પંદરસો-પંદરસો રૂપિયાની નોકરી છોડીને આવ્યા છે. કેટલી વ્યક્તિ છે ? વીસ છે. કેટલા રૂપિયા થશે ? ત્રીસ હજાર રૂપિયા મહીને થશે. પહેલાં નોકરી આપો, પછી કામ લેજો. આ બધું ક્યાંથી આવે છે, શ્રમ રૂપે સહયોગ, બુદ્ધિરૂપે સહયોગ, ભાવનાઓ રૂપે સહયોગ. આપ સહયોગનો અર્થ ફક્ત પૈસા સમજો છો.

મિત્રો ! જો આપની સમજ એ જ હોય કે સહયોગનો અર્થ પૈસા થાય છે તો ચાલો હું તમને અત્યારે આપું છું. ગાંધીજી પાસે પણ પૈસા આવ્યા હતા, બીજાઓ પાસે પણ પૈસા આવ્યા હતા, ત્રીજાઓ પાસે પણ પૈસા આવ્યા હતા. વિનોબા પાસે કેટલી જમીન આવી હતી ? કરોડો એકર જમીન ભૂદાનમાં આવી ગઈ હતી. હું શું કહું બેટા, કોઈએ આટલી જમીન ખરીદી હોત તો દેવાળું નીકળી ગયું હોત. અમે થોડી જમીન ખરીદી તો દોઢ લાખ રૂપિયાની જરૂર પડી, તેમણે કેટલી જમીન ખરીદી? કરોડો રૂપિયાની જમીન ખરીદી વિનોબાએ, ભૂદાનયજ્ઞમાં સહયોગ આપ્યો હતો. આપને સહયોગ મળે છે ? કોઈનો નથી મળતો, ધર્મપત્નીનો મળે છે ? ના, સાહેબ, તેનો સહયોગ પણ નથી મળતો. માતાજીનો મળે છે ? ના, માતાજીનો પણ નથી મળતો. પિતાજીનો ? પિતાજીનો પણ નથી મળતો. કોઈનો પણ સહયોગ મળ્યો ? ના, સાહેબ, બધા ખૂબ ચાલાક છે અને આખી દુનિયા બેઈમાન છે. હા, આપનું કહેવું બિલકુલ સાચું છે. દુનિયા તો ચાલાક જ છે, પરંતુ દરેક વ્યક્તિની અંદર એક યોગ્યતા છે. કેવા પ્રકારની ? જે બીજાઓની સહાય કરે છે. આપ પહેલાં સમ્માન પ્રાપ્ત કરો.

મિત્રો ! લોકો સમ્માન આપતા નથી. સમ્માન લેવામાં આવે છે. કેવી રીતે ? એવા અધ્યાત્મથી જે અમે આપને શિખવાડવાના છીએ, સમજાવવાના છીએ. તેના વડે આપ શું કરશો ? એવા અધ્યાત્મની કિંમતે આપ જનતાનું સમ્માન ખરીદશો. પછી શું થશે ? પછી આપની પર સહયોગની વર્ષા થશે. આ શું થઈ ગયું ? આ સિદ્ધિ નંબર બે છે. આ કોની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સિદ્ધિ થઈ ? આ બહારની સિદ્ધિ થઈ. ઈશ્વર, જીવ અને પ્રકૃતિ ત્રણ હોય છે. હું પહેલાં જીવની વાત કરી રહ્યો હતો. જીવાત્માની અંદરથી, આપણાં અંતર્મનમાંથી જે સિદ્ધિઓ મળે છે, તેની વાત હું હમણાં કરી રહ્યો હતો. હવે હું પ્રકૃતિની વાત કરી રહ્યો છું. પ્રકૃતિની સાથે સમાજ જોડાયેલો છે. બહારથી આપને જાત-જાતના સહયોગ મળશે, મદદ મળશે, જાતજાતની પ્રસન્નતા મળશે. જાત-જાતના ભાવ મળશે.

સાથીઓ ! જે સિદ્ધાંત, જે અધ્યાત્મ હું શિખવાડવાનો છું અને જેના માટે મેં આપને બોલાવ્યા છે, તે અધ્યાત્મની સફળતા પર ટકેલું છે. આપ જો જંજાળમાં ફસાશો, તો મરશો. ના સાહેબ, મંત્ર જપીશું અને પૈસા કમાઈશું. આ બધું જૂઠ્ઠું છે. હજુ પણ આવી જ ગરબડ લઈને બેઠો છે. જાદુગરી લઈને બેઠો છે. જાદુ શું હોય છે ? માટીમાં ફૂંક મારી થઈ ગયો જાદુ. આ જ તારું અધ્યાત્મ છે ? ધુતારો ક્યાંકનો ? ઠગાઈ શીખવા આવ્યો છે ? શું શીખવાડું ? ઠગબાજી શીખવાડો. માટીમાં ફૂંક મારો અને પૈસા મંગાવો. ગાયત્રી મંત્ર ભણો અને દીકરો પેદા કરી આપો. આઘો જા, મૂર્ખ ક્યાંકનો, આવી અક્કલ વગરની વાતો કેમ કર્યા કરે છે ?

અધ્યાત્મ અક્કલ વગરનાં કામો કરવાનું નામ નથી. અધ્યાત્મ અલગ વાત છે અને અક્કલ વગરના કામો અલગ વાત છે. જેનાથી આપ ફાયદો ઉઠાવી શકો છો, જેને મેળવીને હિન્દુસ્તાન શાનદાર બન્યો હતો, અને આપ શાનદાર બની શકો છો. તે અધ્યાત્મ અલગ છે અને આ અક્કલવગરની વાતો અલગ છે. કઈ ? જે હું શરૂઆતમાં જ કહી રહ્યો હતો. ખુશામત અને ભેટ સોગાદની. ખુશામત કરો અને ભેટ-સોગાદ મેળવો. બેટા, આ બાળકોનો ધંધો છે. જો આપ બાળક હો તો હું કાંઈ નથી કહી શકતો અને નાની વસ્તુઓ માટે પણ હું નથી કહી શકતો, પરંતુ જો મોટી વસ્તુઓની વાત હોય તો મોટા લોકોની માફક આપ જાહેરાતો કરવાનું શરૂ કરી દો.

## દૈવી અનુગ્રહ : ભગવાનની સિદ્ધિ

અત્યાર સુધી બે વાતો થઈ. એક જીવની શક્તિ અને બીજી પ્રકૃતિની સિદ્ધિ થઈ. એક બીજી સિદ્ધિ બાકી છે. તે સિદ્ધિ કઈ છે ? તે સિદ્ધિ ભગવાનની સિદ્ધિ છે, ત્રીજી સિદ્ધિ છે. ભગવાનની સિદ્ધિ કોને કહેવાય છે ? જેને આપણે દૈવી અનુગ્રહ કહીએ છીએ. હા, દૈવી અનુગ્રહ પણ મળે છે. દૈવી અનુગ્રહ મળી શકે છે ? હા, બેટા દૈવી અનુગ્રહ પણ મળે છે. દૈવી અનુગ્રહ પણ માનવીને મળે છે, પરંતુ દરેકને નથી મળતો. ગુરુજી, જે માંગે તેને પણ નહીં ? ના, બેટા, બધાને નથી મળતો. દૈવી અનુગ્રહ પ્રાપ્ત કરવાની પણ શરત છે. કઈ શરત છે ? હવે અમે આપને તે જ સમજાવીશું. જેના માટે અમે આપને મજબૂર કરવાના છીએ, તે છે પાત્રતાનો વિકાસ. જે દિવસે આપની પાત્રતા વિકસિત થઈ જશે તે દિવસે શું થશે ? દૈવી અનુગ્રહ વરસશે.

મિત્રો ! દૈવી અનુગ્રહ વરસે છે, માંગવામાં નથી આવતો. આ હવા જે છે, ઓક્સિજન લઈને આવે છે. કેટલો મહત્ત્વનો ઓક્સિજન આપને આપવામાં આવી રહ્યો છે, તેની શું વાત કરું ? કેટલી કિંમતનો ઓક્સિજન છે ? ડોક્ટર સાહેબને પૂછો કે ઓક્સિજનનો સિલિંડર કેટલામાં મંગાવ્યો હતો. છસો પચાસ રૂપિયાનો. એક વ્યક્તિ માટે ક્યાં સુધી સિલિંડર ચાલી શકે છે ? જો એક વ્યક્તિ આખો દિવસ લગાવી રાખે તો બે-ત્રણ દિવસમાં ખાલી થઈ જાય. હવા આપના નાકમાં ઓક્સિજનની નળી લઈને આપે છે અને દરરોજ લગભગ ત્રણસો રૂપિયાનો ઓક્સિજન આપને મફતમાં આપી જાય છે. બેટા, આપ દેવતાનો અર્થ નથી જાણતા. દેવતા ક્યાંથી આવે છે ? સૂરજનો તડકો ક્યાંથી આવે છે ? સૂરજના તડકાની કિંમત આંકો. આપણે ત્યાં લાઈટ વપરાય છે. સો વોલ્ટનો બલ્બ વપરાય છે, તે કેટલી વીજળી બાળે છે ? આપનું મીટર જોઈ લો. આપણે ત્યાં હજાર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રૂપિયા .કરતાં વધારેનું બીલ આવે છે, હજાર-દોઢ હજાર રૂપિયાની વીજળી બળે છે, તો કહીએ છીએ ભાઈ લાઈટ બંધ કરી દો. આપે સો વોલ્ટનો બલ્બ રાખ્યો છે. ચાળીસ વોલ્ટનો મંગાવો, પંદરનો મંગાવો. આપણે કરસક્સર કરીએ છીએ. સૂરજ કેટલા હોર્સ પાવરનો છે ? સૂરજને આપ કેટલા કેંડલનો સમજો છો ? તે આપના મકાન ઉપર પ્રકાશ આપે છે, આપ હીટર વાપરો છો, કેટલી વીજળી બળે છે? અઢી રૂપિયાની અને હીટર કેટલા રૂપિયામાં આવે છે ?

મિત્રો ! આસમાનમાંથી લાઈટ વરસે છે, પ્રકાશ વરસે છે, ઓક્સિજન વરસે છે, જીવન વરસે છે, પ્રાણ વરસે છે, સૌંદર્ય વરસે છે. પાણીની જેમ જાણે શું શું વરસે છે ? બધું જ વરસે છે. આ બધું જ ભગવાન વરસાવે છે, માણસ નથી વરસાવતો. આ બધા અનુગ્રહ પણ વિના કિંમતે મળે છે. સુકરાત પાસે એક શક્તિ હતી. તેનું નામ તેઓએ ડેમેન રાખ્યું હતું. સુકરાત સંપૂર્ણ રીતે તેની ઉપર નિર્ભર રહેતા. ડેમેન ઉપરથી આવતો હતો અને મદદ કરતો હતો. વિક્રમાદિત્યની બાબતમાં પણ મેં સાંભળ્યું છે કે તેમની પાસે પણ શક્તિઓ આવતી હતી અને તેમને મદદ કરતી હતી. બેટા, દેવતા કેટલા હોય છે, જે માણસને મદદ કરે છે. તેઓ એટલી બધી મદદ કરે છે કે હું શું કહું ? તેમની મદદ વડે માણસ ધન્ય બની જાય છે.

દેવતા કોણ હોય છે ? દેવતા આડોશી-પાડોશી નથી હોતા, તેઓ સંબંધી પણ નથી હોતા. દેવતા એ શક્તિઓનું નામ છે જે માણસની ઉપર વરસે છે અને માણસને ધન્ય બનાવે છે. કોની કોની ઉપર દેવતા વરસે છે ? બેટા, વધારે તો હું નથી કહેતો, બીજાઓનાં ઉદાહરણ તો નથી આપતો, બસ, પોતાનું ઉદાહરણ આપું છું કે અમારી ઉપર કોણ વરસે છે. સુકરાતની માફક ડેમેન અમારી અંદર પણ વરસે છે અને બધા જ અનુગ્રહ તેના દ્વારા કામ કરે છે. કેવો અનુગ્રહ છે ? આપને ખબર છે, તેમાં બુદ્ધિનો અનુગ્રહ પણ છે. બુદ્ધિ ક્યાંથી વરસે છે? બુદ્ધિ ક્યાંથી આવે છે ? આપ કઈ સ્કૂલમાં ભણ્યા છો ? બેટા, હું ક્યાંય નથી ભણ્યો. આ જે બધી બુદ્ધિ વરસે છે તે આસમાનમાંથી વરસીને અમારા મગજમાં ઘૂસી જાય છે અને પૈસા ક્યાંથી વરસે છે ? બેટા પૈસા, આસમાનમાંથી વરસે છે અને અમારી તિજોરીમાં ઘૂસી જાય છે. તેને અમે કહીએ છીએ કે રોકાઈ જાઓ અત્યારે તિજોરી બંધ છે, ચાવી નથી મળતી. ચાવી નથી મળતી તો શું થયું ? અમે આમ જ ઘૂસી જઈશું અને પૈસા તિજોરીમાંથી કાઢી લાવીશું.

### ડેમેન ગુરુ - દેવતા

આ કોણ ઘૂસાડવાનું કામ કરે છે ? ડેમેન. ડેમેન કેવો હોય છે ? ડેમેન કહેવાય છે ભગવાનને. આપના ડેમેનનું શું નામ છે ? અમારા ગુરુને અમે ડેમેન કહીએ છીએ. ગુરુ

**એક ફકીર દરરોજ સવારે હાથમાં મશાલ લઈને બજારમાં જતો. દરેક દુકાન સામે થોડીવાર રોકાતો અને આગળ વધી જતો.**

**એક વ્યક્તિએ પૂછયું, "બાબા ! તમે દિવસે મશાલો લઈને શું જોતા ફરો છો ? શું શોધો છો ?"**

**ફકીરે ઉત્તર આપ્યો, "હું મનુષ્યને શોધી રહ્યો છું. આટલી ભીડમાં અમને અત્યારસુધી કોઈ મનુષ્ય ન મળ્યો."**

**એ વ્યક્તિએ મનુષ્યની પરિભાષા પૂછી ત્યારે ફકીરે કહ્યું, "હું એને મનુષ્ય કહું છું જેમાં કામની વાસના અને ક્રોધનો અગ્નિ ન હોય, જે ઈન્દ્રિયોનો દાસ ન બનતાં તેમનો સ્વામી હોય અને ક્રોધના આવેશમાં આવીને પોતાના માટે તથા બીજાં માટે આગની જ્વાળાઓ વધારવાનો પ્રયત્ન ન કરતો હોય."**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કોણ હોય છે ? અરે બેટા, તે ભગવાન છે. ભગવાન આપણને આપે છે. દરેકને તે નથી આપી શકતો. આપના ગુરુ અમને આપશે ? ના બેટા, આપને નહીં આપે. ગુરુજી આપ અમને આપના ગુરુજીનો સાક્ષાત્કાર કરાવી દો. હા બેટા, હું આપને દર્શન તો કરાવી દઈશ, પરંતુ તેનાથી ફાયદો શું થશે ? જેવાં દર્શન કરીશું કે તરત જ તેઓ પૈસા આપી દેશે. ચાલ નકામા, એના માટે તું દર્શન કરીશ. જો હું કશું જ નથી આપતો. ઉદાહરણ રૂપે બેંકમાં જાઓ અને કહો કે મેનેજર સાહેબ, હાં, અમે આપના દર્શન કરીશું, તો આપ દર્શન કરો ને ! હા સાહેબ, આપના દર્શન થઈ ગયા. હવે આપ જઈ શકો છો. ના સાહેબ, અમે જે કામથી આવ્યા હતા, તે મનોકામનાનું શું થયું ? અમને પંદર હજાર રૂપિયા આપી દો. બેંકમાં આપનું ખાતું છે ? ના સાહેબ, બેંકમાં તો કોઈ એકાઉન્ટ નથી, તો પછી કેવી રીતે માંગો છો. દર્શનની ફિલોસોફી નથી સમજતા અને આવી ગયા દર્શન કરવા. લો થઈ ગયા અમારા દર્શન, હવે ચાલવા માંડો. ના સાહેબ, હજુ તો દર્શન નથી થયાં. હું કોણ છું ? રાજેશખન્ના છે જે દર્શન કરવા આવ્યા છે નકામી વાતો કરો છો. એમ જ સમજે છે કે અમે જોઈશું અને જોઈને ન્યાલ થઈ જઈશું. જોવાથી કાંઈ જ નહીં થાય.

આપ સ્વર્ગ જોશો કે નરક, ચાલો અમે બતાવી દઈએ છીએ. સારું, ચાલો પહેલાં લક્ષ્મીજીનાં દર્શન કરીએ. સ્ટેટ બેંકમાં જ્યારે નોટોના બંડલ આવે છે તો ખૂલે છે અને મૂકી દેવામાં આવે છે. જુઓ, લક્ષ્મીજીનાં દર્શન કરો. દર્શન કરી લીધા, હવે આપ જાઓ. ફલાણાજીના દર્શન કરીશું, ઢીકણાજીના દર્શન કરીશું, બસ દર્શન જ મગજમાં સવાર થઈ ગયું છે. એક તો એવો વહેમ સવાર થઈ ગયો છે કે ખુશામત કરીશું અને ભેટ-સોગાદ મેળવીશું. હવે એક બીજો વહેમ આવી ગયો કે દર્શન કરીશું અને ન્યાલ થઈ જઈશું. ખૂબ દર્શન કરશો ? દર્શનની ફિલોસોફી સમજતા નથી અને દર્શન માટે કહો છો. દર્શન કરવાનો મતલબ આપ સમજો છો ? ગાંધીજીનાં જેમણે દર્શન કર્યાં હતાં એમનું નામ હતું નહેરુ. ગાંધીજીનાં જેમણે દર્શન કર્યાં હતાં એમનું નામ હતું સરદાર વલ્લભભાઈ પટેલ, ગાંધીજીનાં જેમણે દર્શન કર્યાં હતાં તેમનું નામ હતું મદનમોહન માલવીય. ગાંધીજીનાં દર્શન જેમણે કર્યાં, તેમનાં નામ અમુક-અમુક હતાં. એમનાં દર્શન તો અમે પણ કર્યાં હતાં. સારું, ગાંધીજીનાં દર્શન કર્યાં હતાં તો પછી આપને શું થયું ? અરે સાહેબ, ગાંધીજીનાં દર્શન કરવા ગયા ત્યારે ચંપલ ખોવાઈ ગઈ અને અમારું ગજવું કપાઈ ગયું. દર્શન કરવા ગયા હતા કે ધક્કામુક્કી ખાવા ગયા હતા ?

## અધ્યાત્મ છે સાયન્સ ઓફ સોલ

મિત્રો ! શું કરવું પડશે ? આપ સૌએ આધ્યાત્મિક જીવનમાં પાત્રતાનો વિકાસ કરવો પડશે. ત્યારે જ અવાજના પ્રતિધ્વનિની માફક ભગવાનના અનુગ્રહ વરસે છે અને વ્યક્તિ પોતાના સામર્થ્ય કરતાં વધારે કામ કરવા સમર્થ થઈ જાય છે. મોટામાં મોટાં કામ કરવામાં, પોતાના માટે અને બીજાઓને માટે કાંઈક કરવામાં તે સમર્થ બની જાય છે. મહેંદી આપણે વાટીએ છીએ બીજાઓના ફાયદા માટે, પરંતુ આપણે પોતે ન્યાલ થઈ જઈએ છીએ. આવું છે અધ્યાત્મ, જે હું તમને શીખવવા માંગતો હતો. આ અધ્યાત્મનો વેશ બેટા એક જ છે. વેશ એ છે કે આપ પોતાનું વ્યક્તિત્વ ઠીક કરી લો. આપની અંદર એવી તીવ્રતા પેદા કરો, કઈ ? જેના વડે જે ચીજ આપ મેળવવા માંગો છો તે મેળવી શકો. તેને શું કહેવાય છે. અધ્યાત્મ તેનું જ નામ છે. જે અધ્યાત્મ આપે વાંચ્યું છે, તે અધ્યાત્મ નથી. અધ્યાત્મ માગવાની વિદ્યાનું નામ નથી. બહારથી મેળવવાની વિદ્યાનું નામ નથી. અધ્યાત્મ કોને કહેવાય છે ? ''સાયન્સ ઓફ સોલ''ને, સોલના સાયન્સને અધ્યાત્મ કહેવાય છે. સોલ (આત્મા)નું ડેવલપમેન્ટ આપણે કેવી રીતે કરી શકીએ છીએ. સોલને પરિવર્તિત કેવી રીતે કરી શકાય ? સોલને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપણે ગૌરવશાળી કેવી રીતે બનાવી શકીએ, જેથી બહારની વસ્તુઓ ખેંચાતી ચાલી આવે.

મિત્રો ! આપણા પોતાના મેગ્નેટને સુરક્ષિત કરવાની કળાનું નામ અધ્યાત્મ છે. આપણું મેગ્નેટ જ્યારે ખેંચે છે તો તે બહારની વસ્તુઓ ખેંચે છે. પ્લાન્ટ જ્યારે ખેંચે છે, તો વાદળો વરસે છે. વાદળોનું મેગ્નેટ નથી. ઝાડ જ્યારે નાશ પામે છે, ત્યારે પાણી વરસવાનું બંધ થઈ જાય છે. વૃક્ષોનું મેગ્નેટ જ તેમને ખેંચે છે. ખજાનો જ્યારે પેદા થાય છે, ત્યારે તેની અંદર જે લોખંડ હોય છે, તે દૂર દૂર સુધી ખેંચાતું રહે છે અને ખજાનામાં પોતાની પાસે એકઠું કરી લે છે. મેગ્નેટ ખેંચતું રહે છે. ચોર ચોરોને ખેંચતા રહે છે. આપને ખબર છે કે એક જુગારી પાસે ઢગલાબંધ જુગારીઓ ભેગા થઈ જાય છે અને વેશ્યાઓને ત્યાં ભમરાઓ એકઠા થઈ જાય છે. ક્યાંથી ભમરાઓ આવી જાય છે ? કેમ સાહેબ, આપ ક્યાંથી આવો છો ? હું તો સાહેબ ખૂબ દૂર રહેનારો છું. આપનો એમની સાથે શું સંબંધ છે ? કોઈ સંબંધ નથી. કેમ સાહેબ, તો પછી આપના ઓરડામાં કેમ રહે છે ? તીવ્ર ઈચ્છાએ તેમને ખેંચી લીધા. જુગારી પાસે જુગારી, ચોરોની પાસે ચોર, લફંગાઓ પાસે લફંગા, વિદ્વાનોની પાસે વિદ્વાન, જ્ઞાનીઓની પાસે જ્ઞાની ખેંચાતા ચાલ્યા આવે છે. આવી આદતો અથવા વ્યક્તિની અંદરનું મેગ્નેટ જ્યારે ઉછાળો મારે છે, તીવ્રતા જાગે છે, ત્યારે તે સમાનધર્મીને પોતાની પાસે અનાયાસ જ ખેંચી લે છે.

મિત્રો, જ્યારે આપનું મેગ્નેટ અંદરથી વધશે ત્યારે આપ ખેંચાવા માટે સમર્થ બનશો. જેનો અનુભવ મને વ્યક્તિગત રૂપે છે તે જ બાબતો આપને બતાવી રહ્યો છું. હવામાં અદૃશ્ય થઈ જવાનું? બેટા, હવામાં અદૃશ્ય થઈ જવાનો અનુભવ અમને નથી અને શું પેશાબ વડે દીવા સળગાવવાનો અનુભવ આપને નથી ? બેટા, તે પણ નથી. અમારે જ્યારે દીવો સળગાવવો પડે છે ત્યારે મીણબત્તી સળગાવીએ છીએ અને તેલનો દીવો સળગાવીએ છીએ. પેશાબમાં સળગાવી બતાવો. બેટા, મને નથી આવડતું અને કોઈ કરામતો પણ નથી આવડતી. કરામતો કરવાથી કોઈ અધ્યાત્મવાદી બની શકતો નથી. અધ્યાત્મ આપોઆપ સૌથી મોટી કરામત છે. તેનાથી વ્યક્તિ મહાન આત્મા થઈ જાય છે, દેવાત્મા થઈ જાય છે. ઋષિ થઈ જાય છે અને નરમાંથી નારાયણ બની જાય છે. તે પોતે જ એક વિદ્યા છે.

## વ્યક્તિત્વનું ચુંબક

મિત્રો ! આધ્યાત્મિક શક્તિઓને વ્યક્તિની તીવ્રતા ખેંચે છે. કોને ખેંચે છે ? જે સિદ્ધિઓ આપ ઈચ્છો છો, તેને તીવ્રતા ખેંચી લાવે છે. ગુલાબનું ફૂલ જ્યારે ખીલે છે, તો ભમરાઓને ખેંચે છે, પતંગિયાઓને ખેંચે છે અને કદાચ મધમાખીઓને ખેંચે છે. માનવી જ્યારે ખીલે છે ત્યારે દેવતાઓને ખેંચે છે, ભગવાનને ખેંચે છે, પાડોશીઓને ખેંચે છે, સમાજને ખેંચે છે અને પોતાના અંતરંગમાં દબાઈ ગયેલી ક્ષમતાઓને ખેંચે છે. બધી જ વસ્તુઓ ખેંચાતી આવે છે અને વ્યક્તિ સંપન્ન થઈ જાય છે, સમર્થ થઈ જાય છે. આ કોની ઉપર ટકેલું છે ? પોતાનું વ્યક્તિત્વ, પોતાનો આત્મસુધાર કરી લેવા ઉપર ટકેલું છે. આ જ અધ્યાત્મનો સિદ્ધાંત છે, જે હું આપને શિખવાડવાનો હતો, ભણાવવાનો હતો.

મિત્રો ! હું શું કહેવાનો હતો ? ઋષિઓની એ જ વાણીને ફરીથી કહેવાનો હતો, જેમાં એમ કહેવામાં આવ્યું છે કે આત્મા વારે જ્ઞાતવ્ય, ધ્યાતવ્ય, નિદિધ્યાસતવ્યં. અરે મૂર્ખાઓ, પોતાને જુઓ. પોતાને સમજો અને પોતાને બરાબર બનાવો. આ શું છે ? આ ઋષિઓની વાણી છે અને આ તે અધ્યાત્મ છે જેમાં ભગવાને કહ્યું છે કે જો મનુષ્યમાંથી આપ ઊંચા ઊઠવા માંગતા હો, આગળ વધવા ઈચ્છતા હો, ખુશ થવા માંગતા હો, સમૃદ્ધ થવા માંગતા હો,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંપન્ન થવા માંગતા હો તો તેના માટે કઈ પદ્ધતિ હોઈ શકે ? કઈ ફોર્મ્યુલા હોઈ શકે ? ભગવાને કહ્યું - ઉદ્ધરેદાત્મનાઽત્માનં નાત્માનવસાદયેત્. અર્થાત્ પોતાની જાતને ઉઠાવો, પોતાની જાતનું પતન ન થવા દો.

મિત્રો ! પતન કોણ કરાવે છે ? માણસ. ઊંચે કોણ ઉઠાવે છે ? ભગવાન. માણસની અંદર જે ઊંચા ઉઠાવનારું તત્ત્વ છે તેને કહેવાય છે ભગવાન. ભગવાન કોને કહેવાય છે ? માનવીની અંદર એક એવી પ્રેરણા છે, જે માનવીને ઊંચે ઉઠાવી લે છે, તે જ ભગવાન છે. જે વ્યાપક ભગવાન છે તેને તો બેટા કોણ ભગવાન કહેશે. તે તો ખૂબ જ ફેલાયેલો છે, તેની તો વાત જ ન કરશો. બ્રહ્મ તો એટલું વિશાળ છે કે આપણી અકકલ જ કામ ન કરે. આપણી અંદર તે ભગવાન છે, જે આપણને ઊંચા ઉઠાવે છે અને જે નીચા પાડે છે તે ભગવાન નથી. તેને બેટા, શેતાન કહે છે. શેતાનને રોકો, ભગવાનનું સમર્થન કરો અને આપ જાતે જ ઊંચા ઊઠો.

મિત્રો ! આ કોણે કહ્યું છે ? ગીતાકારે કહ્યું છે -ઉદ્ધરેદાત્મનાઽત્માનં નાત્માનમવસનાદયેત્. પોતાને જાતને ઉઠાવો, પોતાની જાતને નીચી ન પાડો. પોતાને કોણ નીચું પાડે છે ? અરે કોઈ નથી પાડતું, આપ સ્વયં પોતાને નીચે પાડો છો. ના સાહેબ, અમને પાડોશી હેરાન કરે છે અને પત્ની હેરાન કરે છે અને શેરીવાળા હેરાન કરે છે, માંદગી હેરાન કરે છે. કોઈ હેરાન કરતું નથી. આપ આપની પોતાની જાતને હેરાન કરો છો. આપને સ્વયં હેરાન કરનારું તત્ત્વ જ છે જે આપની સામે આવી જાય છે. આપ આપને પોતાને ઠીક કરો. આપ એક મિત્ર સાથે મિત્રતા કરી લો અને એક દુશ્મનનો આપ પીછો છોડાવી દો. અધ્યાત્મમાં કોણ મિત્ર છે અને કોણ દુશ્મન છે ? આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ અર્થાત્ આપ જ પોતાના દુશ્મન છો અને આપે જ પોતાના પગ પર કુહાડી મારી છે અને આપ જ હેરાન થાઓ છો. આપ જ ઉદ્ધરેત અર્થાત્ પોતાની જાતને ઠીક કરો, પોતાની જાતને સાચી સ્થિતિમાં લાવો.

## પોતાની જાતને બદલીએ

મિત્રો ! આપ પોતાની જાતને બદલી નાંખો, પછી જુઓ દુનિયા કેવી રીતે બદલાઈ જાય છે. સમગ્ર વાતાવરણ બદલાઈ જાય છે. આપ પોતાની આંખોમાં ચશ્માં બદલો, લીલાં ચશ્માં છોડો અને લાલ ચશ્માં પહેરો. પછી જુઓ, આખી દુનિયા લાલ થઈ જશે. આપની પાસે જે નેગેટીવ ચિંતન છે, અંતર્મુખી જીવન છે, સ્વાર્થમાં ઘેરાયેલું ચિંતન આપની ઉપર કબજો જમાવી બેઠું છે, તેને આપ ઠીક કરવાનું શરૂ કરી દો. પછી જુઓ, હું આપને ખાતરી આપું છું કે આપને ત્રણેય પ્રકારની સહાયતા મળશે. આપવા માટે ત્રણેય ઊભા છે. પહેલું - આપનું અંતઃકરણ, સિદ્ધિઓ આપવા માટે ઊભું છે. આપણી અંદર દિવ્ય શક્તિઓ છે, દિવ્ય ક્ષમતાઓ ભરેલી પડી છે અને હું આપને ઊંચા ઉછાળી શકું છું. આપની અંદરનું વર્ચસ્વ, આપની અંદરનો વૈભવ જાગી જાય, તો તે આપને ન્યાલ કરી દેશે. બીજું - સમાજના લોકો આપની આરતી ઉતારવા માટે ઊભા છે. આપ થોડા પ્રકાશવાન તો થાઓ, પછી જુઓ હું આપને કેટલા પ્રકારે સહાય કરું છું. સામાજિક જીવનમાં લોકો કેટલી મદદ કરે છે અને ત્રીજું - ભગવાનના. જીવનદેવતાનાં અનુદાન-વરદાન કેવી રીતે આપની ઉપર વરસે છે. આપના માટે દેવતાઓ ફૂલો ભરેલું વિમાન લઈને તૈયાર છે. આપ પોતાને બદલો તો ખરા, ઊંચા તો ઉઠાવો. દૈવી અનુદાન સતત આપની ઉપર વરસતાં જ રહેશે. આજની વાત સમાપ્ત.

❀ ❀ ❀


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ભારતભૂમિને તપોભૂમિ બનાવવાની વેળા આવી ગઈ

આ મિશન સાધનાના સશક્ત પાયા ઉપર ઊભું થયું છે. હિમાલયના ઋષિઓનું તપ એની સાથે જોડાયેલું છે. એનું પ્રત્યક્ષ પ્રમાણ છે, તે સૂક્ષ્મ શરીરધારી સદ્‌ગુરૂની સત્તા જે વસંત પર્વ ૧૯૨૬ની પાવન વેળામાં આપણા પરમ પૂજ્ય ગુરૂદેવની સાધના સ્થળીમાં પ્રજ્જ્વલિત રહેલ દીપકની આભામાંથી પ્રકટ થઈ. સદ્‌ગુરુ શ્રી સર્વેશ્વરાનંદજી મહારાજ હિમાલયથી પોતાના પ્રિય શિષ્યને, જે એમની સાથે જન્મ-જન્માંતરોથી જોડાયેલા હતા, તેમની ભાવિ ભૂમિકાના સંબંધમાં જ્ઞાન કરાવવા આવ્યા હતા. પાછલા જન્મોની જાણકારી કરાવી તેમણે પોતાના પ્રિય શિષ્યને, જેમની સાધનાના બીજાંકુર બહુ નાની ઉંમરમાં તેમના ક્રિયાકર્મોમાં પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થવા લાગ્યા હતા, ૨૪-૨૪ લાખના ૨૪ ગાયત્રી મહાપુરશ્ચરણ સંપન્ન કરવાનો નિર્દેશ કર્યો. આ વિશિષ્ટ મહા અનુષ્ઠાનના તપ-સંયમ પણ તેમણે બતાવ્યા. એ દરમ્યાન તેમણે શું કરવાનું છે, તે પણ બતાવ્યું.

શરૂઆત પર થયું. સ્થાપના સમયે આયોજિત ગાયત્રી મહાયજ્ઞ (જૂન ૧૯૫૩)માં આવેલ હિમાલયથી કન્યાકુમારી સુધીના ઋષિગણોના આશીષ તથા ત્રિયુગી નારાયણની શિવ-પાર્વતીની તપસ્થળીથી આવેલ અખંડ અગ્નિની સ્થાપના આ સ્થાનનું મહત્ત્વ બતાવે છે.

બાલ્યકાળમાં કયારેક નિહાળેલ તથા સંત શ્રી કાઠિયા બાબા દ્વારા ગુરુસત્તાને આપેલ દૃષ્ટિ દ્વારા તેમની ભવિષ્યની કાર્ય સ્થળી, ગાયત્રી તપોભૂમિની ભૂમિ પરમ વંદનીયા માતાજીના અતુલનીય ત્યાગ તથા ગુરુસત્તાના બ્રાહ્મણોચિત નિર્વાહથી બચેલ રકમથી ૧૯૫૨ની ગાયત્રી જયંતીના દિવસે ખરીદી હતી. ત્યારે તે એક બગીચાના રૂપમાં હતી. પાછળ યમુના નદી વહેતી હતી અને પેલે પાર દુર્વાસા ઋષિનો મેળો લાગતો હતો. સામે ચામુડા દેવીનું મંદિર હતું. દૂર-દૂર સુધી નીરવ-નિર્જન સ્થાન હતું. ધીરે-ધીરે નિર્માણ કાર્ય શરૂ થયું. ગાયત્રી સાધકોનું નિયમિત

## તપોભૂમિના સ્વર્ણ જયંતી વર્ષમાં ગુરૂસત્તાની મૂર્તિની સ્થાપના

**તપનો દસ્તાવેજ છે-તપોભૂમિ :-**

બધું જ એવું થતું ગયું. ક્રમવાર 'અખંડ જ્યોતિ'ની વિધિસર ૧૯૪૦ની શરૂઆતથી લઈ પરમ વંદનીયા માતાજીનો તેમના જીવનમાં પ્રવેશ સુધી તથા તેના પછી ૨૪ દિવસના જળ ઉપવાસ બાદ ૧૯૫૩માં ગાયત્રી તપોભૂમિની સ્થાપનાની સાથે આ અનુષ્ઠાનની મહા પૂર્ણાહુતિ સુધીની આપણી આરાધ્ય સત્તાની જીવનગાથા એક કઠોર તપશ્ચર્યાથી ભરેલ સમયનો એક દસ્તાવેજ છે. આ તપથી જ ગાયત્રી પરિવારનું નિર્માણ થયું. પૂરા ભારત તથા વિશ્વમાં ફેલાનાર એક ગાયત્રી આંદોલન ઊભું થયું, જેથી યુગ પરિવર્તન થઈ શકે. મહર્ષિ દુર્વાસા ઋષિની તપસ્થળીમાં નિર્મિત ગાયત્રી તપોભૂમિ એક સિધ્ધપીઠ છે. એક મહાયોગીની ૩૦ વર્ષની કર્મયોગીના સંબંધે ચાલેલી જીવન યાત્રા જીવતું જાગતું પ્રમાણ છે. ૨૪૦૦ તીર્થોના જળ-રજ સ્થાપના, સહસ્ત્રાંશુ જપથી લઈ કરોડો ગાયત્રી મંત્રલેખનની સ્થાપનાનું કાર્ય ગાયત્રી તપોભૂમિની વિધિસર

ટીપું-ટીપું અંશદાન આવવા લાગ્યું તથા વૃંદાવન રોડ પર એક નાનું-સૂનુ મંદિર તથા એક તપસ્થળી, જે આજના આકારથી લગભગ પાંચ ગણી નાની હતી, તે ઉભી થઈ ગઈ. ગાયત્રી માતાની મૂર્તિ પણ જયપુરથી આવી. હજારો સાધકોએ એ નિમિત્તે જપ કર્યા તથા હજારો લોકોથી મંત્ર લેખન કરાવ્યું. મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાની વેળાએ તેને મથુરા પહોંચાડવામાં આવ્યા. વધુ નહિ માત્ર ગણ્યા ગાંઠયા ૨૪૦૦ સાધકો, જેમાંથી કેટલાકે ૨૪ દિવસ તો નહીં પરંતુ બે કે ત્રણ દિવસના કે ૨૪ કલાકના ઉપવાસ પણ કરી પ્રાણ પ્રતિષ્ઠામાં ભાગ લીધો. બાર કુમારી કન્યાઓ દ્વારા પૂજા-અર્ચના વગેરે પ્રારંભિક કાર્યો કરાવ્યા તથા ગાયત્રી માતાના દર્શન માટે મંદિરના દરવાજા ખોલી દીધા. ૨૨ જૂન (૧૯૫૩ ગાયત્રી જયંતી)ની પાવન વેળામાં પરમ પૂજ્ય ગુરુદેવે પ્રથમ મંત્ર દીક્ષા પરમ વંદનીયા માતાજીને બાદમાં ૨૪ સાધકોને આપી. ત્યાર પછી તેમણે છાશ લઈ પોતાના જળ ઉપવાસ તોડયા તથા એક ઉદ્‌બોધનમાં ગાયત્રી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તપોભૂમિથી શરૂ થનાર અભિયાનને ભારત તથા વિશ્વમાં ફેલાવવા તથા બાદમાં તેને હિમાલયની છાયા તેમજ ગંગાની ગોદથી પરોક્ષ રૂપે સપ્ત ઋષિઓ દ્વારા સંચાલિત કરવાની ઘોષણા કરી. તેમણે એ પણ કહ્યું કે પૂરું વાતાવરણ જ ગાયત્રીમય બનશે તથા જોત જોતામાં વિચાર ક્રાંતિના માધ્યમથી લોકોના વિચાર બદલાતા જશે. ચારે બાજુ સદ્‌બુધ્ધિનું સામ્રાજ્ય સ્થાપિત થશે.

**સ્વર્ણ જયંતી વર્ષ : અત્યાર સુધીના તોલ-માપ :-**

આ સ્થાપનાની એક ઐતિહાસિક ઘોષણા કરી એક અભૂતપૂર્વ લગભગ ૨૬-૨૭ વર્ષ સુધી ચાલેલ કઠોર તપના સમાપનની અવધિને આ વર્ષ સ્વર્ણ જયંતી ઘોષિત કરવામાં આવ્યું છે. ૫૦ વર્ષ પહેલા આ પુરૂષાર્થ સંપન્ન થયો. ગાયત્રી મહાવિજ્ઞાન તથા યજ્ઞ વિધાનની રચના, આર્ષ ગ્રંથોનો પુનરુધ્દાર, ૧૯૫૮ના સહસ્ર કુંડીય ગાયત્રી મહાયજ્ઞની સાક્ષી રહેલ ગાયત્રી તપોભૂમિ રૂપી પ્રકાશ પુંજને પૂરા ભારતમાં વિસ્તારવાની, પૂરી ભારતભૂમિને તપોભૂમિ બનાવવાની વેળા હવે આવી ગઈ છે. પાછલા ૫૦ વર્ષોમાં ઐતિહાસિક કાર્ય આ સંસ્થાનથી બાદમાં ૧૯૭૧માં સ્થાપેલ શાંતિકુંજ ગાયત્રી તીર્થથી થયું છે. લાખો લોકોના જીવન બદલ્યા છે, વિચારોમાં પરિવર્તન આવ્યું છે, વ્યસનોથી મુક્તિ લઈ લોકોએ પોતાના જીવનને સૃજનમાં લગાવ્યું છે, વિવાહોમાં ખોટા ખર્ચાથી સમાજમાં છવાયેલ કુરીતિઓનો સામનો કરવા માટે એક સમર્થ સશક્ત આંદોલન તૈયાર થયું છે. સાધના, સ્વાસ્થ્ય, શિક્ષા, સ્વાવલંબન, પર્યાવરણ પ્રત્યે જાગરૂકતા, વ્યસન મુક્તિ, કુરીતિઓને દૂર કરવી તથા નારી જાગરણ જેવા સશક્ત મોર્ચા ઉભા થયા છે. અખંડ જ્યોતિ, યુગ નિર્માણ યોજના, યુગ શક્તિ ગાયત્રી પત્રિકાઓ દ્વારા લાખો વ્યક્તિઓના જીવનમાં આશાવાદી પ્રેરણાઓનો સંચાર થયો છે. મથુરાના યુગ નિર્માણ વિદ્યાલયથી લઈ હવે દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના નિર્માણ સુધી તથા ક્ષેત્ર સ્તરે યુગ નિર્માણ શાખા તથા યુગ સેનાથી લઈ પ્રજ્ઞા મંડળ, સ્વાધ્યાય મંડળ, શક્તિપીઠોના સંગઠન સુધી એક વ્યાપક પ્રચાર-પ્રસાર અભિયાન ચાલ્યું છે. આ બધી પ્રાપ્તિઓ એ તપની છે, જે અત્યારે પણ આપણી પાસે ગુરુસત્તાના ૨૪ મહાપુરશ્ચરણની પૂંજી તેમજ તેના સાક્ષી અખંડ દીપકના રૂપમાં દશ્યમાન છે.

**હવે આપણું કર્તવ્ય શું છે ? :-**

હવે આપણે બધા શિષ્યો, ગાયત્રી મહાશક્તિથી પ્રાપ્ત અનુદાનોથી લાભશાળી બનેલ પરિજનો, પત્રિકાઓના વાચકોનું એ કર્તવ્ય બને છે કે આપણે આ સ્વર્ણ જયંતી વર્ષમાં ગાયત્રી સાધના અભિયાનને દસગણી ગતિથી વધારીએ. કયારેક જગદ્‌ગુરુ રહેલ વિશ્વનાયક-માર્ગદર્શકની ભૂમિકા નિભાવનાર ભારતને તપોભૂમિ બનાવીને જ આપણે સાચા અર્થમાં ગુરૂ સત્તાની આ સ્થાપનાની સ્વર્ણ જયંતી મનાવી શકીએ છીએ. આ એક વર્ષમાં વિશેષ રૂપે ગાયત્રી મહામંત્ર લેખન અભિયાનને વધુ મહત્વ આપવું જોઈએ. ગાયત્રી મંત્રલેખન એક તપ છે તથા જપથી પણ વધુ પુણ્યદાયી છે. ૧૦-૧૦ હજાર મંત્રલેખનની ૨૪૦૦ શક્તિપીઠો, સાહિત્ય વિસ્તાર કેન્દ્રો તથા પ્રજ્ઞામંડળોમાંથી જો ૧૦૦૦ સ્થાનો પર પણ સ્થાપના થઈ જાય તો આ તપ વિભાજિત વિકેન્દ્રકૃત થઈ ભારતના ખૂણે-ખૂણે પહોંચી જશે. વિભિન્ન ભાષાઓમાં આ લેખન થઈ શકે છે તથા તેની સ્થાપના પોત-પોતાના કેન્દ્રો પર કરી પરિજન તેની સૂચના ગાયત્રી તપોભૂમિ તથા શાંતિકુંજ મોકલતા રહશે તો નિયમિત સંરક્ષણની વ્યવસ્થા કરવામાં આવશે. જેના દ્વારા આ પુરૂષાર્થ થયો છે, તે બધાને ગુરુસત્તાના સૂક્ષ્મ આશીષ પણ પહોંચાડી શકાય છે. એક હજાર સ્થાનોની સંખ્યા તો ઓછામાં ઓછી છે. જો એ દસગણી અથવા તેનાથી પણ વધુ થઈ શકે તો એટલું જ સાધના આંદોલન જન-જન સુધી પહોંચી શકશે.

**વિશિષ્ઠો-વરિષ્ઠોની જવાબદારી :-**

જે પરિજન આ અભિયાન ચલાવી રહ્યા છે, આ વર્ષે પોતાની પત્રિકા યુગ શક્તિ ગાયત્રીના ઓછામાં ઓછા ૫૦ સદસ્યો વધારી શકતા હોય તથા ઉપર બતાવેલ સાત આંદોલનોમાંથી કોઈ બે ઝડપથી ચલાવી તેના નિષ્કર્ષ આ વર્ષ પૂરું થતાં સુધીમાં પહોંચાડવાની સ્થિતિમાં હોય તેને વિશિષ્ટ પરિજન માનવામાં આવશે. તે કાર્યકર્તા સ્તરથી ઊંચા સાધક, સંગઠક, સમન્વયક, સમર્થ ગુરુસત્તાના તપની પૂંજીના ભાગીદાર હશે. જે જેટલી જવાબદારી નિભાવી શકતા હોય, ઓછામાં ઓછા ત્રણ મહિનાનું સમયદાન સ્થાનીય સ્તર પર અથવા કેન્દ્રમાં દરેક વર્ષે આપવાની સ્થિતિમાં હોય, તેમને શપથ સમારોહ સ્તરના એક આયોજનમાં ૨૦, ૨૧, ૨૨ ઓક્ટોબરે (શરદ પૂર્ણિમા) પોતાના સંકલ્પ લઈ તથા તપોભૂમિની સાક્ષીમાં પોતાના સંકલ્પ દોહરાવવા આવવાનું કહેવામાં આવી રહ્યું છે.

**ગુરૂ સત્તાની મૂર્તિ સ્થાપના તપોભૂમિમાં :-**

ગાયત્રી તપોભૂમિમાં, જ્યાં ગાયત્રી માતાની મૂર્તિની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બંને બાજુએ પૂજ્યવર તથા માતૃસત્તાના ચિત્ર સ્થાપિત છે ત્યાં હવે તેમની મૂર્તિની સ્થાપના કરાશે. સ્વર્ણ જયંતી વર્ષ અભિયાનના અંતર્ગત આ મૂર્તિ સ્થાપના શરદ પૂર્ણિમાની વેળામાં સવારે બ્રહ્મમુહૂર્તમાં થશે. અપવાદ રૂપે આ સ્થાપના માત્ર ગાયત્રી તપોભૂમિ મથુરામાં જ કરવામાં આવી રહી છે કેમકે આ સ્થાન યોગ્ય છે. શાંતિકુંજમાં પરમ પૂજ્ય ગુરૂદેવે પોતાની તથા માતાજીની સ્મૃતિમાં સજલ શ્રધ્ધા, પ્રખર પ્રજ્ઞા, દેવાત્મા હિમાલય તથા સ્મૃતિ ભવનનું નિર્માણ કરાવ્યું અને તે જ પ્રેરણા જન-જનને આપી. પરિજનોને પોતાને ત્યાં જ્ઞાન મંદિરોની, મંત્રલેખન પુસ્તિકાઓની, પંચદેવ (ગાયત્રી માતા-ગુરુદેવ-વંદનીયા માતાજી-દાદા ગુરુ-હિમાલય) મશાલના ચિત્રો તેમજ સ્મૃતિ ઉપવનોની સ્થાપનાનો ક્રમ જ ચલાવવો જોઈએ. વધુમાં વધુ સાહિત્ય જન-જન સુધી પહોંચે, તેનો પ્રયાસ કરવો જોઈએ. વધુમાં વધુ વ્યક્તિઓ સુધી મિશનની પત્રિકાઓ પહોંચે એમાં જ આપણા સાધન તથા સમય લાગવો જોઈએ. વધુને વધુ વ્યક્તિઓ સાધના અભિયાન સહિત સાતેય આંદોલનો સાથે જોડાય એવો પ્રયાસ કરવો જોઈએ.

શરદ પૂર્ણિમા (૨૧ ઓકટોબર ૨૦૦૨) એ થનાર મૂર્તિ સ્થાપના કાર્યક્રમ જન-આયોજન નથી. એ તો એક પાવન વેળામાં સ્વર્ણ જયંતી વર્ષમાં કરવામાં આવી રહેલી એક સ્થાપના છે તથા તે સુયોગનો લાભ લઈ સંકલ્પિત સાધકો દ્વારા લેવામાં આવનાર શપથ એક નિમિત્ત બની રહેલ છે. આ શપથ શરદ પૂર્ણિમાની સાંજે આયોજિત એક દીપયજ્ઞમાં લેવામાં આવશે. કાર્યક્રમ ૨૦, ૨૧, ૨૨ તિથિઓમાં સંપન્ન થશે. ૨૦ ઓકટોબરના બ્રહ્મમુહૂર્ત વેળાએ ૨૪ કલાકના અખંડ જપ વિધિવત કર્મકાંડ સાથે આરંભ થઈ જશે. એ દિવસે વિશાળ કળશ શોભાયાત્રા નીકળશે, બપોરે કાર્યકર્ત્તા ગોષ્ઠી થશે, જેમાં સંકલ્પો તથા સાત આંદોલનો વિષે વિસ્તારથી બતાવવામાં આવશે. સાંજે ઉદ્‌બોધન થશે. બીજે દિવસે પ્રાતઃ મૂર્તિ સ્થાપના કાર્યક્રમ પછી મંદિર દર્શન માટે ખુલ્લુ રહેશે. યજ્ઞ પછી દિવસમાં ખાસ ગોષ્ઠી થશે. સાંજે દીપયજ્ઞમાં શપથ લેવાશે. સાથે-સાથે મહત્ત્વપૂર્ણ ઉદ્‌બોધન પણ થશે. ત્રીજા દિવસે ૨૨ ઓકટોબર પ્રાતઃ યજ્ઞની પૂર્ણાહુતિની સાથે સ્વર્ણ જયંતી વર્ષમાં ભવિષ્યના ૮ માસમાં બીજું શું શું કરવાનું છે તે માર્ગદર્શન આપી કાર્યકર્ત્તા પોતાના ક્ષેત્રોમાં પાછા ફરશે.

**કેટલીક સાવધાનીઓ અને દિશા નિર્દેશ :-**

કારણ કે આ આયોજન માત્ર સંગઠક સ્તરે જવાબદારી ઉઠાવનાર કાર્યકર્ત્તાઓનું જ છે, ભીડ લઈને આવનાર બસોની રેલમછેલમાં અનગઢ લોકોને લઈ આવનાર દર્શનાર્થીઓને ન આવવા માટે બે હાથ જોડી વિનંતી કરવામાં આવે છે. મેળાનું રૂપ આપવામાં તપોભૂમિની ગરિમાને ઠેસ પહોંચશે તથા તે પ્રયોજન પૂરું થઈ શકશે નહિ. જેના માટે આ વર્ષ વિશિષ્ટ રૂપે મનાવવામાં આવી રહ્યું છે. આ સમારોહમાં નક્કી કરેલ (૧૦ હજાર) નિષ્ઠાવાન પરિજનોને બોલાવાયા છે, જે આગળ ચાલીને પોતાનું આખું જીવન ગુરુ કાર્ય માટે અર્પી શકે. હાલમાં કેટલીક શરતો રાખવામાં આવી છે, જેનો ખુલાસો ઉપર કરી દીધો છે. તપોભૂમિની આસપાસ રોકાવવાની વ્યવસ્થા સીમિત છે. જેટલી વ્યવસ્થા બની શકી છે, એટલા જ પ્રાણવાન કાર્યકર્ત્તા આ આયોજનમાં આવશે. જેઓ દર્શન માત્ર કરવા આવવાના હોય તે આ વર્ષમાં ગમે ત્યારે ગમે તે દિવસે ગાયત્રી તપોભૂમિ આવી એ લાભ લઈ શકે છે.

શરદ પૂર્ણિમાના દિવસે બધા પરિજન પોતાને ત્યાં સ્થાનીય સ્તર પર એક દીપયજ્ઞ આયોજિત કરી ગાયત્રી મહામંત્રલેખન સ્થાપના અભિયાનનો ક્રમ ચલાવી શકે છે. એક ગોષ્ઠી આયોજિત કરી સાત આંદોલનોને કેવી રીતે ક્રિયાશીલ કરવા જોઈએ તથા મહામંત્ર લેખન અભિયાન સહિત સ્વર્ણ જયંતી વર્ષમાં કેવી રીતે ભાગીદારી કરી શકાય, દેવ પરિવારો સાથે જોડાવવાની પ્રક્રિયા શું છે, આ વિષય પર બધાને જાણકારી આપી શકાય છે. પોતાના સંકલ્પ બધા પરિજનોએ પત્ર દ્વારા ઓકટોબરના પ્રથમ સપ્તાહ સુધીમાં ગાયત્રી તપોભૂમિ, મથુરા તથા શાંતિકુંજ હરિદ્વાર મોકલી દેવા જોઈએ. આ સંકલ્પોને કેવી રીતે પૂરા કરીશું એનો પણ તેમાં નિર્દેશ કરેલો હોવો જોઈએ.

પૂરી આશા તથા વિશ્વાસ છે કે ગાયત્રી તપોભૂમિની સ્થાપનાનું આ સ્વર્ણ જયંતી અભિયાન પોતાના લક્ષ્ય સુધી પહોંચશે તેમજ "ચંદન સી ઈસ દેશ કી માટી, તપોભૂમિ હર ગ્રામ હો" એ ઉક્તિને ચરિતાર્થ કરશે. (સફળ કરશે) આ લેખને બે વાર વાંચી આ અભિયાનમાં ભાગીદારી સુનિશ્ચિત કરશો. નિર્ધારિત મર્યાદાઓ તથા પ્રયોજનોને અનુરૂપ પહોંચનાર પરિજન પોતાની સાથે આવનાર વ્યક્તિઓની સંખ્યા તેમના નામ તથા યોગ્યતા, શું શપથ લેશે તે વિસ્તારથી શીઘ્ર ગાયત્રી તપોભૂમિના નામે લખી મોકલશો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

अपनो से अपनी बात

# ગુરૂ સત્તાના ચરણોમાં સમર્પિત હશે હીરાનીમાળા

વિશ્વમાં જ્યારે પણ મહત્ત્વપૂર્ણ સ્તરના સુધાર-સંશોધનના કાર્યક્રમ ચાલ્યા ત્યારે યુગ સમસ્યાઓનું સમાધાન શોધવામાં આવ્યું તો તે સંગઠનાત્મક પુરૂષાર્થ દ્વારા જ સંપન્ન થયું છે. સંગઠનની શક્તિ અપાર હોય છે, જેની સાથે સંઘબળ હોય છે, તેની પાછળ બીજા બળો એવી રીતે ફરે છે જેવી રીતે સૂર્યની આસપાસ નવ ગ્રહ પરિક્રમા લગાવે છે. ગાયત્રી પરિવાર રૂપી સંગઠન પોતાનું એક સ્થાન રાષ્ટ્રીય સ્તર પર રાખે છે, બધા માટે પ્રેરણાનું સ્ત્રોત બનેલું છે. આશાવાદનું પ્રતીક છે તથા એકવીસમી સદી-ઉજ્જવળ ભવિષ્યનો ઉદ્‌ઘોષ બધાને સ્પષ્ટ સંભળાય છે. પ્રસ્તુત વર્ષ સંગઠન-સશક્તીકરણ વર્ષ છે. આ પ્રક્રિયા સાધનાની ધરી પર ચાલતા ચાલતા એક લાંબી ૭૫ વર્ષની યાત્રા પૂરી કર્યા પછી કરવામાં આવી રહી છે. નિશ્ચિત આ પુરૂષાર્થમાં સાધના મુખ્ય છે તેથી સશક્ત થવાની સંભાવનાઓ સુનિશ્ચિત દેખાય છે.

પરમ પૂજ્ય ગુરૂદેવે 'અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર' રૂપી આ સંગઠનને આત્મીયતા-સંવેદના-મમત્વની ધરી પર ઊભું કર્યું છે તથા એક જ સંપદા તેના માટે પ્રયુક્ત કરી છે. એ સંપદા છે ભાવનાશીલોના સમયદાન. ગુરુસત્તાએ કહ્યું છે કે સમય જ જીવન છે તથા શ્રમ જ વૈભવ છે. ત્યાગ-બલિદાનના સઘન ભાવ-શ્રધ્ધાના બળે તેમણે જન-જનનો સમય માંગ્યો તથા એક વિરાટ વ્યાપક તંત્ર ઊભું થઈ ગયું. નિશ્ચિતરૂપે આ પૂરા મહાપુરૂષાર્થમાં ગુરૂસત્તાના તપે મુખ્ય ભૂમિકા નિભાવી. તેમણે પોતાના ભાગીરથી તપની સાથે લાખો સાધકોના તપ જોડી દીધા તથા જોત જોતામાં સાંસ્કૃતિક નવ જાગરણને સંકલ્પિત, લોકમાનસનો સુધાર તથા સત્પ્રવૃત્તિ સંવર્ધનની યોજનાવાળી એક જનમેદની ભેગી થતી ગઈ. પરમ પૂજ્ય ગુરૂદેવનું સંગઠનાત્મક માર્ગદર્શન તથા પરમ વંદનીયા માતાજીનો આત્મીયતાભર્યો સ્પર્શ પામી આ સંગઠન વિરાટ સ્તરે પહોંચી ગયું. તેના દ્વારા દેવ સંસ્કૃતિ દિગ્વિજયના આશ્વમેધિક, વાજપેય સ્તરના મહાપુરૂષાર્થ સંપન્ન થયા. બે વિરાટ મહાપૂર્ણાહુતિઓ યુગ સંધિ મહાપુરશ્ચરણ માટે આંવલખેડા (૧૯૯૫) તથા હરિદ્વાર (૨૦૦૦)માં સંપન્ન થઈ, જેમાં લાખો ભાવનાશીલોની ભાગીદારી રહી.

હવે આ વર્ષની ગુરુપૂર્ણિમાની વેળામાં આપણે સંગઠનના સશક્તીકરણની મધ્યવેળામાંથી પસાર થઈ રહ્યા છે. એને કરવા માટે આપણે પ્રખર સાધના વર્ષ, મહાપૂર્ણાહુતિ વર્ષ તથા હીરક જયંતી વર્ષ જેવા ત્રણ અનુષ્ઠાન પાછલા ત્રણ વર્ષોમાં કર્યા છે. હવે પૂરા ભારત તથા વિશ્વના સંગઠનાત્મક એકીકરણ આ વર્ષે કરવા જઈ રહ્યા છીએ જે બે વર્ષના ગાળામાં પૂરા થઈ જશે. આ પ્રક્રિયા અંતર્ગત વિકસિત, અર્ધ વિકસિત તથા અવિકસિત ક્ષેત્રને મેળવીને પૂરા ભારતને છઃ જોનમાં (ભાગમાં) વહેંચ્યા છે, જેથી એક વિરાટ મંથન આ છ ક્ષેત્રોમાં કેન્દ્રના માર્ગદર્શન દ્વારા સમયદાનીઓની ફોજના માધ્યમથી સંભવી શકે. આ છ જોન એ આધારે વહેંચ્યા છે કે પ્રત્યેકમાં કંઈક વિકસિત, સમર્થ સમયદાનીઓથી ભરેલ ક્ષેત્ર હોય, શક્તિપીઠો હોય કે કેન્દ્રનું તંત્ર હોય. વિકસિત ક્ષેત્રથી સમયદાનીઓની, પૂર્તિ થતી રહે તથા તેમના કેન્દ્ર-શક્તિપીઠો પ્રશિક્ષણ શિવિરોની છાવણીઓની ભૂમિકા નિભાવતી રહે. આ છ જોન આ પ્રમાણે છે :-(૧) હૈદરાબાદ-નાગપુર જોન-આ જોનના અંતર્ગત મહારાષ્ટ્ર (૩૪ જિલ્લા), આંધ્રપ્રદેશ (૨૩ જિલ્લા), તમિલનાડુ (૨૪ જિલ્લા), કર્ણાટક (૨૦ જિલ્લા), કેરલ (૧૪ જિલ્લા), ઓરિસા (૨૯ જિલ્લા), છત્તીસગઢના દસ જિલ્લા તથા મધ્ય પ્રદેશના દક્ષિણી ભાગના છ જિલ્લા સામેલ કરવામાં આવ્યા છે. કુલ મળીને ૧૬૦ જિલ્લાવાળો આ જોન સૌથી અધિક તથા મોટો છે. આમાં ઓરિસા, છત્તીસગઢ તથા મધ્ય પ્રદેશના દક્ષિણી જિલ્લા, મહારાષ્ટ્રના વિકસિત ક્ષેત્રના ઉત્તરીય તથા મધ્ય ભાગના જિલ્લા, મુંબઈ ક્ષેત્ર તથા આંધ્રના નવ વિકસિત ક્ષેત્ર પ્રશિક્ષણ કેન્દ્રોની તથા સમયદાનીઓની પૂર્તિ મહત્વની ભૂમિકા નિભાવશે. જ્યાં મિશન પાછલા કેટલાય વર્ષોથી સક્રિય છે, ત્યાં હવે પ્રશિક્ષક તથા ક્ષેત્રીય સમયદાની. બે સ્તરોના કાર્યકર્તાઓના નિર્માણ તથા સુનિયોજનનું તંત્ર ઊભું કરવાનું છે. આનાથી આપણે દૂર દક્ષિણ સુધી પહોંચી શકીશું તથા ૨૦૦૫માં કન્યાકુમારીમાં એક વિશાળ સ્તરનો કાર્યક્રમ સંપન્ન કરી શકીશું. આ પૂરા જોનના વર્તમાનમાં બે કેન્દ્ર નાગપુર તથા હૈદરાબાદ બનાવ્યા છે બાદમાં તેના આઠ-દસ ઉપકેન્દ્ર પણ બનાવી શકાય છે.

(૨) ટાટાનગર-સિલીગુડી જોન-આ જોન પણ ઘણો મોટો છે. એમાં કુલ ૧૦૫ જિલ્લા છે. ઉત્તર-પૂર્વના બધા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ક્ષેત્ર સહિત લગભગ દસ પ્રાંત તથા ભૂતાન-નેપાલ રાષ્ટ્રોનું પ્રતિનિધિત્વ પણ એ કરે છે. એમાં ઝારખંડના ૧૮ જિલ્લા, પશ્ચિમી બંગાળના ૧૭ જિલ્લા, આસામના ૨૫ જિલ્લા, અરૂણાચલ પ્રદેશના ૧૩ જિલ્લા, મણિપુરના ૮ જિલ્લા, મિજોરમના ૨, નાગાલેન્ડના ૭, ત્રિપુરાના ૩, મેઘાલયના ૫, સિક્કિમના ૪ તથા ભૂટાનના ૭ જિલ્લા સહિત બિહારના પૂર્વી ભાગના ૪ જિલ્લા સંમિલિત કર્યા છે. સાથમાં નેપાળના પૂર્વી ભાગના ૨ જિલ્લા પણ લઈ લીધા છે. ઝારખંડના ટાટાનગર ક્ષેત્ર તથા પશ્ચિમી બંગાળના સિલિગુડીને આ યોજનાના પ્રશિક્ષણ-કેન્દ્ર-છાવણી બનાવ્યા છે. બિહાર તથા ઝારખંડના જાગ્રત ક્ષેત્રો તથા પં. બંગાળના કલકત્તા (દક્ષિણી ભાગ) તથા સિલીગુડી (ઉત્તરી ભાગ)થી સમયદાનીઓની પૂર્તિ કરવામાં આવશે. બાદમાં તિનસુકિયા, જીરો, ગુવાહાટી, અગરતલા તથા ગ્રામીણ બંગાળમાં ઉપકેન્દ્ર બનાવી શકાય છે.

**(૩) શાંતિકુંજ-મોહાલી (ચંડીગઢ) જોન :-** આ ઉત્તર-પશ્ચિમ સીમાથી જોડાયેલ મોટું વ્યાપક ક્ષેત્ર છે. એમાં પણ લગભગ ૮૪ જિલ્લા આવે છે. આ ક્ષેત્ર જ્યાં ઉત્તરાંચલની હિમાલયથી લાગેલ સીમાઓને સ્પર્શે છે, ત્યાં દિલ્લી તથા પશ્ચિમી ઉત્તર પ્રદેશના સાત જિલ્લાઓને પણ પોતાના ઘેરાવામાં લીધા છે તથા પાકિસ્તાનથી લાગેલ સીમા સુધી ફેલાયેલ છે. એમાં ઉત્તરાંચલના ૧૩ જિલ્લા, જમ્મુ-કાશ્મીરના ૧૪ જિલ્લા, પંજાબના ૧૪, હરિયાણાના ૧૯, હિમાચલના ૧૪ તથા રાજસ્થાનના હનુમાનગઢ-શ્રીગંગાનગર સહિત ૨ જિલ્લા તથા દિલ્લી (આખા રાજ્ય સહિત) પશ્ચિમી ઉત્તર પ્રદેશના ૭ જિલ્લા છે. શાંતિકુંજ તથા મોહાલી શક્તિપીઠ (ચંડીગઢ)ને હમણાં તેનું કેન્દ્ર બનાવ્યું છે. બાદમાં કુરુક્ષેત્ર, નોયડા, જમ્મુ, સિમલા ધર્મશાળા, હલ્દ્વૌડ વગેરેમાં તેના ઉપકેન્દ્ર ખોલવામાં આવશે.

**(૪) ચિત્રકૂટ-આંવલખેડા જોન :-** આ મધ્ય ભારતવર્ષનું ક્ષેત્ર છે, જ્યાં મિશન મોટા વ્યાપક રૂપમાં ફેલાયેલું છે, પરંતુ ગામે-ગામ પહોંચવા માટે વ્યાપક પુરૂષાર્થ રચનાત્મક સ્તરે જરૂરી છે. એમાં કુલ ૧૧૨ જિલ્લા છે, પણ તેમાં મોટા ભાગે વિકસિત ક્ષેત્ર છે. એમાં ઉત્તર પ્રદેશના ૫૧ જિલ્લા (તરાઈ તથા પશ્ચિમી છોડીને) મધ્ય પ્રદેશના ૩૫ જિલ્લા (દક્ષિણ તથા પશ્ચિમ ભાગના) તથા છત્તીસગઢના ૬ જિલ્લા (ઉત્તર ભાગના) સામેલ કરેલ છે. હમણાં ચિત્રકૂટ તથા આંવલખેડાને તેના કેન્દ્ર બનાવ્યા છે. પરંતુ પછી પટના, કોરબા, ભોપાલ, ગુના, જબલપુર વગેરે ઉપકેન્દ્ર બનાવી શકાશે.

**(૫) બસ્તી-મુજફ્ફરપુર જોન :-** એમાં નેપાળના બધા જ ૬૪ જિલ્લા, ઉત્તર પ્રદેશના તળેટી ક્ષેત્રના ૧૧ જિલ્લા તથા ઉત્તર બિહારના પાંચ જિલ્લા આ રીતે કુલ ૮૦ જિલ્લા લીધા છે તથા બસ્તી (ઉ.પ્ર.) તથા મુજફ્ફરપુર (બિહાર)ને જોનલ કેન્દ્ર બનાવ્યું છે. પછીથી સહરસા, ગોરખપુર, અયોધ્યા, બહરાઈચને પણ ઉપકેન્દ્રોના રૂપમાં વિકસિત કરી શકાશે.

**(૬) અમદાવાદ-ગાંધીધામ-પુષ્કર જોન :-** આ પણ મોટુ સઘન તથા મિશનના પ્રભાવની દષ્ટિએ મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર છે, જ્યાં ઘણાં કાર્યો થઈ ચૂકયા છે. એમાં રાજસ્થાનના ૨૯ જિલ્લા તથા ગુજરાતના ૨૫ જિલ્લા સહિત દક્ષિણ-પશ્ચિમ-મધ્ય પ્રદેશના ૬ જિલ્લા લીધા છે. એના ત્રણ ક્ષેત્રની વિરાટતા તથા સઘનતાને જોઈને બનાવ્યા છે. અમદાવાદ (ક્રાંતિકુંજ), ગાંધીધામ (કચ્છ) તથા પુષ્કર (અજમેર) પછીથી કાયાવરોહણ, મહેસાણા, અમરેલી, સુરત, ચુરૂ, જોધપુર, રાજસમંદ તથા કોટાને પણ ઉપકેન્દ્ર બનાવી શકાશે. એમાં દક્ષિણ-પશ્ચિમ, મ.પ્ર.ના ૬ જિલ્લાના તથા ગુજરાત-રાજસ્થાનના સક્રિય ક્ષેત્રોના પ્રાણવાન કાર્યકર્તા મુખ્ય વ્યક્તિ બનશે તથા પૂરા ક્ષેત્રનું સંગઠનાત્મક મંથન કરવામાં આવશે. આ પૂરા જોનમાં ૬૦ જિલ્લા છે.

રણનીતિ એ છે કે ગામ-તાલુકા તથા જિલ્લા સ્તરે એક પ્રામાણિક તંત્ર બને, જે જોન તથા શાંતિકુંજ સાથે સીધો સંબંધ રાખે. શાંતિકુંજના વરિષ્ઠ કાર્યકર્ત્તા આ પ્રારંભિક નિર્ધારણ (માર્ચ છેલ્લું સમાહ) પછી એક વર્કશોપ કરી ક્ષેત્રોના મુખ્ય મંથન કાર્યક્રમ માટે કાઢવામાં આવ્યા છે. તે રણનીતિ બનાવીને લાવશે તથા સ્થાપિત કરવામાં આવનાર કેન્દ્રોની બધી વ્યવસ્થાઓની સમીક્ષા કરશે. પછી તેની સાથે બાર-બાર કેન્દ્રીય સહનાયક સ્તરના પ્રતિનિધિ ત્રણ-ચાર માસ માટે આ કેન્દ્રો પર બેસશે તથા પોતાની સાથે બાર મહિના અથવા ઓછામાં ઓછા ચાર મહિનાના ક્ષેત્રીય સમયદાનીઓ લઈ પૂરા ક્ષેત્રનું મંથન કરી પ્રશિક્ષણ સત્રોમાં ભાગીદારી કરશે. શક્તિપીઠ, રચનાત્મક ટ્રસ્ટ, જિલ્લા સમન્વય સમિતિ, પ્રજ્ઞા મંડળ, મહિલા મંડળમાં પારસ્પરિક સમન્વય સ્થાપિત થાય તથા એક સશક્ત સંગઠનનું સ્વરૂપ પ્રત્યેક ક્ષેત્રમાં બને, એ તેનું લક્ષ્ય હશે. આશા રાખવી જોઈએ કે આ મહાપુરૂષાર્થ મિશનને વિરાટ-વ્યાપક તથા સુવ્યવસ્થિત બનાવશે, જેથી આપણે ગુરુસત્તાના ચરણોમાં હીરાની માળા ભેટ ધરી શકીએ. ●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

છીપડી ગાયત્રી શક્તિપીઠ છીપડી દ્વારા દર વર્ષે ખૂબ જ ઓછી ફી લઈને સમૂહ લગ્નોનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે તા. ૨-૫-ના રોજ ૪૨ જેટલા યુગલોએ પોતાના દામ્પત્ય જીવનનો ગુરૂદેવ-માતાજીની સૂક્ષ્મ હાજરીમાં પ્રારંભ કર્યો. આ પ્રસંગે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી સુંદરસિંહ ચૌહાણ, ભૂતપૂર્વ સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણ, ધારા સભ્ય શ્રી રામસિંહ પરમાર હાજર રહ્યા હતા. સ્થાનિક વતની માજી ધારાસભ્ય શ્રી દિલીપસિંહ ઠાકોરે પણ પોતાની દીકરીને સમૂહ લગ્નમાં પરણાવી આ વિસ્તારમાં નવો રાહ ચીંધ્યો હતો. દાતાઓ તરફથી દીકરીઓને ઘણી ભેટો આપવામાં આવી હતી. યુગલોએ વ્યસન મુક્તિના સંકલ્પ લીધા હતા. આ સમૂહ લગ્નને સફળ બનાવવા શાખાના પરિજનોએ ખૂબ મહેનત કરી હતી. અંતમાં સૌને ગાયત્રી પુસ્તકોના સેટ આપવામાં આવ્યા હતા.

બારડોલી બારડોલી ક્ષેત્રમાં અવારનવાર (૨૮) જેટલા ''ધાર્મિક પરિવારો''ના કાર્યક્રમો વિશેષ રૂપથી થતા રહે છે. સમગ્ર વર્ષ દરમ્યાન સુવ્યવસ્થિત રીતે-પરિજનો પ્રચાર કરી રહ્યા છે.

હાલની અશાંત પરિસ્થિતિને, શાંત કરવા માટે-મનને પરિશુધ્ધ કરી હૃદયને નિર્મળ બનાવની ખાસ જરૂર હોય ''શિવ ગાયત્રી'' મંત્રના જપ તથા (૧૦૮) આહુતિ આપવામાં આવી હતી. ઉપરાંત ''પ્રભુ ત્રિભુવન મે-શાંતિ કીજીએ, શાંતિ કીજીએ''ના ''સામૂહિક શાંતિપાઠ'' કરવામાં આવ્યા હતા.

ડાકોર શ્રી આંતરરાષ્ટ્રિય પુષ્ટી માર્ગીય વૈષ્ણવ પરિષદ ડાકોર શાખા દ્વારા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ૫૨૫ માં જન્મદિન નિમિત્તે સમગ્ર ઠાસરા તાલુકા લેવલે વકતૃત્વસ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં વેદમાતા ગાયત્રી વિદ્યા મંદિર ડાકોરના શિક્ષક અશોકભાઈ વી. ડોડિયાના માર્ગદર્શન હેઠળ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં ભૂમિકા એચ. પટેલ અને ક્ષેત્રા આર. મકવાણા નિબંધ સ્પર્ધામાં પ્રથમ સ્થાને વિજેતા બન્યા હતા. તથા વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાને ઉજજવળ ડી. રાઉલજી અને દ્વિતીય સ્થાને ધ્વનિ એચ. શાહ વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યું હતું.

શ્રી ગાયત્રી ચે. ટ્રસ્ટના પ્રમુખ આર. પી. પટેલે તમામ ટ્રસ્ટીગણ, શિક્ષકગણ અને શાળાના આચાર્ય પારસભાઈ શાહે વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા.

ડીસા યજ્ઞશાળામાં યજ્ઞનારાયણ દેવ, સપ્ત ઋષિ મુનિઓ-ભગીરથ, વિશ્વામિત્ર, યાજ્ઞવલ્ક્ય, વાલ્મીકી, વશિષ્ઠ, ચરક, પરશુરામ અને હનુમાનજીની મૂર્તિઓની શાસ્ત્રોક્ત વિધિવિધાન દ્વારા સ્થાપના, પૂજન, અર્ચના કરવામાં આવેલ. આ દિવ્ય આધ્યાત્મિક પ્રસંગે શાંતિકુંજના પ્રતિનિધિ શ્રી જયંતિલાલ કાજી તથા પ્રજ્ઞેશભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહીને ધ્યાન ખંડમાં ૨૪ કલાકના ગાયત્રી મંત્રનાં અખંડ જપ, ષોડશો સંસ્કાર વિધિ વિગેરે પુણ્ય કાર્ય સાથે ગાયત્રી મંદિર ડીસાની દિવ્ય તપોભૂમિમાં વેદોક્ત મંત્રોચાર સાથે ભાવિક ભક્તોના શ્રધ્ધા, વિશ્વાસ, નિષ્ઠાના ત્રિવેણી સંગમનો લાહવો હાજર રહેલ ભક્તોએ લીધો હતો. આ દિવ્ય પાવન પ્રસંગોની વેળાએ તા. ૧૮મી જુનના રોજ ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ ગાયત્રી મંદિરથી થયો હતો. આ શોભાયાત્રામાં હજારોની સંખ્યામાં બાળાઓ, બહેનો, યુવાનો જોડાયા હતા. મંત્રપોથી, જવેરાના કુંડાં અને ધર્મધજા સાથે ડીસા નગરના જાહેર માર્ગો ઉપરથી પસાર થતી યાત્રા નગરની શોભા અને શાનમાં વધારો કરતી હતી. વિરાટ મીશનના એક કાર્યના ભાગ રૂપે ગાયત્રી શક્તિ પીઠ ડીસા ખાતે તા. ૨૦/૬/૦૨ ના રોજ નવીન યજ્ઞશાળાનો પ્રારંભ લોક કલ્યાણ અર્થે કરવામાં આવતા ધર્મ પ્રેમી ભાઈ-બહેનો કીડીયારાની માફક ઉમટી પડયા હતા. હજારો ભાઈ-બહેનો એ યજ્ઞ કાર્યમાં આહુતિ આપીને ધન્યતા અનુભવી હતી. સંસ્કાર ભવનમાં બહેનોએ પુસંવન, બાળકોના નામકરણ, મુંડન, વિદ્યારંભ તેમજ મંત્ર દીક્ષા સંસ્કાર સાથે ૧૫૦ કરતાં પણ વધુ સંખ્યામાં સંસ્કાર કરાવવામાં આવેલ. નગરના નામી-અનામી સદ્ગૃહસ્થો દ્વારા જરૂરી હુંફ મળતા કાર્યને સફળતા મળી. ઈલેક્ટ્રોનીક મીડીયા, પ્રીન્ટ મીડીયા અને સ્થાનિક પત્રકાર મિત્રોએ પ્રચાર કાર્યમાં મદદ રૂપ બન્યા હતા. દિવ્યતામાં વધારો કરવામાં હર-હંમેશ પ્રયત્નશીલ પરિજન ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવીને શુભ કાર્યને પ. પૂ. ગુરૂદેવના ચરણ કમલમાં અર્પણ કરેલ. સહુ કોઈનો આભાર માનીને ગાયત્રી પરિવાર ડીસાના અગ્રણી શ્રી હરીશભાઈ જોષીએ સદ્કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયેલ જાહેર કર્યું હતું. ચેતના કી શિખર યાત્રા ૩૦૦ પુસ્તકો વિના મૂલ્યે બ.કાં/ ગુજરાતના વરિષ્ઠ કાર્યકરો-પ્રબુધ્ધ વ્યક્તિઓને પૂ. પંડિતજીને ભાવ શ્રધ્ધાંજલિ રૂપે ''જ્ઞાન સરિતા'' યોજના દ્વારા આપવા સંકલ્પ કર્યો.

વિસનગર ગાયત્રી પરિવાર, ગાયત્રી પ્રજ્ઞાપીઠ વિસનગર દ્વારા તા. ૧-૬-થી ૪-૬ દરમ્યાન શ્રીમદ્ પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાસપીઠ પરથી કથાનું રસપાન સંગીતમય અને ભાવભરી શૈલી થી શ્રીમતી રશ્મિબેન બી. પટેલ (ડભોઈ વાળાએ) કરાવ્યું હતું. કથા દરમ્યાન ૩૦૦ પ્રજ્ઞા પુરાણના સેટ માટે બ્રહ્મભોજ કરવામાં આવ્યું હતું. ચાર દિવસ ગાયત્રી પ્રજ્ઞાપીઠ દ્વારા તમામ સાહિત્ય બ્રહ્મભોજ રૂપે વેચવામાં આવ્યું હતું. શહેર અને તાલુકાના ધર્મ પ્રેમી ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં કથા શ્રવણ કર્યું હતું. ચોથા દિવસે દીપયજ્ઞ દ્વારા કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

વડોદરા-પૂ. લીલાપતજીને શ્રધ્ધાંજલી રૂપે તા. ૨૬-૫-૨૦૦૨ નાં રોજ રક્તદાન શિબર માંજલપુર સાહિત્ય કેન્દ્ર ઉપર યોજી હતી. જેમાં ૪૫ બોટલ રક્તદાન થયું-વડોદરામાં કોમી હુલ્લડો દરમ્યાન ખૂબજ રક્તપાત થયું, તો કોઈકનાં જીવનની યુવા દોરી ગઈ. આવા સમયે રક્તદાન પૂ. પંડિતજીનાં ચરણોમાં સમર્પિત થતા મિશન પ્રત્યે સદ્ભાવના વધી છે. વિશેષમાં ગાયત્રી જયંતીના શુભ દિનથી સાહિત્ય કેન્દ્ર દ્વારા મંત્રલેખન (મથુરાવાળી)નોટ બુક પણ બ્રહ્મભોજમાં આપવા નક્કી કર્યું છે. તેમજ ૨૪ લાખ મંત્રલેખન કરાવવાનો સંકલ્પ સમર્પિત કરેલ છે. સાથે રૂા-૫૧૦૦૦નું વિશેષ સાહિત્ય બ્રહ્મભોજ અંતર્ગત વિતરણ કરવાનો સત્ સંકલ્પ કરેલ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

R. N. I. 23434/71 YUG SHAKTI GAYATRI GUJARATI MONTHLY REGD.No. AG/MTR-39 Licenced to post without Prepayment LICENCE-AG/MTR-01





દીપ પ્રજ્જવલિત કરી માતા સરસ્વતી શિબિરનો
શુભારંભ કરતા શ્રી મૃત્યુંજય શર્મા

વિદ્યાર્થીઓ માટે આયોજિત માતા સરસ્વતી
શિબિરમાં ઉપસ્થિત વિદ્યાર્થી



કેન્દ્રીય જેલ, રાયપુરમાં નશા નિવારણ અભિયાન



રેલ્વે થાના સ્ટેશન, રાયપુરમાં વ્યસન મુક્તિ સંદેશ
સાંભળતા પોલીસ અધિકારી

માલિક યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરા માટે મૃત્યુંજય શર્મા દ્વારા પ્રકાશિત તથા યુગ નિર્માણ પ્રેસ મથુરામાં મુદ્રિત અને
યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરાથી પ્રકાશિત-સંપાદક ડૉ. પ્રણવ [illegible], સહ સંપાદક-ઘનશ્યામભાઈ પટેલ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.